શ્રી જિનાગમવિસ્તાર.

અને

આગમપ્રકાશનને અંગે કેટલાક વિચારો.

શ્રી જિનાગમપ્રકાશકસભા,

અમદાવાદ.

THE JAINAGAM PUBLISHING SOCIETY.

શ્રી જિનાગમ પ્રકાશક સભા.

એક વિનંતિ.

૧. શ્રી જૈન માર્ગના સર્વ સંપ્રદાયોના મુનિ મહારાજો, યતિરાજો, ભંડારરક્ષકો અને ઉપાશ્રયોના વ્યવસ્થાપક મહાશયોને વિનંતિ કરવાની કે, આ સભાએ શ્રી જિનાગમો, મૂળ માગધી પાઠ, તેનું દેશ ભાષામાં ભાષાંતર, ટીકા અને તેનું ભાષાંતર કરાવી બહાર પાડવાની જે યોજના કરી છે તે યોજનાને અનુસરી, સભાનો ઉદ્દેશ એવો છે કે, જેટલી હસ્ત લેખિત પ્રતો એકઠી થાય તેટલી એકઠી કરી, તે પરસ્પર મેળવી જેમ બને તેમ શુદ્ધ સંશોધન કરાવવું, કે જેથી તે પવિત્ર શાસ્ત્રોના પ્રણેતા પુરૂષોનો શુદ્ધ આશય અખંડ રહી શકે.

૨. હાલમાં અમોએ પહેલું હાથ ધરેલું આગમ શ્રી ભગવતીજી છે. તેનાં મૂળ સૂત્રો, શ્રી અભયદેવસૂરિ મહારાજની ટીકાની પ્રતો અને ગુજરાતી બાળાવબોધ અને ટબ્બાઓ શ્રી દાનશેખર ઉપાધ્યાયની લઘુવૃત્તિ ચૂર્ણિ જે મહાશયો પાસે હોય તે મહાશયો જો અમને કૃપા કરી પૂરાં પાડવામાં પોતાનું કર્ત્તવ્ય સમજશે, તો આ આગમનું સંશોધન અનુપમ થઇ શકશે અને એ રીતે તેઓ આ મહાન્ કાર્યના એક રીતે ઉત્તેજક બનશે.

૩. વળી, સર્વ સંપ્રદાયોએ પોતાના અર્થો સંબંધીના હકકો જાળવવાની ખાતર પણ પ્રતો પુરી પાડવાની વિનંતિ છે.

૪. જેઓ આખી પ્રતો એકી વખતે આપવા ખુશી ન હોય તેઓ થોડાં થોડાં પાનાઓ મોકલતાં જશે, તોપણ ચાલશે.

સેવક,

મ૦ ર૦ મેહતા.

Published by Mr. Mansukhlal Ravjibhai Mehta, Honorary Secretary, The Jainagam Publishing Society, Manekchok,--Ahmedabad.
and Printed by Sankalchand Harilal at Satya Vijaya P. P. Ahmedabad.
Edition 1st. Copies 3000. 1913 Price Free.

જિનાગમવિસ્તાર

અને

આગમ પ્રકાશનને અંગે કેટલાક વિચારો.

પીસ્તાલીશ આગમોનાં નામ અને તેનાં પૂર.*

જૈનધર્મમાં આપ્તવાક્યરૂપ ગણાતાં ૪૫ આગમો છે. તેમનાં નામ, મૂળ શ્લોક સંખ્યા, તેપર આચાર્યોએ રચેલી બૃહદ્વૃત્તિ, લઘુવૃત્તિ, નિર્યુક્તિ, ભાષ્ય વગેરે શ્લોકની સંખ્યા- સાથે વાચક વર્ગના લાભાર્થે અત્રે નિવેદન કરવામાં આવે છે.

શ્રી સુધર્માસ્વામિકૃત અગ્યાર અંગ.

૧. **આચારાંગ સૂત્ર.** અધ્યયન ૨૫. મૂળ શ્લોક સંખ્યા ૨,૫૦૦ તેનાપર **શીલાંગાચાર્યે** રચેલી ટીકા ૧૨,૦૦૦ શ્લોક, ચૂર્ણિ ૮,૩૦૦ તથા ભદ્રબાહુ સ્વામિએ કરેલી નિર્યુક્તિ ગાથા ૩૬૮, શ્લોક ૪૫૦ (તે પર ભાષ્ય કે લઘુવૃત્તિ નથી.) સંપૂર્ણ શ્લોક સંખ્યા ૨૩,૫૦૦ છે.

૨. **સૂત્રકૃતાંગ સૂત્ર.** શ્રુતસ્કન્ધ ૨, અધ્યયન ૨૩, મૂળ શ્લોક સંખ્યા ૨,૧૦૦, તેના પર શીલાંગાચાર્યે રચેલી ટીકા ૧૨,૮૫૦ શ્લોક, ચૂર્ણિ ૧૦,૦૦૦, તથા ભદ્રબાહુ સ્વામિએ કરેલી નિર્યુક્તિ ગાથા ૨૦૮, શ્લોક ૨૫૦ (ભાષ્ય નથી) સંપૂર્ણ સંખ્યા ૨૫,૨૦૦ છે. સંવત ૧૫૨૩ માં શ્રીહેમવિમલસૂરિએ **દીપિકા** ટીકા બનાવી છે. પણ તે પૂર્વાચાર્યોની ગણત્રીમાં નથી.

૩. **સ્થાનાંગ સૂત્ર.** અધ્યયન (ઠાણા) ૧૦, મૂળ શ્લોક સંખ્યા ૩,૭૭૦ આ પર સંવત ૧૧૨૦ માં **અભયદેવસૂરિએ** ટીકા બનાવી છે. જેનું માપ ૧૫,૨૫૦ શ્લોકનું છે. સંપૂર્ણ સંખ્યા ૧૯,૦૨૦ છે.

૪. **સમવાયાંગ સૂત્ર.** (૧૦૦ સુધી સમવાય મલે છે). મૂળ શ્લોક સંખ્યા ૧,૬૬૭, આ પર અભયદેવસૂરિએ ટીકા રચી છે. જેનું માપ ૩,૭૭૬ શ્લોક પ્રમાણ છે. પૂર્વાચાર્યે રચેલી ચૂર્ણિ-૪૦૦. સંપૂર્ણ સંખ્યા ૫૮૪૩ છે.

૫. **ભગવતી સૂત્ર.** (વિવાહ પન્નતિ) શતક ૪૧. મૂળ શ્લોક સંખ્યા ૧૫,૭૫૨. તે પર અભયદેવસૂરિએ ટીકા રચી છે, જે દ્રોણાચાર્યે શોધી છે. તેનું પ્રમાણ ૧૮,૬૧૬. પૂર્વાચાર્યે રચેલી ચૂર્ણિ-૪૦૦૦. સંપૂર્ણ સંખ્યા ૩૮,૩૬૮ છે. સંવત ૧૫૬૮ માં શ્રીદાનશેખર ઉપાધ્યાયે ૧૨,૦૦૦ શ્લોક સંખ્યાની લઘુવૃત્તિ રચી છે.

૬. **જ્ઞાતાધર્મકથાંગ સૂત્ર.** અધ્યયન ૧૯. મૂળ શ્લોક સંખ્યા ૫૫. અભયદેવસૂરિએ રચેલી ટીકા ૪,૨૫૨ શ્લોકની છે. હાલમાં ૧૯ કથાઓ માલૂમ પડે છે. પણ પૂર્વે સાડા ત્રણ કરોડ કથાઓ હતી, એવી પ્રસિદ્ધિ છે.

---

* અત્રે આપેલી હકીકત 'અભિધાનરાજેન્દ્ર' કોષને આધારે લખવામાં આવી છે.

૭. **ઉપાસકદશાંગ સૂત્ર.** અધ્યયન ૧૦, મૂળ શ્લોક સંખ્યા ૮૧૨, અભયદેવસૂરિએ રચેલી ટીકા ૯૦૦ શ્લોકની છે. સંપૂર્ણ સંખ્યા ૧,૭૧૨ છે.

૮. **અન્તગડ દશાંગ સૂત્ર.** અધ્યયન ૯૦. મૂળ શ્લોક સંખ્યા ૯૦૦. અભયદેવસૂરિએ રચેલી ટીકા ૩૦૦ શ્લોકની છે. સંપૂર્ણ સંખ્યા ૧,૨૦૦ છે.

૯. **અણુત્તરોવવાઇયદશાંગ સૂત્ર.** અધ્યયન ૩૩. મૂળ શ્લોક સંખ્યા ૨૯૨. અભયદેવ સૂરિએ રચેલી ટીકા ૧૦૦ શ્લોકની છે. સંપૂર્ણ સંખ્યા ૩૯૨ છે.

૧૦. **પ્રશ્નવ્યાકરણ સૂત્ર.** ૫ આશ્રવદ્વાર, અને ૫ સંવરદ્વારરૂપ ૧૦ અધ્યયન. મૂળ-શ્લોક સંખ્યા ૧,૨૫૦. અભયદેવસૂરિએ રચેલી ટીકા ૪,૬૦૦ શ્લોકની છે, સંપૂર્ણ સંખ્યા ૫,૮૫૦ છે.

૧૧. **વિપાક સૂત્ર.** અધ્યયન ૨૦, મૂળ શ્લોક સંખ્યા ૧,૨૧૬. અભયદેવસૂરિએ રચેલી ટીકા ૯૦૦ શ્લોકની છે. સંપૂર્ણ સંખ્યા ૨,૧૧૬ છે.

સંપૂર્ણ અગ્યાર અંગોની મૂળ સંખ્યા ૩૫,૬૫૯ છે. ટીકા ૭૩,૫૪૪ છે. ચૂર્ણિ ૨૨,૭૦૦ છે. નિર્યુક્તિ ૭૦૦ છે. અને બધું મળીને ૧૩૨,૬૦૩ શ્લોક પ્રમાણ છે.

આચારાંગ અને સૂત્રકૃતાંગની ટીકા શ્રીશીલાંગાચાર્યે રચેલી છે, અને બાકીના નવ અંગની ટીકા શ્રી અભયદેવસૂરિએ રચેલી છે; આ કારણથી શ્રી અભયદેવસૂરિને નવાંગવૃત્તિ-કાર કહેવામાં આવે છે.

બાર ઉપાંગના નામ, ટીકા તથા સંખ્યા.

૧. **ઉવવાઇ ઉપાંગ.** આચારાંગ સાથે સંબંધ રાખે છે. મૂલ શ્લોક સંખ્યા ૧,૨૦૦, ટીકા રચનારનું નામ અભયદેવસૂરિ. ટીકાનું પ્રમાણ ૩,૧૨૫, સંપૂર્ણ સંખ્યા ૪,૩૨૫.

૨. **રાય પસેણી ઉપાંગ.** સૂત્રકૃતાંગ સાથે સંબંધ રાખે છે. મૂળ શ્લોક સંખ્યા. ૨,૦૭૮. ટીકા રચનારનું નામ મલયગિરિ. ટીકાનું પ્રમાણ ૩,૭૦૦. સંપૂર્ણ સંખ્યા ૫,૭૭૮.

૩. **જીવાભિગમ ઉપાંગ.** સ્થાનાંગ સાથે સંબંધ રાખે છે. મૂળ શ્લોક સંખ્યા ૪,૭૦૦, ટીકા રચનાર મલયગિરિ, ટીકાનું પ્રમાણ ૧૪,૦૦૦, લઘુવૃત્તિ ૧૧,૦૦૦. ચૂર્ણિ ૧૫૦૦ સંપૂર્ણ સંખ્યા ૨૧,૩૦૦.

૪. **પન્નવણા (પ્રજ્ઞાપના) ઉપાંગ.** સમવાય સાથે સંબંધ રાખે છે. મૂળ શ્લોક સંખ્યા ૭,૭૮૭ ટીકા, રચનાર મલયગિરિ. ટીકાનું પ્રમાણ ૧૬,૦૦૦. હરિભદ્ર સૂરિકૃત લઘુવૃત્તિ ૩,૭૨૮ છે. સંપૂર્ણ સંખ્યા ૨૭,૫૧૫ છે.

૫. **જમ્બુદ્વીપ પન્નત્તિ ઉપાંગ** ભગવતી સાથે સંબંધ રાખે છે. મૂળ શ્લોક સંખ્યા ૪,૧૪૬, ટીકા રચનાર મલયગિરિ, ટીકાનું પ્રમાણ ૧૨,૦૦૦. ચૂર્ણિ ૧,૮૬૦. સંપૂર્ણ સંખ્યા ૧૮,૦૦૬ છે.

૬, **ચન્દ્ર પન્નતિ સૂત્ર.** જ્ઞાતા સાથે સંબંધ રાખે છે. મૂળ શ્લોક સંખ્યા. ૨,૨૦૦., ટીકા રચનાર મલયગિરિ, ટીકાનું પ્રમાણ ૯,૪૧૧. લઘુવૃત્તિ ૧,૦૦૦. સંપૂર્ણ સંખ્યા ૧૨,૬૧૧.

૭. **સૂરપન્નતિ સૂત્ર ઉપાંગ.** જ્ઞાતા સાથે સંબંધ રાખે છે. મૂળ સંખ્યા ૨,૨૦૦ ટીકા રચનાર મલયગિરિ. ટીકાનું પ્રમાણ ૯,૦૦૦. ચૂર્ણિ ૧,૦૦૦. સંપૂર્ણ સંખ્યા ૧૨,૨૦૦. છે. ચંદ્ર પ્રજ્ઞપ્તિ અને સૂર્ય પ્રજ્ઞપ્તિ બન્ને જ્ઞાતા સૂત્ર સાથે સંબંધ ધરાવે છે.

૮. **કલ્પિકા ઉપાંગ.** ઉપાસક દશાંગ સાથે સંબંધ રાખે છે. કાલ, સુકાળ, મહાકાળ, કૃષ્ણ, સુકૃષ્ણ, મહાકૃષ્ણ, વીરકૃષ્ણ, રામકૃષ્ણ, પિતૃસેનકૃષ્ણ, મહાસેનકૃષ્ણ એ નામના દશ અધ્યયન છે.

૯. **કલ્પાવતંસિકા ઉપાંગ.** અન્તગડદશાંગ સાથે સંબંધ રાખે છે. પદ્મ, મહાપદ્મ, ભદ્ર, સુભદ્ર, પદ્મભદ્ર, પદ્મસેન, પદ્મગુલ્મ, નલિની ગુલ્મ, આનન્દ, અને નન્દન એ નામના ૧૦ અધ્યયન છે.

૧૦. **પુષ્પકા ઉપાંગ.** અનુત્તરોવવાઈ સાથે સબંધ રાખે છે. ચન્દ્ર, સૂર, શુક્ર, બહુ-પુત્રિકા, પુણ્યભદ્ર મણિભદ્ર, દત્ત, શિવ, વલિ, અનાહત, એ નામના દશ અધ્યયન છે.

૧૧. **પુષ્પચુલિકા ઉપાંગ.** પ્રશ્ન વ્યાકરણ સાથે સંબંધ રાખે છે. શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ બુદ્ધિ, લક્ષ્મી, ઇલિાદેવી, સુરાદેવી, રસદેવી, ગન્ધ દેવી, એ નામના દશ અધ્યયન છે.

૧૨. **વહ્નિદશા ઉપાંગ.** વિપાકસૂત્ર સાથે સંબંધ રાખે છે. નિરુદ્ધ, અત્રિ, દહ, વહ, પગતિ, જુતિ, દશરહ, દઢરહ, મહાધનુ, સત્તધનુ, દશધનુ, નામેસય, એ નામના ૧૨ અધ્યયન છે.

આ પાંચ ઉપાંગોનું ભેગું નામ નિરયાવલી છે, અને કલ્પિકાઆદિ પાંચ ઉપાંગોના પર અધ્યયન છે. તેમની સંપૂર્ણ મૂળ ગ્રન્થસંખ્યા ૧,૧૦૯ છે, તેના પર ચન્દ્રસૂરિએ કરેલી વૃત્તિ ૭૦૦ પ્રમાણ છે. સંપૂર્ણ ગ્રન્થ સંખ્યા ૧,૮૦૯ છે.

આ રીતે બાર ઉપાંગોની મૂળ સંખ્યા ૨૫,૪૨૦ છે. ટીકા સંખ્યા ૬૭,૯૩૬ શ્લોક પ્રમાણ છે. લઘુવૃત્તિ ૬,૮૨૮ છે, ચૂર્ણિ ૩,૩૬૦; સંપૂર્ણ સંખ્યા ૧,૦૩,૫૪૪ છે.

દશ પઈન્ના (પ્રકીર્ણક)ની ગાથા વગેરે.

૧	ચઉ શરણ પઇન્ના.	૬૩ ગાથા.
૨	આઉર પચ્ચખ્ખાણ પઇન્ના	૮૪ ગાથા.
૩	ભત્તપચ્ચખ્ખાણ પઇન્ના.	૧૭૨ ગાથા.
૪	સંથારગ પઇન્ના.	૧૨૨ ગાથા.
૫	તંદુલવેયાલી પઇન્ના,	૪૦૦ ગાથા.
૬	ચન્દ વિજ્જગ પઇન્ના.	૩૧૦ ગાથા.
૭	દેવિન્દ ત્થવ પઇન્ના.	૨૦૦ ગાથા.
૮	ગણિ વિજ્જ પઇન્ના.	૧૦૦ ગાથા.
૯	મહાપચ્ચખ્ખાણ પઇન્ના.	૧૩૪ ગાથા.
૧૦	સમાધિ મરણ પઇન્ના.	૭૨૦ ગાથા.

આ દશ પઇન્નાની સંપૂર્ણ ગાથા સંખ્યા ૨,૩૦૫ અને દરેકમાં દશ અધ્યયન છે.

છ છેદ ગ્રન્થના નામ, ગ્રન્થ સંખ્યા વગેરે.

૧ **નિશીથ સૂત્ર.** ઉદ્દેશ ૨૦, મૂળ શ્લોક સંખ્યા ૮૧૫, લઘુભાષ્ય ૭,૪૦૦, જિનદાસ ગણિ-મહત્તરે રચેલી ચૂર્ણિ ૨૮,૦૦૦, બૃહદ્ ભાષ્ય ૧૨,૦૦૦, જે ટીકાના નામથી પ્રસિદ્ધ છે. ભદ્રબાહુ સ્વામિએ નિર્યુક્તિની ગાથાઓ બનાવી છે. સંપૂર્ણ ગ્રન્થ સંખ્યા ૪૮,૨૧૫ છે. શિલભદ્રસૂરિના શિષ્ય ચન્દ્ર સૂરિએ સંવત્ ૧,૧૭૪માં વ્યાખ્યા રચી છે.

૨. **મહાનિશીથસૂત્ર** અધ્યયન. ૭, ચૂલિકા ૨. મૂળ શ્લોક સંખ્યા ૪,૫૦૦ એની ત્રણ પ્રકારની વાચના છે. લઘુવાચના–૪,૨૦૦, મધ્ય વાચના–૪,૫૦૦, બૃહદ્‌વાચના ૧૧,૮૦૦.

૩. **બૃહત્કલ્પ સૂત્ર**—ઉદ્દેશ ૬, મૂલ સંખ્યા ૪૭૩ છે. તેપર ૧૩૩૨માં બૃહચ્છાલીય શ્રી ક્ષેમકીર્તિસૂરિએ ૪૨,૦૦૦ સંખ્યાની પરિમિત ટીકા રચી છે. જિનદાસગણિ મહત્તરે રચેલું ભાષ્ય ૧૨,૦૦૦, લઘુ ભાષ્ય ૮૦૦, ચૂર્ણિ ૧૪,૩૨૫ સંપૂર્ણ ગ્રન્થ-સંખ્યા ૭૬,૭૯૮ છે.

૪. **વ્યવહારદશા કલ્પ છેદ સૂત્ર**–ઉદ્દેશ ૧૦, ૨ ખણ્ડ, મૂળ શ્લોક સંખ્યા ૬૦૦, મલયગિરિએ કરેલી ટીકા ૩૩,૬૨૫. ચૂર્ણિ ૧૦,૩૬૧. ભાષ્ય ૬,૦૦૦ છે, નિર્યુક્તિની સંખ્યા અજ્ઞાત છે. સંપૂર્ણ ગ્રન્થ સંખ્યા ૫૦,૫૮૬ છે.

૫. **પંચ કલ્પચ્છેદ સૂત્ર**–અધ્યયન ૧૬, મૂળ સંખ્યા ૧,૧૩૩, ચૂર્ણિ ૨,૧૩૦; બીજી ટીકાની સંખ્યા ૩,૩૦૦; ભાષ્ય ૩,૧૨૫. સંપૂર્ણ સંખ્યા ૬,૩૮૮. ગાથા સંખ્યા ૨૦૦ છે.

૬. **દશાશ્રુતસ્કન્ધ છેદ સૂત્ર**–મૂલ સંખ્યા ૧,૮૩૫. અધ્યયન ૧૦. ચૂર્ણિ ૨,૨૪૫. નિર્યુક્તિ સંખ્યા ૧૬૮. સંપૂર્ણ સંખ્યા ૪,૨૪૮ છે. ટીકાકારનું નામ શ્રીબ્રહ્મ છે. જેનું આઠમું અધ્યયન કલ્પસૂત્ર ૧૨૧૬ છે, જેની ટીકા કલ્પસુખબોધિકા છે.

૭. **જીત કલ્પચ્છેદ સૂત્ર**–મૂલ સંખ્યા ૧૦૮, ટીકા ૧૨,૦૦૦. સેનકૃત ચૂર્ણિ ૧,૦૦૦, ભાષ્ય ૩,૧૨૪. સંપૂર્ણ સંખ્યા ૧૬,૨૩૨. ચૂર્ણિની વ્યાખ્યા ૧૧૨૦ છે. એની લઘુવૃત્તિ શ્રી સાધુરત્ને કરેલી ૫,૭૦૦. તિલકાચાર્યે રચેલી વૃત્તિ ૧,૫૦૦ છે.

સાધુજીતકલ્પવિસ્તાર ૩૭૫. ધર્મઘોષસૂરિની વૃત્તિ ૨,૬૫૦, તેનાપર પૃથ્વીચન્દ્રે કરેલું ટિપ્પણ ૬૭૦. ભદ્રબાહુ સ્વામિએ કરેલી નિર્યુક્તિગાથા ૧૬૮. તેની ટીકા તથા ચૂર્ણિ બાહુજ છે પરંતુ તે વિક્રમ સંવત્ ૧,૨૦૦ પછી છે.

ચાર મૂળ સૂત્રોની સંખ્યા.

૧. **આવશ્યક સૂત્ર** મૂળગાથા ૧૨૫. હરિભદ્ર સૂરિએ રચેલી ટીકા ૨૨,૦૦૦. ભદ્રબાહુ સ્વામિએ કરેલી નિર્યુક્તિ ૩,૧૦૦, ચૂર્ણિ ૧૮,૦૦૦, બીજી આવશ્યક વૃત્તિ (ચતુર્વિંશતિ) ૨૨,૦૦૦ છે, તિલકાચાર્યે રચેલી લઘુ વૃત્તિ ૧૨,૩૨૧ છે. અંચલ ગચ્છાચાર્યે કરેલી દીપિકા ૧૨,૦૦૦ છે. તેનું ભાષ્ય ૪,૦૦૦ છે. મલધારી હેમચંદ્રસૂરિએ રચેલું આવશ્યક ટિપ્પણ ૪,૬૦૦. સંપૂર્ણ સંખ્યા ૯૮,૧૪૬ છે. હરિભદ્રસૂરિએ રચેલી નિર્યુક્તિ ૨૨,૫૦૦ છે.

૧. **વિશેષાવશ્યક સૂત્ર**–આવશ્યક સૂત્ર મૂલ (સામાયિકાધ્યયન) નું વિશેષ પરિકર છે. મૂલ સંખ્યા ૫,૦૦૦ છે. શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણે તે કરેલું છે. તેની બૃહદ્‌વૃત્તિ મલધારિ હેમચંદ્ર સૂરિએ રચેલ બૃહદ્‌વૃત્તિ ૧૮,૦૦૦, કોટકાચાર્ય કે દ્રોણાચાર્યે રચેલ લઘુવૃત્તિ ૧૪,૦૦૦. તર્કાનુવિદ્યા જૈન સ્થાપનાચાર્યે બૃહદ્‌વૃત્તિની ટીકા રચી છે.

૧. પાખી (પાક્ષિક) સૂત્ર મૂલ ૩૬૦. સં. ૧૧૮૦ માં યશોદેવસૂરિએ રચેલી ટીકા ૨,૭૦૦, ચૂર્ણિ ૪૦૦ છે.

૧. યતિ પ્રતિક્રમણ સૂત્ર વૃત્તિ ૬૦૦ છે.

૨. **દશવૈકાલિક સૂત્ર**—સય્યંભવ સૂરિએ રચેલું. મૂળ ૭૦૦, તિલકાચાર્યે રચેલી વૃત્તિ ૭,૦૦૦. હરિભદ્ર સૂરિએ રચેલી બીજી વૃત્તિ ૬,૮૧૦. મલયગિરિએ રચેલી વૃત્તિ ૭,૭૦૦.

ચૂર્ણિ ૭,૫૦૦, લઘુ વૃત્તિ ૩,૭૦૦ છે. નિર્યુક્તિ ગાથા ૪૫૦ છે. આધુનિક સોમ સુન્દર સૂરિએ રચેલ લઘુ ટીકા ૪,૨૦૦. સમયસુંદર ઉપાધ્યાયે કરેલી લઘુ ટીકા ૨.૬૦૦.

૨. **પિંડનિર્યુક્તિ**-ભદ્રબાહુ સ્વામિએ રચેલ મૂલ સંખ્યા ૭૦૦. મલયગિરિએ તેનાપર રચેલી ટીકા ૭,૦૦૦. બીજી પ્રતમાં ૬,૬૦૦ છે વિ.સં. ૧,૧૬૦માં વીરગણિએ કરેલી ટીકા ૭,૫૦૦ છે. અને મહાસૂરિએ કરેલી લઘુ વૃત્તિ ૪,૦૦૦ છે. સંપૂર્ણ સંખ્યા ૧૯,૨૦૦ છે.

૩. **ઓઘનિર્યુક્તિ**-ભદ્રબાહુ સ્વામિએ રચેલ મૂલગાથા ૧,૧૭૦ છે. દ્રોણાચાર્યે રચેલી ટીકા ૭,૦૦૦, તેનું ભાષ્ય ૩,૦૦૦ છે. ચૂર્ણિ ૭,૦૦૦. સંપૂર્ણ સખ્યા ૧૮,૪૫૦ છે,

૪. **ઉતરાધ્યયન** સૂત્ર-અધ્યયન ૩૬ છે. મૂલ સંખ્યા ૨,૦૦૦ છે. વાદિવેતાલ શાન્તિ સૂરિએ રચેલ બૃહદ્વૃત્તિ ૧૮૦૦૦ બીજી પ્રતમાં ૧૭૬૪૫ છે. ૧૨૭૬ માં નેમિચન્દ્ર સૂરિએ કરેલી લઘુવૃત્તિ ૧૩૬૦૦ છે. ભદ્રબાહુ સ્વામિએ કરેલી ગાથા નિર્યુક્તિ ૬૦૭ છે. ચૂર્ણિ ૬૦૦૦ છે. સંપૂર્ણ સંખ્યા ૪૦૩૦૦

બે ચૂલિકા સૂત્ર.

૧. **નન્દીસૂત્ર**-દેવર્દ્ધિગણિ ક્ષમા શ્રમણે રચેલું. મૂળ સંખ્યા ૭૦૦, તેનાપર મલયગિરિએ કરેલી લઘુ વૃત્તિ ૭,૭૩૫ સંવત્ ૭૨૩ માં રચાયેલી ચૂર્ણિ ૨૦૦૦ છે. હરિભદ્ર સૂરિએ કરેલી લઘુ ટીકા ૨૩૧૨ છે. સંપૂર્ણ સંખ્યા ૧૨,૭૪૭ છે. ચન્દ્રસૂરિએ કરેલ ટિપ્પણ ૩,૦૦૦ છે.

૨. **અનુયોગદ્વારસૂત્ર**-ગાથા ૧૬૦૦ મલધારિ હેમચન્દ્રસૂરિએ રચેલવૃત્તિ ૬,૦૦૦ છે. જિનદાસ ગણિ મહત્તરે રચેલી ચૂર્ણિ ૩,૦૦૦ છે. હરિભદ્ર સૂરિએ રચેલ લઘુવૃત્તિ ૩,૫૦૦ છે. આ રીતે સંપૂર્ણ સંખ્યા ૧૪,૩૦૦ છે.

આ રીતે અગીઆર અંગ, બાર ઉપાંગ, દશ પહન્ના, ૭ છેદ સૂત્ર, ચાર મૂલસૂત્ર, બે ચૂલિકાસૂત્ર મળી ૪૫ આગમોની સંખ્યા થાય છે.

આગમ પ્રકાશનને અંગે કેટલાક વિચારો.

શ્રી જૈનાગમ પ્રકાશક સભા તરફથી અમદાવાદનિવાસી ભાઈ પુંજાભાઇ હીરાચંદ ની સહાયતાથી પીસ્તાળીશ જૈનાગમ પ્રકટ કરવા સંબંધી એક યોજના તા. ૧ ઑગસ્ટ ૧૯૧૩ ની યાદીથી બહાર પાડવામાં આવી હતી. એ યાદીમાં જણાવવામાં આવ્યું હતું કે ' અમે આ યોજના હાથ ધરવા અગાઉ, સમાજ તેનો કેવો સત્કાર કરશે તે જાણવા ઇચ્છીએ છીએ ' સમગ્ર રીતે લેતાં, જૈનપ્રજા તરફથી આ યોજનાનો સત્કાર, અમને જણાવતાં સંતોષ થાય છે કે, બહુ સારો થયો છે, અને તે સારા સત્કારના પરિણામમાં, અમે જણાવવાને શક્તિમાન્ થઇએ છીએ કે, એ યોજના અમલમાં મૂકવાના નિર્ણયપર અમે આવ્યા છીએ. આ યોજનાને અંગે એકત્ર કરવા યોગ્ય સામગ્રીઓ–સાધનો મેળવવા અમે આરંભ કરીએ છીએ. પ્રભુ કૃપા અને સામાન્ય જૈન પ્રજાની આશિસો વડે, અમે અમારા પ્રયત્નમાં ફત્તેહ મેળવવાની આશા રાખીએ છીએ.

અમારી ઉક્ત યાદી પરથી આગમ પ્રકટ કરવા સંબંધમાં અમને જાહેરમાં અને ખાનગીમાં અનેક પ્રકારની સૂચનાઓ મળી છે.

આ સૂચનાઓ અને તેના અમારા તરફના ખુલાસાઓ અમારી જૈનપ્રજાને વિષે ચોકસ પ્રકારનો રસ ઉત્પન્ન કરે તેવાં હોઇ, તથા આ વિષયક લોકમત કેળવાય તેવું હોઈ, અમે જાહેરમાં મૂકવા રજા લઇએ છીએ:

નાણાના મોટા ભંડોળની હાલ જરૂર છે ?

અમોએ ધારણા રાખી હતી તેના કરતાં વિશેષતાએ અમારી યોજનાનો સત્કાર, સામાન્ય જૈનપ્રજાએ કર્યો છે, એટલે યોજનાને અમલમાં મૂકવાનો ઉત્સાહ, જો કે તેઓને ઘણો આભારી છે, છતાં અમારે જણાવવું જોઇએ કે, આ ઉત્સાહની વૃદ્ધિ કરનાર વિશાળદૃષ્ટિ જૈનેતર વિદ્વાનો પણ વિશેષ છે. ૧ લી ઑગસ્ટની યાદી બહાર પડી કે તરતજ જૈનેતર વર્તમાન પત્રો અને જૈનેતર વિદ્વાનોએ ઉક્ત યોજના પ્રત્યે પસંદગી દર્શાવી. સર ફીરોજશાહ મેહતા આદિ દેશભકતોના પ્રયત્નપૂર્વક પ્રકટ થતાં અંગ્રેજી દૈનિક પત્ર ધી બૉમ્બે ક્રૉનીકલે એક લંબાણ નોંધ લખી સહાનુભૂતિ સાથે કેટલીક સૂચનાઓ કરી. ગુજરાતના જાણીતા વિદ્વાનોએ પણ તેવીજ રીતે પોતાનો પ્રસન્નભાવ દર્શાવ્યો. વર્તમાનપત્રો અને આ વિદ્વાન મહાશયોએ કરેલી સૂચનાઓને અંગે અમારો ખુલાસો આ સરકયુલરમાં સમગ્ર રીતે આવી જશે, ધી બૉમ્બે ક્રૉનીકલ અને મુંબઇની સ્મૉલ કૉઝીસ કોર્ટના નામદાર જજ્જ શ્રીયુત કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી. એમ૦ એ૦ એલ એલ૦ બી૦ એ નાણાના મોટા ભંડોળની આ કાર્યને અંગે જરૂરીઆત બતાવી છે.

તા. ૧૪–૮–૧૯૧૩ ના અંકમાં ધી બૉમ્બે ક્રૉનીકલ આ પ્રમાણે લખે છે:—

The Jain community, numbering only about fifteen lakhs of souls, is the wealthiest non-Brahmanical Hindu body with a religion which discards the Vedas Its canonical religious literature is embodied not in Sanskrit but Magadhi. Jain sacred books have been studied in the West but they have not kindled the enthusiasm shown for its inveterate adversaries, the Brahmanical and Bud-

dhist holy writs. In this Presidency Jain studies have attracted Bhandarkar, Buhler and Peterson. On the Continent Hermann Jacobi and Leumann and Gerni are its well-known exegetes. Leumann and Hoernle's participation in the interpretation of Jain philosophy and much of Jacobi's work, as well as a systematic research into other aspects of Jain teachings by Weber, are accessible in English. It is not, however, the glosses put upon their scriptural tenets by Western scholars which alone satisfy the rising Jain generation. And we note with pleasure the endeavour made in Ahmedabad to found a Jain Text Society for the publication of original Magadhi texts with Sanskrit commentaries and Gujarati super-commentaries. The project comprises the printing of the forty-five canonical books of the Shvetambara sect and is estimated to cost two lakhs of rupees and cover a period of twenty five years. The first attempt in a similar direction was made in Bengal in 1880 by Rai Dhanpat Singh Bahadur, who consecrated a lakh of rupees to the publication of Jain religious literature. Jainism having its most brilliant followers in Gujarat, the Gujarati language has acquired a semi-hieratic character with the Jains. Dhanpat Singh's edition was furnished with Gujarati commentary. To Gujarati Jains the edition fails to supply their want. The Bengali type of Sanskrit characters is fatiguing to the eye, and the scholia represent very old Gujrati which needs elucidation. Hence the enterprise of the Jainagama Publishing Society of Ahmedabad.

The First volume

The first volume to be taken in hand for publication is the Bhagavati Sutra which is estimated to cover five thousand pages and will be priced at Rs. 45. Doubtless the editors will take advantage of Weber's translation of some sections of the enormous work, but we would ask the Society to make every possible effort to enlist the co-operation of the living representative of the indegenous tradition and to subordinate Western interpretaion to the construction suggested by Jain Munis. We note that the Society expresses its readiness warmly to welcome the preferred assistance of these traditional repositories of Jain learning. It should not, however, be overlooked that the latter will hardly come forward of their own accord at this general invitation. The Society would do well to seek out ascetics and laymen of noted erudition. And we would venture to suggest that they should model their procedure on the Pali Texts Society of London and to avoid the pitfall of the latter. Some money and ehthusiasm sustained for near thirty years have conferred enduring obligation on the world interested in Buddhism. The Ahmedabad Society has before it an opportuuity of like magnitude. We should be sorry to see cold water thrown on the scheme judged from its financial policy. Much as the series of works contemplated to be published will be respected, they will, like all publications of its class, be more admired than read and

more read than purchased. We have therefore some misgivings as to the success of the "business-like scheme" on which the works are to see the light of day. Hundreds of Jains can individually defray the estimated two lakhs, if only they can be brought to appreciate the laudable aims of the undeataking. Literary enterprise which has little commercial value can scarcely succeed without the patronage of an enlightened possessor of riches.

આ અંગ્રેજી લેખનું ભાષાંતર નીચે પ્રમાણે છે:—

જૈન પબ્લીશીંગ સોસાયટી.

જૈનકોમ જેની સંખ્યા પંદર લાખ મનુષ્યોની છે, તે બ્રાહ્મણ ધર્મને નહિ પાળનાર હિંદુ વર્ગમાં સાથી વધારે ધનવાન્ છે અને તેઓ વેદનો અનાદર કરનાર ધર્મને પાળે છે. તેઓનું આપ્ત વાક્યરૂપ ગણાતું સાહિત્ય સંસ્કૃતમાં નહિ પણ માગધી ભાષામાં લખાયલું છે. જૈનોના પવિત્ર ગ્રન્થોનો પશ્ચિમમાં અભ્યાસ થાય છે. પણ તેના વિરોધી બ્રાહ્મણ અને બુદ્ધના પવિત્ર ગ્રન્થોના જેટલો તેના સંબંધમાં ઉત્સાહ જાગૃત થયો નથી. આ ઇલાકામાં ભાંડારકર, બુલ્હર અને પીટર્સનનું જૈનધર્મના અભ્યાસ તરફ ધ્યાન ખેંચાયું હતું અને યુરોપમાં હર્મનજેકોબી, લ્યુમન અને ગેરની તેના પ્રખ્યાત અભ્યાસકો છે. જૈનતત્વજ્ઞાન સમજાવાને લ્યુમન અને હૉર્નલે લીધેલો ભાગ, અને જેકોબીનું ઘણું ખરૂં કામ અને જૈનશિક્ષણની કેટલીક બાજુઓના સંબંધમાં વેબરે કરેલો નિયમિત અભ્યાસ-આ સર્વ ઇંગ્રેજી ભાષામાં મળી આવે છે. પણ પશ્ચિમના વિદ્વાનોએ આ પવિત્ર ગ્રન્થો પર નાખેલી રોશનીજ હાલની નવી જૈન પ્રજાને સંતોષ આપી શકે નહિ. માટે માગધી મૂળ, સંસ્કૃત ટીકા અને તેના ઉપરની ગુજરાતી ટીકા પ્રસિદ્ધ કરવાને જૈનાગમ સોસાયટી સ્થાપવા જે પ્રયાસ અમદાવાદમાં ચાલે છે, તેની નોંધ લેતાં અમને અતિશય ખુશી ઉપજે છે.

શ્વેતામ્બર વર્ગના ૪૫ આગમો છાપવાની આ યોજના છે અને તેનું ખર્ચ આશરે બે લાખ રૂપીઆ થશે અને તેને ૨૫ વર્ષ લાગશે, આ દિશામાં પ્રથમ પ્રયાસ ૧૮૮૦ માં બંગાલમાં આવેલા રાયધનપતસિંહ બહાદુરે કર્યો હતો અને જેણે આ ગ્રન્થો પ્રસિદ્ધ કરવાના કામમાં લાખ રૂપીઆ અર્પણ કર્યા હતા. જૈનધર્મના મુખ્ય અનુયાયીઓ ગુજરાતમાં હોવાથી, ગુજરાતી ભાષા પણ જૈનોની સાથે વંશ પરંપરાની થઈ પડી લાગે છે. ધનપતસિંહે પ્રસિદ્ધ કરેલી આવૃત્તિમાં ગુજરાતી ટીકા હતી. પણ ગુજરાતના જૈનોની જરૂરીઆત તેથી પુરી પડતી નથી સંસ્કૃત અક્ષરોના બંગાળી ટાઇપો આંખને થાક ઉપજાવે તેવા હોય છે અને તે આવૃત્તિમાં જે જુનું ગુજરાતી છે તેમાં બહુજ ખુલાસાની જરૂર છે; આ કારણથી અમદાવાદની જૈનાગમ પબ્લીશીંગ સોસાયટીનો આ પ્રયાસ છે.

તેનું પહેલું પુસ્તક.

પ્રસિદ્ધ કરવાને હાથમાં ધરવામાં આવનાર પ્રથમ પુસ્તક ભગવતી સૂત્ર છે અને તેના આશરે પાંચ હજાર પાનાં થશે અને જેની કિંમત રૂ, ૪૫ થશે. તેના પ્રસિદ્ધ કર્તાઓ આ મોટા ગ્રન્થના કેટલાક ભાગના વેબરે કરેલા ભાષાંતરનો અવશ્ય લાભ લેશે; પણ આપણે તે સોસાયટીને ભલામણ કરીશું કે તે બાબતની મૂળ હકીકતો જાણનારા હયાત પ્રતિનિધિઓની સહાય મેળવવાને બનતો પ્રયાસ કરશે અને જૈન મુનિઓ જે અર્થ જણાવે તે અર્થ આગળ પાશ્ચાત્ય વિદ્વાનોના મતને અંતર્ગત કરશે આપણને જણાય છે કે આ સંસ્થા જૈન સાહિત્યની પરંપરાની વાતો જાણનારા જે મદદ આપશે તો સ્વીકારવાને પોતાની ખુશી જાહેર કરે છે, પણ આટલા જાહેર આમંત્રણથી તેવા પુરૂષો પોતાની મેળે ભાગ્યેજ બહાર આવશે એ વાત તરફ દુર્લક્ષ કરવા જેવું નથી. જો આ સંસ્થા જ્ઞાનને વાસ્તે પ્રસિદ્ધિ પામેલા સાધુઓ અને શ્રાવકોને શોધી કાઢશે તો તે ઠીક થશે. અને અમે ભલામણ કરવાની હિંમત ધરીશું કે આ સંસ્થા લંડનની પાલી પુસ્તક પ્રસિદ્ધ કરનારી સંસ્થાના ધોરણે કામ કરશે અને તે સંસ્થાને નડેલી મુશીબતોથી દૂર રહેશે. કેટલાક પૈસાથી ત્રીસ

વર્ષ સુધી કાયમ રાખેલા ઉત્સાહથી બુદ્ધ ધર્મના સંબંધમાં હિત ધરાવનાર આલમ ઉપર તે સંસ્થાએ ચિરસ્થાયી ઉપકાર કર્યો છે. અમદાવાદની આ સંસ્થા સંમુખ પણ તેવાજ પ્રકારની ઊમદા તક છે. તેની નાણા વિષયક પદ્ધતિ જોતાં તેને નિરૂત્સાહી કરવાને પ્રયત્ન કરવામાં આવે તો અમે ઘણા દિલગીર થઇશું. આ રીતે પ્રસિદ્ધ કરવા ધારેલા પુસ્તકોની શ્રેણીને જો કે માન તો ઘણુંએ મળશે, છતાં તેવી જાતનાં પ્રસિદ્ધ થયેલાં બધાં પુસ્તકોની માફક વંચાવા કરતાં વધારે વખણાશે અને ખરીદાયા કરતાં વધારે વંચાશે. ' જે વ્યાપારી પદ્ધતિ ' પર આ પુસ્તકો પ્રકટ થવાના છે, તેનો વિચાર કરતાં તેની ફતેહના સંબંધમાં કેટલીક શંકાઓ અમને ઉદ્ભવે છે. સેંકડો જૈનો એવા છે કે એકાદ વ્યક્તિ આ ધારેલું બે લાખનું ખર્ચ જાતે આપી શકે, ફક્ત તેમને આ પ્રયાસના પ્રશસ્ય હેતુઓ સમજાવવા જોઇએ છે. સાહિત્ય વિષયક પ્રયાસ કે જેમાં વ્યાપારની રીતે કાંઈ કિંમત નથી, તે વિદ્યા રસિક ધનવાનની ઉદાર સહાય વિના ભાગ્યેજ ફળીભૂત થઈ શકે. (**ધી બૉમ્બે ક્રૉનીકલ,** ૧૪-૮-૧૯૧૩).

નામદાર જજ્જ સાહેબ કૃષ્ણલાલભાઇ લખે છે કેઃ—

મુંબાઈ. તા. ૧૯-૮-૧૩.

સ્નેહીભાઈ મનસુખલાલ,

જિનાગમ પ્રકાશની ખબર તમારો કાગળ આવતાં પહેલાં પણ ન્યુસપેપરમાં વાંચી હતી. પ્રયાસ બહુ સ્તુત્ય છે. નાણાની મોટી રકમની જરૂર એ પ્રયાસની ફતેહ માટે અનિવાર્ય છે. પરંતુ જૈન કોમ ધનાઢ્ય છે, ને એ શુભ કામને સહાય કરવા તથા પાર પાડવા કોઇ પણ સદ્ભાગ્ય માણસ મળી આવશે. તમારી તથા પુંજાભાઈની સાત્વિક વૃત્તિને જરૂર પરમેશ્વર મદદ આપશે.

લી. કૃષ્ણલાલની સલામ.

આ સંબંધમાં થોડો ખુલાસો અત્ર કરીએ છીએઃ

અમો માનીએ છીએ કે, ધી **બૉમ્બે ક્રોનીકલ**ની અને શ્રીયુત કૃષ્ણલાલભાઇની સૂચના મને અંગત હોય તેના કરતાં સામાન્ય જૈન પ્રજાને ખાસ સંબોધીને કરી જણાય છે. આવી પ્રખર યોજના પાર ઉતારવા જૈનપ્રજા નાણા વિષયક સહાયક થવા પ્રેરાય તે હેતુએ તેઓએ સૂચન કર્યુ સંભવે છે.

આ સૂચના કરનાર પુરૂષોનો અંતઃકરણથી ઉપકાર માની અમે તેને માટે અમારે જે કહેવું છે તે કહીએ. એ વાત કેવળ સત્ય છે કે, નાણાના મોટા ભંડોળથી ઓછા વખતમાં આ યોજના પાર પાડી શકાય, પરંતુ જરા ધીમાશથી કામ થાય તેટલા પુરતી નુકશાની સહન કરીને, અમે એવું બતાવવા ઉમેદ રાખીએ છીએ કે, થોડા ભંડોળ છતાં, યોગ્ય વ્યવસ્થાથી સારૂં કામ થઇ શકે છે. આ કારણથી અમો મોટા ભંડોળની અપેક્ષા અત્યારે રાખતા નથી. જો સમાજના પૂર્ણ સંતોષને પાત્ર કામ થશે તો નાણા વિષયક અગવડ પડશેજ નહીં. એક વિદ્વાન્ મુનિ મહાશયના શબ્દોમાં કહીએ, તો " પૈસાથી કાર્ય નથી, પરંતુ કાર્યથી પૈસા છે. " અમો અત્યારે જે ઉત્સાહ ધરાવીએ છીએ તે પ્રભુ કૃપાએ અખંડ રહે, તો અમને ખાત્રી છે કે, આ કામ એવા પ્રકારનું થશે કે, જેથી અમારે પૈસા માટે ભીક્ષા માંગવા જવું નહીં પડે, પરંતુ જૈનપ્રજા પોતાની જરૂરીઆત (nesces-sity) હોંસ અને પ્રીતિ એ ત્રણ કારણોથી અમોને દ્રવ્ય આપવા આવવાની કૃપા કરશે. કાર્ય થયાં પહેલાં કાર્ય સારૂંજ કરીશું એ પ્રકારનું કથન, કાંઇક અસભ્ય લાગતું હોઈ, આટલો ખુલાસો પણ વધારે પડતો અમોને લાગે છે. ટુંકમાં અમો એટલુંજ કહેવા ઇચ્છીએ છીએ કે, **ભાઈ પુંજાભાઇ હીરાચંદ** વાળી રકમ અમારા હાલનાકામને માટે પુરતી છે.

મુનિ મહારાજાને સર્વથી વિશેષ લાભ.

અમારી આગમ પ્રકાશનની યોજનાથી સર્વથી વિશેષ લાભ કોને થવા યોગ્ય છે કે જેથી અમે આ પ્રવૃત્તિમાં ઉતરવા માગીએ છીએ, એવું અમને ઘણા સ્થળોએથી પૂછાયું છે. આના ઉત્તરમાં અમે એમ જણાવવા રજા લઇએ છીએ કે, આગમો શુદ્ધપણે મૂળ માગધી પાઠ અને સંસ્કૃત ટીકા તથા તે બન્નેના ભાષાંતરો સહિત બહાર પડતો, સર્વથી વિશેષ લાભ મુનિ મહારાજોને મળવા યોગ્ય છે. જે મુનિમહારાજોનાં માગધી અને સંસ્કૃત એવાં હોય કે જેને ભાષાન્તરોની જરૂર ન હોય તેઓને, અમે કહેવા રજા લઇએ છીએ કે, એ પ્રકારે લાભ મળશે કે, અનેક પ્રતોની મેળવણી કરી, જ્યાં જ્યાં પાઠાન્તરો હોય ત્યાં ત્યાં તે દાખલ કરી અમે પ્રકટ કરવા માગતા હોવાથી તેઓને અનેક પ્રતોનો લાભ મળવા ઉપરાંત, શુદ્ધ કરેલી-સંશોધિત કરેલી પ્રત તેઓ મેળવી શકશે. એટલું તો સર્વ કોઇએ કબુલ કરવું જોઇએ કે, લહીઆઓને હાથે લખાએલી પ્રતો કરતાં, માગધી-સંસ્કૃતના જાણનાર વિદ્વાનોને હાથે શોધાયેલી પ્રતો વધારે શુદ્ધ હોવીજ ઘટે.

જે મુનિરાજો માગધી અને સંસ્કૃતથી બહુ પરિચિત નથી, અથવા ઓછા પરિચિત છે તેઓને ભાષાન્તરો દેશ ભાષામાં-ગુજરાતીમાં થવાથી સમજવા સહેલા થઇ પડશે, અને તેથી તેઓ પોતે લાભ લઈ વ્યાખ્યાનાદિ દ્વારા સમુદાયને પણ લાભ આપી શકશે. અહીં એવી દલીલ કરવામાં આવે કે, દેશભાષામાં ભાષાન્તરો થવાથી યોગ્યાયોગ્ય મુનિનો ભેદ નહીં રહેતાં, ગમે તે મુનિ વાંચતાં વિચારતાં થશે, અને પરિણામે તેઓના હાથમાં જોઇએ તે કરતાં વધારે બળવાળું હથ્યાર આપવા જેવું થશે. અમોને આનંદ થાય છે કે, આવી દલીલ કરનારાઓને નિરુત્તર કરવાને માટે અમારા પૂર્વના પૂજ્ય આચાર્ય મહારાજોએ અમોને સાધન આપવાની કૃપા કરી છે. આ વાત નવીન કહેવાની નથી કે, મૂળ માગધી પાઠના ગુજરાતી ભાષાંતર ટબ્બારૂપે પૂર્વના આચાર્ય મહારાજોએ કરેલ છે. પૂર્વના આચાર્ય મહારાજોએ ગુજરાતીમાં ટબ્બા કોને અર્થે લખ્યા છે એવું જો ઉપયુક્ત માનીનતા ધરાવનારાઓને પૂછવામાં આવે, તો અમારી સાદી સમજણ પ્રમાણે તેઓની પાસે કોઈ પણ ઉત્તર આપવાનું સાધન છેજ નહીં. શ્રી**આ**ચારાંગસૂત્રના ગુજરાતી ટબ્બાકાર પુરૂષ પ્રકાશે છે કે "શ્રી **આ**ચારાંગનો ભાવ ટબ્બા (ગુજરાતી) માત્ર લોકના ઉપકાર ભણી લખીએ છીએ." આજ ભાવમાં સર્વ ટબ્બાકાર પુરૂષોએ પ્રકાશવા કૃપા કરી છે.

અમે પૂછવાની આજ્ઞા લઇએ છીએ કે, અત્યારે જેઓ એવી દલીલ કરે છે કે, ગુજરાતી કે બીજી દેશભાષામાં ભાષાન્તરો થાય, તો યોગ્યતા અયોગ્યતા જોયા વિના ગમે તે મુનિ કે સાધુ, વાંચવાનું કરતાં ખરો આશય સમજી ન શકવારૂપ નુકશાન થાય તે દલીલ પૂર્વના આચાર્ય મહારાજો-કે જેઓએ શ્રી**આ**ચારાંગ, શ્રીસૂત્રકૃતાંગ, શ્રી**ભ**ગવતીજી, શ્રીપન્નવણા આદિ અનેક અંગ ઉપાંગોના ગુજરાતી ટબ્બાઓ લખ્યાં છે તેઓને શું ધ્યાનમાં નહીં હોય? અમે માનીએ છીએ કે, પૂર્વ પુરૂષોના આ દિશામાં પ્રયત્ન પછી, આવી દલીલ કરનારાઓ માત્ર પોતાના એક પૂર્વબદ્ધ ખ્યાલ-વાસિત વિચાર (piejudice) અને મનના ખ્યાલ (Sentiment) થી દોરાઇનેજ આવી દલીલ કરે છે. પૂર્વના મહત્પુરૂષો કરતાં તેઓની વિચારણા કોણ સંગીન ગણશે?

આપણા જૈનિયોમાંજ, આવા પ્રકારનો પોકાર ઉઠાવનાર છે એમ કાંઇ નથી. દરેક ધર્મના સાહિત્યનો ઇતિહાસ જોતાં જણાય છે કે, દરેક ધર્મમાં જ્યારે જ્યારે દેશભાષામાં તેઓના સિદ્ધાંતિક શાસ્ત્રો પલટાયાં ત્યારે ત્યારે પોકાર થયો છે. આપણા દેશમાં વેદ વેદાન્ત સાંખ્યાદિ સર્વ ધર્મોના તેમજ બૌદ્ધધર્મના આવી માનીનતા ધરાવનાર મનુષ્યોએ આજ રીતે પોતાની નબળાઇ બતાવી છે. ખ્રીસ્તી લોકોના બાઇબલના દેશભાષામાં ભાષાંતરો થયા ત્યારે પણ આવીજ રીતે પોકાર ઉઠાયો હતો. મુસલમાનોના કુરાનનું ભાષાંતર થયું ત્યારે પણ આ પ્રમાણેજ થયું હતું. જરથોસ્તના ધર્મ પુસ્તક માટે આમજ બન્યું હતું; અને એજ રીતે બધાં ધર્મોના દાખલાઓ બન્યા છે. એટલે આપણે જૈનિયોએ તેથી કાંઈ વધારે આશ્ચર્યમાં પડવા જેવું કે વિચારવાનું નથી રહેતું. તે ગમે તેમ હો, પરંતુ અમારા આવી દલીલ કરનાર જૈન ભાઇઓને તો નિરૂત્તર કરવા માટે અમારા કલ્યાણના કરનારા પૂર્વના આચાર્ય મહારાજોએ ગુજરાતીમાં ટબ્બાઓ ભરવાની જે કૃપા કરી છે તેજ અમારે ચીંધી દેવા બસ થશે, એમ અમે જરૂર જાણીએ છીએ.

ભલે, જેઓ આવી માનીનતા ધરાવનારા મનુષ્યો છે તેઓ અમારા આ પ્રયત્નથી કચવાય, પરંતુ અમોને ખાત્રી છે કે, માગધી અને સંસ્કૃતથી અપરિચિત સાધુ મુનિમહારાજો તો અમને કૃપા આર્શીર્વાદો (શા માટે જાહેર આર્શીર્વાદો નહીં ? તેઓ તેવી રીતે જાહેર આર્શીવાદ આપવાના સંજોગોમાં બહુધા નથી) આપ્યા વિના નહીં રહે.

અમો માનીએ છીએ તે પ્રમાણે, જેઓ ગુજરાતી ટબ્બાકાર પુરૂષોની ટબ્બા કરવાની પ્રવૃત્તિથી દેશભાષામાં ભાષાંતરો કરવાની પ્રવૃત્તિ માટે બોલી શકે તેમ નથી તેઓ એક બીજી દલીલ કરશે કે, " પૂર્વના આચાર્ય મહારાજોએ ગુજરાતીમાં સૂત્રના ટબ્બાઓ કર્યા છે તે માત્ર મૂળ માગધી પાઠના છે, કાંઇ સમર્થ સંસ્કૃત ટીકાઓનાં ભાષાંતરો કર્યાં છે ?" આવી દલીલ કરનારાઓને અને જેઓ આ વિષયમાં ઉંડા ઉતર્યા નથી તેઓને આપવાનો અમારી પાસે ખુલાસો છેઃ દેશભાષામાં સૂત્રના ભાષાંતર થાય જ નહીં એ વાત તો જાણે ટબ્બાકારોની પ્રવૃત્તિ પછી ઉડી જાય છે; એટલે એક નિયમ તો થયો કે, દેશભાષામાં આગમોના ભાષાંતરો થઇ શકે. તેમ થવામાં પૂર્વના જ્ઞાની પુરૂષોએ લોકનો ઉપકાર માન્યો છે. હવે ટીકાઓનાં ભાષાંતરો કરવાના સંબંધમાં અમારૂં કહેવું કહીએઃ સર્વ આગમો અંગ, ઉપાંગો ઉપર ટીકા કરનારા મહત્પુરૂષોએ ટીકાની રચના કરતાં ટીકા રચવાનો હેતુ એવો જણાવ્યો છે કે, ભગવાનની ગૂઢવાણી, ટીકા કરવાથી જીવોને સરળરૂપે સમજાય તેથી અમે ટીકા કરવાની પ્રવૃત્તિ કરીએ છીએ. આ શ્રી જિનાગમ પ્રકાશક સભા તરફથી, પ્રથમ તૈયાર કરવા ધારેલ શ્રી ભગવતી સૂત્રના ટીકાકાર પુરૂષ ટીકાની રચના કરવાનો પોતાનો હેતુ જણાવતાં આવા ભાવમાં પ્રકટે છે કે " આ ગ્રંથ (સૂત્ર)નું કોઇ પણ જાતની કઠિનતા વિના જ્ઞાન થઇ શકે તેટલા માટે પૂર્વ મુનિરૂપી શિલ્પિકારોએ વૃત્તિ, ચૂર્ણિ, અને નાડિકા નામની ટીકાઓ લખી છે. યદ્યપિ તે ઘણાજ ઉત્કૃષ્ટ જ્ઞાનવાળી છે, પરંતુ તે સંક્ષિપ્ત હોવાના કારણે, તે મહાન્ જ્ઞાની પુરૂષોનેજ વાંછિત વસ્તુ સાધનની સમર્થક છે, " અર્થાત્ આ ટીકાકાર પુરૂષનો ઉદ્દેશ કઠિન જ્ઞાનને સરળતા પૂર્વક સમજાય તેવો કરવાનો છે, જે વસ્તુ—આ સ્થળે ટીકાઓ—મૂળને સરળ કરવા માંગે, તે વસ્તુ સ્વતઃ સરળતાદર્શક અથવા સરળ કહેવીજ જોઇએ; અને જો એમ કહેવુંજ જોઇએ, તો આપણે એવી દલીલ સંગી-

નતા પૂર્વક કરી શકાએ કે, કઠિન (આ જગોએ મૂળ માગધી પાઠ) સૂત્રોના ગુજરાતીમાં ટબ્બા કરવાની છુટ હોય તો પછી કઠિન સૂત્રોને સરળ કરવાના હેતુથી લખાયેલી ટીકાઓને ગુજરાતી કે બીજી દેશભાષામાં ઉતારવાની કેમ મના હોય ?

આ રીતે, ઉપર મુજબની બે દલીલોમાં નિરૂત્તર થયા બાદ એક દલીલ એવી આવવાનો સંભવ છે કે, કયાં મૂળ ટબ્બાકાર પૂર્વ પુરૂષોની શક્તિ અને કયાં આ સભાના અનુવાદકો–ભાષાંતરકારોની શક્તિ ? તેઓની આ દલીલનો વિસ્તારથી ઉત્તર ભાષાન્તરની શુદ્ધિ સંબંધમાં લખેલ પ્રસંગમાં હવે પછી જોવામાં આવશે. અહીં પણ કાંઇક કહેવાની જરૂર છે. અમારે ન્યાયબુદ્ધિપૂર્વક ચાલવું જોઇએ અને તેથી તે બુદ્ધિથી સ્વીકારી લઇએ છીએ કે, પૂર્વના ટબ્બાકાર પુરૂષો અને અમારા સભાના અનુવાદકો વચ્ચે ઘણોજ મોટો અંતર માનવામાં અમારી સમ્મતિ છે. આમ છતાં અમારા અનુવાદકોને માટે બાળાવબોધ રૂપ ગુજરાતી ટબ્બા લખનારા પૂર્વના સત્પુરૂષોએ, એવો સરળ માર્ગ કરી દીધો છે કે તેની સહાયતાથી અમારા અનુવાદકોના મૂળ માગધી ગાથાઓના ભાષાંતરોમાં ભૂલો થવાનો બહુજ ઓછો અવકાશ રહેશે. મૂલ માગધી ગાથાઓના બાળાવબોધ રૂપે ગુજરાતી ટબ્બાઓ ખરી રીતે કહીએ તો ગુજરાતી ભાષાંતરોજ છે. ગુજરાતી ટબ્બાઓરૂપી ભાષાંતરો જૂની ગુજરાતી –પંદરમાંથી સતરમાં–અઢારમાં સૈકાની–ભાષામાં થયેલા છે. એટલે અમારા અનુવાદકોને માત્ર જૂની ગુજરાતીને અત્યારની પ્રચલિત–સંસ્કારી ગુજરાતી ભાષાનો માત્ર આકારજ આપવાનો છે. જેમ કરવામાં ભૂલો થવાનો ઘણોજ ઓછો અવકાશ રહે એમ બળવાન્ ભાષા શાસ્ત્રીઓએ પણ કબૂલ કરવુંજ જોઇએ.

હવે સંસ્કૃત ટીકાના ભાષાંતરો સંબંધમાં કહીએ: અમોએ એવો નિશ્ચય કર્યો છે કે, માણસ જાતની જેટલી શક્તિઓ કામે લગાડાય તેટલી લગાડીને શુદ્ધ ભાષાંતરોજ કરાવવાં. ભાષાંતરોની શુદ્ધિના સંબંધમાં બીજી ગોઠવણોની સાથે અમે એક એવી ગોઠવણ કરવા ધારી છે કે, એકેક સૂત્રનું ભાષાંતર બે જૂદા જૂદા ભાષાંતરકારો પાસે સ્વતંત્ર કરાવવું. દાખલા તરીકેજ, શ્રી ભગવતી સૂત્રનું ભાષાંતર બે જુદા જુદા માણસો સ્વતંત્ર રીતે કરે. બન્નેના સ્વતંત્ર રીતે થયેલાં ભાષાન્તરોની પછી મેળવણી (comparision) કરવી. જે પ્રસંગોમાં બન્ને ભાષાન્તરકારો જૂદા પડયા હોય તે પ્રસંગોનો નિર્ણય ત્રીજા પુરૂષ પાસે કરાવવો; અને તે ઉપરાંત પાછા આગમજ્ઞાનથી પરિચિત પુરૂષોની એક તપાસનારી મંડળી (Revision committee)ની પાસે તપાસવવાં. જેમ એક ગણિતનો હિસાબ બે જૂદા જૂદા માણસોને સ્વતંત્ર રીતે કરવા માટે સોંપવામાં આવે; અને તે બન્નેના જવાબ સરખા મળી રહે, તો તે ખરા જવાબ તરીકે સ્વીકારી લેવામાં કાંઇ ખોટું ન ગણાય, તેમ અમારા ભાષાંતરો સંબંધમાં થશે. જ્યાં બન્ને ભાષાંતરકારો જુદા પડતા હશે ત્યાં ત્રીજા વિદ્વાન પાસે ખુલાસો લઇ પાછા આગમના અભ્યાસીઓને બતાવવામાં આવશે.

આવી રીતે બે જૂદા જૂદા અનુવાદકોદ્વારા સ્વતંત્ર રીતે બે ભાષાંતરો કરાવતાં અમોને બમણી શક્તિ અને બમણા દ્રવ્ય આદિનો વ્યય કરવો પડશે, છતાં તેવી ગોઠવણોમાંથી અમે એટલા માટે અમારા ભાષાંતરો પસાર કરાવવા માગીએ છીએ કે, અમારાં ભાષાંતરો નમુનારૂપ (model) થઇ શકે.

આ પ્રકારની ગોઠવણપૂર્વક કામ લીધા પછી ભૂલો થવાનો ઓછોજ અવકાશ ગણાય.

તેમ છતાં છદ્મસ્થતાથી ભૂલો રહેવા પામશે તો તે બીજા પુરૂષો સુધારવા નીકળ્યા વિના રહેશે નહીં. અમે એવું માનનારા છીએ કે, ભૂલ થશે, એવા ભયથી સર્વથા ન કરવું તેના કરતાં ભૂલ થશે તો સુધરશે એવા વિચારથી કામ કરવું એજ પ્રગતિ (progress) નો ખરો માર્ગ છે. વેદાન્તના ઉપનિશદો ભગવદ્દગીતા વગેરેનાં સબંધમાં જેમ બન્યું તેમ શા માટે નહીં બને ? આગળ ઉપર કાં એમ નહીં બને કે, જેમ ઉપનિશદોનાં અને ભગવદ્દગીતાનાં ભાષાંતરો જૂદા જૂદા ભાષાંતરકારોએ કર્યાં છે તેમ કરીને વસ્તુને યથાર્થતા અપાય ?

ચોથી દલીલ એવી લાવવામાં આવે છે કે, લખાએલાં સૂત્રોનો ઉપયોગ મર્યાદિત માણસોની સંખ્યા લઇ શકે છે, છપાય તો બીજા પણ લઇ શકે અને તેથી અનાધિકારે નુકશાન થાય તેનું કેમ ? આનો ઉત્તર અમારો આ પ્રમાણે છેઃ અમો હવે પછીના પૃષ્ટોમાં બતાવીશું કે, જે અત્યાર સુધીની માનીનતા છે કે, શ્રાવક વર્ગથી સૂત્રો ન વંચાય એવી માનીનતા બદલાયેલા સંજોગોમાં કાયમ રાખવી યોગ્ય છે કે નહીં. છપાતાં વધારે પ્રતો થતાં અનધિકારે નુકશાન થવા રૂપ દલીલના જવાબમાં અમે એમ જણાવવા રજા લઇએ છીએ કે, અમે બહુ તો એક હજાર પ્રતો અંકેક સૂત્રોના તૈયાર કરાવી શકીશું, પણ આપણાં અંકેક સૂત્રની જૂદા જૂદા ઉપાશ્રયો–ભંડારો અને પુસ્તકાલયો, તથા મુનિ મહારાજોની પાસેની લખેલી પ્રતોની સંખ્યાની ગણત્રી કરવામાં આવે, તો અમારી છપાએલી પ્રતોની સંખ્યા કરતાં ઘણી વધી જવા પામશે. એ વધી જવા પામે, તો પછી આપણે વધારે સંખ્યાથી કોઈ જાતનું નુકશાન થયેલું હોય, એમ ફર્યાદ કરતા નથી. જો એમ કહેવામાં આવે કે, છપાએલી પ્રતો થાય તો તે સસ્તી કીમતે મળી શકે અને તેથી અનધિકારી પણ ઉપયોગ કરે અને તેથી નુકશાન થાય; આના સંબંધમાં અમે એમ પૂછવા રજા લઇએ છીએ કે, શ્રીસૂત્રકૃતાંગ (સુયગડાંગ) સૂત્ર શાહ ભીમશી માણેકે છપાવેલ છે તેથી કેટલું નુકશાન આજ સુધી થવા પામ્યું છે ? રાયધનપતિસિંહ બહાદૂરે ઘણા અંગ-ઉપાંગો છપાવ્યાં છે તેથી સામાન્ય જૈન પ્રજાના નૈતિક અને ધાર્મિક વિચારોના સંબંધમાં શું નુકશાન થયું છે ? બીજા જૂદા જૂદા માણસોએ આજ સુધીમાં કેટલાંક સૂત્રો મૂળ રૂપે ગુજરાતી અર્થ સહિત છપાવ્યાં છે તેથી જૈન સમાજમાં દૃશ્ય એવું કોઇ નુકશાન થયેલું છે ? અમને લાગે છે કે, આવા વિચારો જો ક્રમપૂર્વક અનુભવમાં લેવામાં આવે, તો આ પ્રકારની દલીલોમાં રમવાનું અમારી જૈન પ્રજાનો જે ભાગ કરે છે, તે કરે નહીં.

એક એવી પણ દલીલ આવે છે કે, યોગ–વહનઆદિ ક્રિયાઓ કર્યા બાદ મુનિરાજોને આગમનું વાંચન થઈ શકે છે, તે ક્રમ સૂત્રો છપાય તો કેમ જળવાઈ શકે ? આવી દલીલ કરવી ફોગટ છે, કારણ કે તેવી લાભકારક ક્રિયા ન કરવી એમ આગમનું મુદ્રણ કાંઇ કહેતું નથી. છપાએલા હોય, પણ તે અમુક ક્રિયાઓ કર્યા બાદ વાંચન અર્થે ઉપયોગમાં લેવાની કોણ ના પાડે છે ? યોગવહનાદિ ક્રિયાઓ કર્યા બાદ આગમો લખેલ હોય કે છાપેલ હોય, પણ વાંચવા વિચારવાનો ક્રમ સંપૂર્ણ પણે જાળવી શકવામાં કાંઈ અડચણ આવવીજ ન ઘટે.

આ સઘળી હકીકત જોયા બાદ, અમે આશા રાખીએ છીએ કે, અમારા મુનિમહારાજોને ખાત્રી થવી જોઇએ કે, કોઇ પણ પ્રકારની અડચણો નડ્યા વિના મુનિ મહારાજોને આ યોજનાથી સર્વથી વિશેષ લાભ થવા યોગ્ય છે.

શ્રાવક વર્ગ અને આગમનું જ્ઞાન.

જ્યારે જ્યારે જિનાગમોના પ્રકાશનને અંગે પ્રયત્ન થયાં છે ત્યારે ત્યારે એક એવી દલીલ કરવામાં આવી છે કે, પૂર્વાચાર્યોના ગ્રંથો ક્યાં થોડાં છે કે, જિનાગમના પ્રકાશનની—અને તે પણ દેશ ભાષામાં ભાષાંતરો સહિત—જરૂર છે. તેઓની આ દલીલ તેના ખરા સ્વરૂપમાં જોવા જઇએ, તો એવી છે કે, આગમ જ્ઞાનના પ્રચારની જરૂર નથી. કેમકે ગ્રંથોનું જ્ઞાન આપણે માટે પૂરતું છે. જો પૂર્વના જ્ઞાની પુરૂષોના પ્રયત્નો તરફ નજર કરીએ, તો આવી દલીલ કરનારાઓના બોલવા તરફ બહુ કાળજી કરવાની જરૂર ન રહે. જ્યારે પૂર્વે આગમોની સંસ્કૃત ટીકાઓ થઈ ત્યારે પણ પૂર્વાચાર્યોના અનેક અનેક ગ્રંથો વિદ્યમાન હતા. પૂર્વે જ્યારે આગમોની ગુજરાતી ભાષાટીકા (અથવા જેને 'ભાષા'. બાળાવબોધ કે ટબ્બાઓ કહેવામાં આવે છે) થઈ ત્યારે પણ અનેક મહાન્ આચાર્ય મહારાજોના ગ્રંથો સ્થિત હતા. આમ હોવા છતાં, મૂળ આગમો, કે જે માગધી ભાષામાં છે તેને સરળ કરવા માટે સંસ્કૃત ટીકાઓ અને ગુજરાતી ટબ્બાઓ લખાયાં છે, અને લખનાર પુરૂષોએ એમ કરવાનો પોતાનો હેતુ એવો બતાવ્યો છે કે, સરળ થતાં લોકોપકાર થાય. શ્રી **આચારાંગ** સૂત્રના ભાષા ટીકાકાર બૃહત્ તપગચ્છમાં થયા છે અને તેઓશ્રીનું નામ શ્રી **પાર્શ્વચંદ્ર** છે. તેઓએ કહ્યું છે કે, ભાષા ટીકા લખવાનો તેઓનો હેતુ **લોકનો ઉપકાર** થાય તે છે. આજ પ્રકારે શ્રી **શીલાંગાચાર્ય**, શ્રી **અભયદેવસૂરિ** અને બીજા સર્વ ટીકાકારોએ અને ભાષાટીકાકારોએ, લોકનો ઉપકાર કરવા માટે સરળપણું કરવા અર્થે પોતાની ટીકાઓ કરવાનો હેતુ બતાવ્યો છે. અર્થાત્ તે ટીકાકાર મહાનુભાવોની આ પ્રવૃત્તિનું પૃથક્ કરણ કરીએ, તો આટલી વાત સિદ્ધ થાય છે. ૧. પૂર્વાચાર્યો પ્રણીત અનેક ગ્રંથો છતાં આગમોનું જ્ઞાન પ્રચાર પામે, તો લોકનો ઉપકાર છે. ૨. લોકનો ઉપકાર થવા અર્થે આગમ જ્ઞાનને સરળ કરવાની જરૂર છે.

અમે પૂછીએ છીએ કે, અનેક મહત્પુરૂષોના અનેક ગ્રંથો છતાં પૂર્વાચાર્યોએ આગમજ્ઞાન સરળતાવાળું કરવામાં લોકનો ઉપકાર થાય એમ માન્યું છે, તો પછી ઉપર કરી તે અત્યારે લાવવામાં આવતી દલીલ કેટલીવાર નીભી શકશે? અમારો હેતુ પણ આગમજ્ઞાનને દેશભાષામાં ભાષાંતરો કરાવી વિશેષ સરળતા આપવાનો છે તો અમે પૂર્વ પુરૂષોના માર્ગે ચાલીએ છીએ કે નહિ?

આ પ્રકારે, જ્ઞાની પુરૂષોના માર્ગને અનુસરી અમે ભાષાન્તરો કરાવી આગમ છપાવીએ એટલે લોકના ઉપકારનો હેતુ થવા યોગ્ય છે. અનેક મુનિરાજોને સુલભ્ય અને સરળ, શ્રી આગમો થતાં, જેમ પોતાને તેનું જ્ઞાન થઈ શકશે તેમ પોતાના વિહારદ્વારાએ જૂદાં જૂદાં અનેક સ્થળોએ અપાતાં વ્યાખ્યાનદ્વારાએ પણ આગમજ્ઞાનનો પ્રચાર કરી લોકનો ઉપકાર વિશેષપણે કરી શકશે. એટલું દુઃખદાયક છે કે આપણા મુનિરાજોએ પોતાનો વિહારપ્રદેશ બહુ ટુંકો કરી નાંખેલો હોવાથી, મારવાડ અને તેવા પ્રદેશોના જૈન ભાઇઓને ધર્મજ્ઞાનનો બહુ ઓછો લાભ મળતો હોય, તેઓનું ધર્મ સાહિત્યજ્ઞાન બહુજ ઓછું રહે છે,-નિર્જીવ જેવું રહે છે. મુનિરાજો જો પોતાનો વિહારપ્રદેશ વિસ્તૃત કરશે અને આ પ્રકારે તેઓના હાથમાં આગમો સરળ આકારે અને સુલભ્ય રીતે આવશે તો જ્ઞાનનો પ્રચાર (Diffusion of Knowledge) વધી શકશે; અને તેથી લોકોપકાર વધારે થશે.

આગમનુ જ્ઞાન સરળ રૂપ આપવાથી લોકનો ઉપકાર વિશેષે થાય એમ **ટી**કાકાર અને **ભા**ષા ટીકાકાર મહત્પુરૂષોએ કહ્યું છે એટલે જૈનના શ્રાવક-ગૃહસ્થ **સમુદાયમાં પણ આગમજ્ઞાનનો પ્રચાર થતાં** લોકોપકાર થાય. એ વાત ખરી છે કે, શ્રાવકોને માટે આગમનું શ્રવણ તો સ્વીકારેલું જ છે, કેમકે તેવી પ્રવૃતિ અત્યારે પ્રત્યક્ષ છે. મુનિરાજો આગમ સરળરૂપે થતાં, શ્રાવક સમુદાયને, આગમજ્ઞાનનું વિશેષ પણે શ્રવણ કરાવી શકશે અને તેથી લોકોપકાર થશે એવું આપણે જોયું. હવે, સવાલ માત્ર એટલો રહે છે કે, છપાએલી પ્રતો સહેલાઇથી મળી શકે એટલે શ્રાવકો પોતાની મેળે વાંચતાં થશે, અને તેથી "શ્રાવકોને મુનિદ્વારા આગમજ્ઞાનનું શ્રવણ ઘટે, પણ સ્વતંત્ર રીતે વાંચન ન ઘટે" એવી પરંપરા ચાલતી માનીનતા જળવાઇ નહીં રહે. આના સંબંધમા અમારો ખુલાસો આ પ્રમાણે છેઃ જો મુનિદ્વારાએ આગમનું શ્રવણ શ્રાવક સમુદાયને અર્થે નિર્માણ થયેલું છે, તો તે ઉપરથી એટલી વાત તો સિદ્ધ થાય છે કે, આગમનું જ્ઞાન અથવા આગમમાં કહેલા વિચારો જાણવા એ શ્રાવક સમુદાયને માટે અટકાવેલ નથી હવે, વાત એટલી રહે છે કે, આગમમાં કહેલા વિચારો, આગમો છપાતાં સુલભ્ય થાય એટલે, શ્રાવક સમુદાય, અત્યારે જેમ મુનિદ્વારા જાણી શકે છે તેને બદલે વખતે, પોતાના સ્વતંત્ર વાંચનથી, જાણી લે એ બનવા યોગ્ય છે, તેનું શી રીતે ? આગમનું જ્ઞાન શ્રાવકે જાણવું એ આજ્ઞા છે "પણ સ્વતંત્ર વાંચનથી કે મુનિદ્વારા શ્રવણથી" એટલી નિર્ણીત કરવા માટે રહેલી વાતનો વિચાર કરતાં આપણે આપણને પોતાને સૌથી પહેલો પ્રશ્ન એ કરવા યોગ્ય છે કે, મુનિદ્વારાએ આગમનું જ્ઞાન જાણવું અને સ્વતંત્ર રીતે આગમજ્ઞાનનું જાણવું એવો ભેદ પાડવામાં હેતુ શો ઘટે છે ? એનો હેતુ એટલોજ ઘટાવી શકાય એવું છે કે, મુનિરાજો, આગમજ્ઞાનના ખાસ અભ્યાસી હોઇ, આગમનાં વિચારોનો આશય જેવી સૂક્ષ્મ રીતે બતાવી શકે તેવો સ્વતંત્ર વાંચનદ્વારાએ શ્રાવકો ન સમજી શકે. અમે માનીએ છીએ અને જાણીએ છીએ ત્યાં સુધી આ વિષયમાં આ પ્રકારનીજ ઘટના કરવામાં આવે છે. એટલું અમે સ્વીકારી લઇએ છીએ કે એક વિષયના ખાસ અભ્યાસીઓ જેવો તે વિષયનો આશય સમજી શકે તેવો આશય ઉપલક વાંચનારાઓ ન સમજી શકે એ વાત ખરી છે, પરંતુ ત્યાં સવાલ એમ ઉત્પન્ન થાય છે કે, એવું શું કારણ છે કે મુનિરાજો **આગમના ખાસ અભ્યાસી** થઇ શકે અને શ્રાવકો ન થઇ શકે. કોઇ પણ વિષયનું જ્ઞાન થવું એ બુદ્ધિનો વિષય છે. બુદ્ધિતારતમ્યતા મનુષ્ય માત્રમાં છે. એમ પણ એકાંત નથી હોઇ શકતું કે, મુનિઓનુંજ બુદ્ધિબળ વિશેષ હોય, અને શ્રાવકોનું બુદ્ધિબળ ઓછુંજ હોવું જોઇએ; અથવા એવું પણ એકાંત નથી કે શ્રાવકોનું બુદ્ધિબળ વધારે હોય અને મુનિઓનું ઓછું હોય. એ તો બુદ્ધિની તારતમ્યતા ઉપર આધાર રાખે છે; એટલે એવું કાંઇ ખાસ કારણ નથી કે, શ્રાવકો આગમના ખાસ અભ્યાસી ન થઇ શકે વસ્તુ સ્થિતિ આમ હોઇ, કોઇથી એમ તો નહીં કહેવાય કે બુદ્ધિબળના કારણે શ્રાવકો આગમના ખાસ અભ્યાસીઓ ન થઇ શકે.

હવે એમ કહેવામાં આવે કે, મુનિરાજોનું સમગ્ર ચારિત્ર અને તેમાં પણ યોગ-ઉપધાનાદિનું વહન એ સાધનો દ્વારા મુનિરાજોને આગમનું જ્ઞાન વધારે સારૂં થઇ શકે; તો તેના સંબંધમાં અમે કહેવા રજા લઇએ છીએ કે, કોઇ પણ પ્રકારનું જ્ઞાન સુંદર ચારિત્રવાળા મનુષ્યોને સારી રીતે પ્રગમી શકે એ વિશેષ બનવા યોગ્ય છે, પરંતુ તે વાત પણ

એકાન્તિક ન કહેવાય. ઘણા સુંદર અને પવિત્ર ચારિત્રવાન્ પુરૂષો પોતાનામાં આ નમવા યોગ્ય ચારિત્રગુણ પ્રકટાવે છે, છતાં તેઓમાં બુદ્ધિબળની મંદતા ન જ હોય એમ ન કહેવાય. શ્રાવકો ચારિત્ર રહિત હોય છતાં બુદ્ધિબળમાં વિશેષ પણ હોઇ શકે. અર્થાત્ ચારિત્ર અને જ્ઞાન એ બન્ને પદાર્થોના વિષયો અને શક્તિઓ સ્વતંત્ર હોઇ જૂદા જૂદા પ્રકારે છે. ચારિત્ર અને જ્ઞાન બન્ને હોય તો તેના જેવું એકે ઉત્તમ નહીં, પણ ચારિત્ર ન હોય ત્યાં જ્ઞાન હોવું નજ ઘટે એમ કાંઇ નિર્ણય ન ગણાય.

વળી, શ્રાવક સમુદાયને આગમનું શ્રવણ માત્ર ઘટે અને સ્વતંત્ર વાંચન ન ઘટે એવી પરંપરા ચાલતી વાત, એકાંત સિદ્ધાંતરૂપ હોય એમ અમને બેસતું નથી. પંદર પ્રકારે "સિદ્ધ" થઇ શકે એવો જે અભિપ્રાય છે તેમાં ગૃહસ્થ લિંગે પણ 'સિદ્ધપદ' ની પ્રાપ્તિ થવા યોગ્ય કહી છે, તો પછી આપણને સ્વાભાવિક એ જાણવાની ઇચ્છા થવી ઘટે કે, ગૃહસ્થલિંગે સિદ્ધપદની પ્રાપ્તિ કરવા સુધીની દશાએ પહોંચેલ એવા ગૃહસ્થ પુરૂષોને આગમનું જ્ઞાન માત્ર શ્રવણરૂપેજ હોય અને સ્વતંત્ર વાંચનરૂપે ન હોય કે શું ? ગૃહસ્થલિંગે સિદ્ધપદની પ્રાપ્તિ કરી શકવી એ તો અપવાદરૂપ વાત છે, પરંતુ આ ઉદાહરણ આપવાનો હેતુ માત્ર એટલો છે કે, શ્રાવકોને માટે ઉપર્યુક્ત ચાલતી પરંપરાની માનીનતા એકાંત સિદ્ધાંતરૂપ માનવાનું બની શકે તેમ નથી.

ત્યારે એમ દલીલ કરવામાં આવશે કે, આ તમે વિચારો બતાવો છો તેવા વિચારો પૂર્વ પુરૂષોએ આ માનીનતા ઉત્પન્ન કરતી વખતે ધ્યાનમાં લીધા નહીં હોય ? અમે કહીએ છીએ કે જરૂર લીધાજ હોવા જોઇએ તેઓની માનીનતામાં ઘણું વજુદ છે, કેમકે એ વાત કેવળ સાચી છે કે, જે પુરૂષો–મુનિરાજો–ને હમેશનો આગમ જ્ઞાનનો પરિચય છે, જે પુરૂષો આગમ જ્ઞાનના ખાસ અભ્યાસીઓ છે, વળી જેનું ચારિત્ર પવિત્ર અને વીતરાગતા ઉપજાવનારૂં છે તે પુરૂષો–મુનિરાજો દ્વારા આગમનું–શા માટે સર્વ ગ્રંથોનું–જ્ઞાન થવાની તક મળે, તો તે મોટા ભાગ્યની વાત છે; પરંતુ તેવી તક, તેવો યોગ ન મળે, તો શ્રાવક સમુદાયને માટે એકાંત આગમના સ્વતંત્ર વાંચનની મના લાભદાયક છે એમ અત્યારના સંજોગોમાં તો લાગી શકતું નથી. અમને અહીં એમ કહેવામાં આવશે કે, શું તે વખતના સંજોગો અને અત્યારના સંજોગોમાં ફેર પડી ગયો છે ? અમે કહીએ છીએ કે, બહુ મોટો ફેર સંજોગોમાં પડી ગયો છે.

યોગોદ્વહન ક્રિયાની પ્રથા અને શ્રાવકોથી સૂત્રો ન વંચાય એવી માનીનતાની ઐતિહાસિક દૃષ્ટિએ તપાસઃ–

આગમના અભ્યાસની પાત્રતા વિષે પૂર્વે બંધાએલા નિયમો જે સંજોગોમાં ઘડાયા હતા તે સંજોગોમાં અને અત્યારના સંજોગોમાં ફેર પડી ગયો છે એવું બતાવવા પહેલાં, અમારે બે બાબતોની ઐતિહાસિક તપાસ રજુ કરવી પડશે. એક બાબત એ છે કે, અમુક અમુક સૂત્રોનો અભ્યાસ અમુક વખતના દીક્ષા પર્યાય વાળા સાધુઓ કરી શકે અને તેને માટે અમુક અમુક યોગોદ્વહન આદિ ક્રિયાઓ કરવી જોઇએ તેને લગતી છે; અને બીજી બાબત શ્રાવકોથી સૂત્ર ન વાંચી શકાય એવી માનીનતાને અંગે છે.

અમો જાણીએ છીએ ત્યાં સુધી જૈનાગમના અભ્યાસી મુનિ મહારાજોનું કહેવું એવું છે કે, આગમના અભ્યાસ પૂર્વે મુનિ રાજોએ ચોક્કસ યોગ્યતા મેળવવી જોઇએ એવી

આજ્ઞા પરમકૃપાળુશ્રી ભગવાનના આશય અનુસાર પૂર્વના મહાન્ આચાર્ય મહારાજોએ કરેલી છે. જૈનાગમના અભ્યાસી મુનિ મહારાજો આવા આશયે તે આજ્ઞા ભગવાનની કરેલી છે એમ માનતાં હોય તો તે સ્વીકારણીય છે. પરંતુ જેઓ જૈનાગમના અભ્યાસી નથી એવા સામાન્ય મનુષ્યો તેવી આજ્ઞા ખુદ શ્રી ભગવાનના મુખનીજ છે એમ શ્રદ્ધાપૂર્વક સ્વીકારતાં છતાં નીચેની એક ઐતિહાસિક દલીલ રજુ કરે તો તેને વિચારવાનો અવશ્ય વિચારને પાત્ર લેખ્યા વિના નહીં રહે. ભગવાન્ મહાવીર સ્વામીએ જે વખતે પોતાના શિષ્યજનોને, આગમમાં કથેલાં બોધનો ઉપદેશ કર્યો તે વખતે, ભગવાન્ મહાવીર સ્વામીનો હેતુ બોધ અર્થે બોધ કરવાનો હતો, પણ પુસ્તકરૂપે તેઓના બોધને ગુંથવાનો નહોતો; અથવા એમ કહીએ કે, તેઓ કૃપાળુશ્રીએ કાંઈ પુસ્તકરૂપે ગુંથણી કરી નહોતી. તેઓ શ્રીએ પુસ્તકરૂપે ગુંથણી કરી નહોતી અથવા તેમ કરવાનો તેઓનો તે સમયે—પોતાના શિષ્યોને બોધ આપવાના સમયે–હેતુ નહોતો તો પછી શ્રદ્ધાના કયા પ્રકારથી એમ માનવું કે. જેનો અર્થાત્ પુસ્તકરૂપે ગુંથણીનો તે સમયે જન્મજ નહોતો, તે પુસ્તકરૂપ ગુંથણીનો અભ્યાસ અમુક દિક્ષાપર્યાય પાળ્યા પછી કરવો, અથવા અમુક યોગોદ્વહન ક્રિયાઓ પછી કરવો, અથવા શ્રાવકોએ સૂત્રનું વાંચન ન કરવું ઇત્યાદિ નિયમો ખુદ ભગવાનશ્રીના મુખમાંથી નીકળ્યા હતા? સૂત્રોની ગુંથણી તો આચાર્ય મહારાજ શ્રીદેવર્દ્ધિગણિક્ષમાશ્રમણે ભગવાનશ્રીના નિર્વાણ પછી લગભગ એક હજાર વર્ષે કરી છે, એટલે ગુંથણી થયા પૂર્વે એક હજાર વર્ષે ભગવાને નિયમો ઘડયા હોય એ વાત કેવા આકારે સમજવી?

આ ઉપરથી એ આજ્ઞા ભગવાનશ્રીના આશયપૂર્વક કરેલી હોવાનું કહેવામાં આવે તો તરત ગ્રાહ્ય થવા યોગ્ય છે. આચાર્ય મહારાજોની ભગવાનશ્રીના આશય–અનુસારની આજ્ઞા પણ આપણે ભગવાનની આજ્ઞા સમાન ગણી શિરસાવંદ્ય તરીકે સ્વીકારવાની છે, કેમકે તે આચાર્ય મહારાજો પ્રભુના તીર્થનાયકો અને તીર્થરક્ષકો હતા.

આ સૂત્ર વાંચનના અભ્યાસીઓના અધિકાર—અનધિકારના નિયમો બાંધતી વખતે અધિકારીપદનો–હેતુ પોતાની સન્મુખ રાખ્યો હતો. ત્યારબાદ એક બીજા મહાબળવાન હેતુ પૂર્વક ત્યાર પછીના સત્પુરૂષોએ આ નિયમોને પુનર્જીવન આપ્યું હતું.

જેઓને જૈનધર્મના વાસ્તવિક ઇતિહાસનો અભ્યાસ છે તેઓનો અનુભવ છે કે, પાછળથી જેઓ ચૈત્યવાસીઓ તરીકે ઓળખાયા તેઓના હાથમાં એક વખત આખી જૈનસમાજની લગામ હતી. આ વખતે કાંઈ જેને આપણે વાસ્તવિક જૈનસાધુ મહારાજ તરીકે અત્યારે ઓળખીએ છીએ તે સાધુ મુનિરાજો નહોતા. માત્ર યતિગણોનું રાજ્ય હતું. આ યતિગણોના વારસો તરીકે પાછળથી જેઓ ચૈત્યવાસીઓ તરીકે ઓળખાયા તેઓની ચારિત્રભ્રષ્ટતા એટલી હદસુધી વધી ગયેલી કે, આપણને તેનો વિચાર કરતાં પણ ત્રાસ છુટે તેવું છે. આવી ચારિત્રભ્રષ્ટતા છતાં, તે ચૈત્યવાસીઓના કાબુમાં જૈનસમાજ એટલી બધી મૂકાઈ ગઇ હતી કે, તેમાંથી તેને મુક્ત કરવા માટે નવાંગી ટીકાકાર શ્રી અભયદેવ-સૂરિ જેવા મહત્પુરૂષોને અથાગ પરિશ્રમ કરવો પડેલો.

આ ચૈત્યવાસીઓ શ્રાવક સમુદાય પાસેથી અનેક પ્રકારે દ્રવ્ય કઢાવતા હતા. જ્યોતિષ, શાસ્ત્રવાચન અને અનેક બીજા રસ્તે પુષ્કળ નાણું કઢાવતા હતા. તેઓ ચારિત્ર ભ્રષ્ટ

હતા, તેઓ અનેક સારા અને નરસા ઉપાયોથી પૈસો કઢાવતા હતા, છતાં તેઓમાં સામાન્ય જૈનસમાજની એટલી બધી શ્રદ્ધા હતી કે, ચૈત્યવાસીઓની વિરૂદ્ધમાં કાંઈ પણ બોલવું કે વર્ત્તન કરવું એ મોટું જોખમ ખેડવા બરાબર હતું.

આવી સ્થિતિ હોઇ, ચૈત્યવાસીઓ પ્રત્યેથી સમાજનો લક્ષ ઘટે તેટલા માટે અનેક આચાર્ય મહારાજોએ સીધા (direct)અને આડકતરા (Iudirct) પ્રમાણિક (honest) ઉપાયો લીધા હતા. ચૈત્યવાસીઓ આગમનું વાંચન કરતા, અને શ્રાવકો પુષ્કળ દ્રવ્ય આપતા હતા એ પ્રથાને ફેરવવાને ઉપરના ધોરણને અનુસરી સીધા અને આડકતરા અનેક પ્રમાણિક ઉપાયો, આચાર્ય મહારાજોએ લીધેલા.

અંધશ્રદ્ધાની નાડી બરાબર તપાસીને આચાર્ય મહારાજોને ખાત્રી થઇ હતી કે, ચૈત્યવાસીઓના ભયંકર કાબુમાં આવી ગયેલા સમાજને જો એમ કહેવા જઇશું કે, "આ ચૈત્યવાસીઓ ચારિત્ર ભ્રષ્ટ છે, એટલે તેઓ આગમનો બોધ કરવાને લાયક નથી. તમારી પાસેથી પૈસા કઢાવવાનો આ ધંધો લઇ બેઠા છે, તો તો તેઓ (એટલે અંધશ્રદ્ધાવાળી સમાજ) માનશે તો નહીંજ, પણ ઉલટા ખળભળી ઉઠી ત્રાસ આપશે." આવી સ્થિતિ અનુભવી તેઓએ (આચાર્ય મહારાજોએ) ઘણોજ ડહાપણનો માર્ગ શોધી કાઢયો. આચાર્યમહારાજોએ મનુષ્ય સ્વભાવનું અવલોકન કરી કામ લીધું. કેટલીક વખતે અંધ શ્રદ્ધાથી નરસી (ખરાબ) સ્થિતિનું ભાન થતું નથી. પણ જ્યારે ખરાબ સ્થિતિની પડખે સારી સ્થિતિ ઉભી કરવામાં આવે છે ત્યારે, સારા નરસાનો ભેદ ઓળખવાનું અંધ મનુષ્યો પણ શીખે છે. ચૈત્યવાસીરૂપ નરસી વ્યકિતઓના આચાર વિચારની પડખે, શુદ્ધ ચારિત્ર ધારી સાધુમહારાજોના આચાર વિચાર મૂકાયાથી, શુદ્ધ ચારિત્રધારી સાધુઓ પ્રત્યે લક્ષ થાય એ કેવળ કુદરતી છે. આગમનું વાંચન કરવાનો હક (Right) સત્તાની રૂએ પોતાનો છે, અને તેના બદલામાં શ્રાવકોએ અમુક ધર્મનો આકાર આપી તેઓને દ્રવ્ય આપવાને બંધાએલા છે એવી દૃઢ માન્યતા ધરાવનાર ચૈત્યવાસીઓ આગમનું વાંચન કરવાને અધિકારી નથી એમ ઠસાવવા માટે જો આચાર્ય મહારાજ સીધો પ્રયત્ન કરે, તો ચૈત્યવાસીઓ પોતાની રાજસત્તા જેવી સમાજ ઉપરની સત્તાથી ત્રાસ આપે તેમ હતું, અને શ્રાવકો ફેરવાય તેમ નહોતું. આ સ્થિતિ હોઇ, આચાર્ય મહારાજોએ આડકતરો (Indirect) પણ પ્રમાણિક (honest) ઉપાય શોધ્યો. તેઓએ શોધેલો ઉપાય એ હતો કે, આગમના વાંચન અને શ્રવણના અધિકારી કોણ હોઇ શકે એ સંબંધીના કેટલાક મૂળ નિયમોનો પુન્નરૂદ્ધાર કર્યો અને કેટલાક ઉપકારક નિયમો સમયાનુકૂળ કર્યા. એ નિયમો એવા સુંદર હતાં કે. જેથી સમાજનું ધ્યાન ચૈત્યવાસીઓ પ્રત્યેથી ખસી, જઇ, કુદરીતે રીતે, શુદ્ધ ચારિત્ર ધારી મુનિરાજો પ્રત્યે ખેંચાય આ સંજોગોમાં જે નિયમો સ્થાપીત થયા તેમાં અમુક વર્ષની દીક્ષા પર્યાય વાળા સાધુ અમુક સૂત્ર વાંચી શકે, અમુક યોગોદ્વહન આદિ ક્રિયા કર્યા પછી વાંચી શકે આદિ અનેક યોજનાઓ હતી. મનુષ્યસ્વભાવ એવો છે કે, નરસી અને સારી ચીજ સાથે ઉભેલી દેખાય ત્યારે બન્નેની સરખામણી કરી સારીને ગ્રહણ કરી નરસીને છોડી દે છે. આચાર્ય મહારાજોએ ઉપર કહ્યા તે નિયમો સ્થાપીત કર્યા એટલે તેનું શુદ્ધ ચારિત્રધારી સાધુઓથી પાલન થતું જોઇ સ્વાભાવિક રીતે સમાજને એમ મનમાં આવવા લાગે કે, આ સાધુઓ ચૈત્યવાસીઓ કરતાં આટલા બધા શુદ્ધ ચારિત્રધારીછે છતાં તેઓ અ-

મુક યોગ્યતા મેળવ્યાબાદ આગમોનો અભ્યાસ કરવાને પોતાને લાયક માને છે, અને ચારિત્રભ્રષ્ટ ચૈત્યવાસીએ તો કોઇપણ પ્રકારની યોગ્યતા તો બાજુએ રહી પણ બધી અયોગ્યતા છતાં આગમના વાંચનના પોતાનેજ હકદાર વારસ માને છે. આવી રીતે બન્નેની સરખામણી કરતાં શીખે, અને પરિણામે તેઓની પાસેથી દ્રવ્ય કઢાવવાનો ચૈત્યવાસીઓનો હેતુ હતો એવું સમાજ અનુભવી શકે એવા ઇરાદાથી આચાર્ય મહારાજેએ અધિકારીયોગની બાંધણી કરવામાં અંતર્ગત આવો પરમોપકારી હેતુ રાખેલો. સામાન્ય (general) હેતુ અધિકારીપદના નિયમો સ્થાપવાનો હતો અને ખાસ (special) હેતુ ચૈત્યવાસીઓ પ્રત્યેથી લક્ષ ફેરવવાનો હતો.

આગમના અભ્યાસની સાધુની પાત્રતાને અંગે આવા ખાસ હેતુપૂર્વક સ્થાપીત કરેલા નિયમોથી કુદરતી રીતે શ્રાવકની પાત્રતાનો હક પડતો મૂકાય અથવા જતો થાય એ દેખીતું છે. જેવી રીતે સરકારી નોકરી સર્વ કોઈ લઈ શકતું હોય અને પછી સરકાર તરફથી નિયમ ઘડાય કે, અમુક વરસની ઉમેદવારી કર્યા પછીના એમ૦ એ૦ ને નોકરીના અધિકારી ગણવામાં આવશે, તો સેહેજે એમ૦ એ૦ થી ન્યૂન હોય તેનો અધિકાર જતો થાય છે.

આ રીતે જ્યાં સાધુને માટેજ સખત નિયમોનું સ્થાપીત થયું એટલે શ્રાવકોના અધિકારનો સવાલજ કયાંથી થાય, કેમકે શ્રાવકોની તો સાધુ જેવી દશા નથી.

આવી સ્થિતિમાં યોગોદ્વહન ક્રિયા આદિ ચાલતી પ્રથાઓના નિયમો સ્થાપીત થયેલા અને શ્રાવકોનો અધિકાર પડતો મૂકાએલો હોવાયોગ્ય છે એમ જો ઇતિહાસશાસ્ત્રની દ્રષ્ટિએ તપાસ કરવામાં આવે તો ખાત્રી થવા સંભવ છે.

હવે એમ આશંકા કરવામાં આવશે કે, ભગવતી આદિ સૂત્રોનાં વાંચન પવિત્રચારિત્ર ધારી મુનીઓ કરે છે ત્યારે પણ સોના મહોરો, રૂપા મહોરો મૂકવામાં આવે છે અને તમે એમ કેમ કહો છો કે, ચૈત્યવાસીઓ શ્રાવકો પાસેથી પૈસા કઢાવતા હતા તે અટકાવવાનો આચાર્ય મહારાજેનો હેતુ હોઇ, ઉપર કહ્યા તે નિયમો સ્થાપ્યા છે ?

આ સંબંધમાં અમારી માનીનતા આ પ્રમાણે છેઃ જ્યારે અમુક નુકશાનકારક બાબતને દૂર કરવાની હોય છે અને તે બાબતને દૂર કરવાથી જેઓને સીધું નુકશાન થાય છે તેઓ, જેઓ તે નુકશાનકારક બાબતને દૂર કરવા માગે છે તેઓને પોતાથી બનતી દરેક રીતે ત્રાસ આપવાનું કરે છે, અને ખાસ કરી જ્યારે જે પક્ષને નુકશાન ખમવું પડે છે તે પક્ષનો સમાજ ઉપર કાબુ હોય છે ત્યારે વિશેષ ત્રાસ આપી શકે છે. આવા પ્રસંગે તે નુકશાનકારક બાબત (બદી)ને ખસેડવા માંગનારાઓ જો સક્રિય (active) ઉપાય અજમાવે છે, તો, જેઓને નુકશાન થાય છે. તેઓ નુકશાન કરનારને પોતાના સમાજ ઉપરના કાબુની સહાયતાથી પજવી શકે છે, અને તેનું પરિણામ એ આવે છે કે બદી દૂર કરવા માગનારનો હેતુ સાર્થક થતો નથી, અને ઉલટું ત્રાસ ભોગવવાનું થાય છે. આવા પ્રસંગે બદી દૂર કરવા ઇચ્છનારાઓ શાંત (Passive) ઉપાય અજમાવે છે. આવો શાંત (Passive) ઉપાય અજમાવે તોજ ધારેલું ફળ લાવી શકાય છે. સૂત્રના વાંચનની ક્રિયા માટે શ્રાવકો દ્રવ્ય આપતા હતા તે બંધ કરવાનો ઉપદેશ જો શુદ્ધ ચારિત્રધારી આચાર્ય મહારાજે આપવારૂપ સક્રિય (active) ઉપાય અજમાવે તો તે વખતે

સૂત્રનું વાંચન કરી નિર્વાહ કરનારા ચૈત્યવાસીઓને દ્રવ્ય સંબંધીનું સીધું નુકશાન થાય તેમ હતું એટલે તેઓ પોતાને આશ્રીત એવી અંધ શ્રદ્ધાવાળી સમાજની સહાયતાપૂર્વક પજવી શકે તેમ હતું. આ સ્થિતિ જોઇ આચાર્ય મહારાજોએ શાંત (Passive) ઉપાય અજમાવેલો. સૂત્રના વાંચન અર્થે શ્રાવકો દ્રવ્ય ખર્ચતા હતા તે દ્રવ્યનો ઉગયોગ પોતાના ખાનગી અને અંગત (Private and personal) વપરાશમાં લેવાનો ઉપદેશક વર્ગનો અધિકાર નહોવાનું બતાવવાને બદલે એમ ખ્યાલ ઉભો કર્યો કે, આગમના માહત્મ્ય અર્થે શ્રાવકો સોનામહોરો, રૂપા મહોરો મૂકે છે તે જ્ઞાન ખાતા અર્થે વાપરવી જોઇએ. આવી રીતે એક પદ્ધતિમાં સમાયેલા નુકશાનની જગોએ તેજ પદ્ધતિમાં લાભની યોજના કરી. આવી પદ્ધતિપૂર્વક કામ લેવાથી ચૈત્યવાસીઓથી સીધી રીતે ખળભળાટ કરવાનું ઓછું થાય. એક તરફથી ચૈત્યવાસીઓ દ્રવ્યનો ઉપયોગ પોતાના ખાંનગી ઉપયોગ માટે કરે અને બીજી તરફ શુદ્ધ ચારિત્રધારીઓ, દ્રવ્યને મુદલ અડકયા વિના તેનો ઉપયોગ જ્ઞાનમાર્ગે કરાવે એવું જોઇને સમાજ સ્વાભાવિક રીતે શુદ્ધ ચારિત્રધારીઓ તરફ આકર્ષાય એ દેખીતું છે. આવી રીતે આ શાંત (Passive) ઉપાય કામે લગાડી પૂર્વાચાર્યોએ આ પદ્ધતિનો ઉપયોગ સન્માર્ગે કરાવી, ચૈત્યવાસીઓનો અંગત સ્વાર્થ લોકોને સમજાવ્યો હતો.

આ ચર્ચા ઉપરથી, પૂર્વના આચાર્ય મહારાજોએ કેવા સુંદર આશયપૂર્વક, યોગોદ્દહન આદિ ક્રિયાનું નિરૂપણ કર્યું હતું તે જોઈ શકાશે. તેમજ શ્રાવકોથી સૂત્ર ન વંચાય એવી માનીનતા કેવા પ્રકારે ઉત્પન્ન થઈ હતી અર્થાત્ તેઓનો આગમવાચનનો હક કેવી રીતે પડતો મૂકાયો હતો તે પણ જોઇ શકાશે. સૂત્રનેમાટે જ નહિ પણ કોઈ પણ સાહિત્યને માટે અધિકારીયોગ તો જોવાયજ છે, પરંતુએ અધિકારીયોગનું નિરૂપણ કરતાં ખાસ સંજોગોથી ઉત્પન્ન થયેલા ખાસ કારણોને, દેશ કાળાદિના સંજોગો બદલાય ત્યારે વિચારવાની ખાસ ફરજ આપણા શીરપર આવી પડે છે. ચૈત્યવાસીઓના પ્રસંગથી ઉત્પન્ન થયેલ સંજોગોને અનુસરી અધિકારી યોગ્યતામાં ચારિત્રધર્મનું વિશેષ આરોપણ થયેલું; અને તેથી શ્રાવકોનો આગમવાચનનો હક, પરિણામે (consequently) પડતો મૂકાયેલો. આ સંજોગો હાલના દેશ કાળાદિના ન હોઇ, અમે સમાજને સવિનય પૂછવા રજા લઇએ છીએ કે હવે બદલાયેલા સંજોગોમાં આપણી માનીનતાને વિશાળ (Broad) કરવી યોગ્ય ધારવી કે નહીં ?

જૈનશાસનની હેલના થતી અટકાવવા માટે આગમ પ્રકાશનની કેટલી બધી જરૂર છે ?

આટલી ઐતિહાસિક તપાસ લીધા બાદ, આગમનું વાચન ગૃહસ્થ-શ્રાવક વર્ગને ઘટે નહીં એવી સમજાવટના સંબંધમાં અમો વિશેષ જણાવવા રજા લઇએ છીએ કે, આ પરંપરાકથનના ઇતિહાસમાં સૂક્ષ્મતાપૂર્વક જવા જેટલો અહીં અવકાશ નથી, તેમ શાસ્ત્રવિવાદનું આ સ્થળ નથી, અને સ્થળ હોય તો પણ શાસ્ત્રવિવાદનું હમેશાં બન્યું છે તેમ કોઈ દિવસ ફળ આવી શકતું નથી. આ પરંપરાકથન સ્વીકારનાર સમુદાય-યાદ રહે કે, સ્થાનકવાસી સમુદાય આ કથનને સ્વીકારનાર સમુદાય નથી-પ્રત્યે અમો એટલુંજ કહેવા રજા માંગીએ છીએ કે, આ પરંપરાકથનનું પોષણ કરવામાં આપ જેમ આપની જિનપ્રભુ પ્રત્યેની ભક્તિ માનો છો, તેમ અમો પણ તે પ્રભુના વચનામૃતોનો લાભ સર્વજગતને અપાવવામાં તેમજ તેઓશ્રીના

અમૃત વચનોના અનર્થો થતાં અટકાવવામાં તેઓશ્રી પ્રત્યેની ભક્તિ શિવાય અન્ય કોઈ કારણથી પ્રેરાયા, આપને કે કોઇને પણ લાગવાંજ ન જોઈએ, કારણ કે આ મેહેનતમાં ઉતરવાને અને શારીરિક, માનસિક તથા દ્રવ્યાર્થિક ભોગ, અમારે જે કાંઈ પણ આપવો પડશે તે માટે કોઈનું દબાણ કે ફરજ હતાંજ નહીં. પરંપરાકથનના સૂક્ષ્મ ઇતિહાસ અને શાસ્ત્રવિવાદમાં ન ઉતરતાં અમે એટલુંજ કહીશું કે, એ પરંપરાકથન ગમે તે કારણથી ઉત્પત્તિ પામ્યું હોય, પણ અત્યારના દેશ કાળાદિના જે સંજોગો બદલાયાં છે તેનો ખ્યાલ કરવામાં નહીં આવે, તો પરંપરા કથનના રક્ષણથી જેટલો ફાયદો થવા યોગ્ય છે તેના કરતાં તે કથનના પોષણ કરવા જતાં જૈનશાસનની હેલના થવારૂપ અનેક ગુણું નુકશાન થવાનો સમય જરૂર આવી પહોંચ્યો છે. જેઓ માત્ર પોતાના ધર્મસ્થાનો અને સમુદાયનેજ આખું જગત્ સમજે છે તેઓને અમારે કાંઈ કહેવાનું નથી, પરંતુ જેઓ પોતાના ધર્મસ્થાનો અને સમુદાય ઉપરાંત બીજું પણ જગત્ છે એમ સમજે છે તેઓ જાણતા હોવા જોઇએ કે, ઇગ્લંડ, ફ્રાન્સ જર્મની, ઈ-ટૅલી, ઑસ્ટ્રીઆ, રશિયા આદિ યુરોપના ભાગોમાં, અને અમેરિકા આદિ દેશોમાં બૌદ્ધ અને જૈન માર્ગના સાહિત્યનો અભ્યાસ બહુ કરવામાં આવે છે. એ દેશોમાં આપણા દેશના જૂના શાસ્ત્રગ્રંથોના જે પુસ્તકાલયો છે તેવાં આપણે ત્યાં એક પણ નથી. એ દેશોના વિદ્વાનો સંસ્કૃત, પાલી, પ્રાકૃત અને માગધી તથા ગુજરાતી ભાષાના મોટા અભ્યાસીઓ છે. આ વિદ્વાનો પૈકી, મો० વેબર, ડૉકટર બુહ્લર, પ્રો. મેકસમુલર, હતા. હર્મન જેકૉબી આદિ વિદ્વાનોએ કેટલાંક સૂત્રો—આગમના અંગ્રેજી તથા જર્મન ભાષામાં ભાષાંતરો કર્યાં છે. કેટલાંકે અંગ્રેજી, જર્મન અને ફ્રેંચ, રશ્યન ભાષાઓમાં જૈનના આગમો, જૈનના તત્ત્વજ્ઞાન અને જૈનના આચાર વિચાર ઉપર લેખો લખ્યાં છે. આ લેખકોએ જાણી બુ-ઝીને નહીં, પણ પોતાની મતિ અનુસાર, એવા વિચારો દર્શાવ્યા છે કે, જે જૈન સિદ્ધાં-તથી કેવળ વિરૂદ્ધ છે એટલુંજ નહીં પણ જૈન ધર્મની નિંદા કરાવનાર પણ છે.

અમારી નજર પહોંચે છે ત્યાં સુધી જોતાં અમને જણાય છે કે, તેર લાખ જૈનો-નીની વસતીમાંથી આંગળીને ટેરવે ગણાય તેટલાં જૈનો પણ નહીં જાણતા હોય કે, જ-ર્મન ભાષામાં પ્રોફેસર વેબરે ૪૫ જૈનાગમ સંબંધમાં એક નિબંધ લખ્યો છે. આજ રીતે શ્રી ભગવતી સૂત્રના કેટલાક ભાગનું જર્મન ભાષામાં ભાષાંતર કર્યું છે. ઉપાસક દશા-ગનું ભાષાંતર પણ થયું છે. પ્રો. હ. જેકૉબીના ભાષાંતરો જાણીતા છે. અમેરિકામાં પ્રકટ થયેલ "Religions of India" (હીંદના ધર્મો) માં પણ જૈનાગમ સંબંધમાં ઉલ્લેખો છે. પશ્ચિમ ભણીની જૂદી જૂદી ભાષાઓમાં જૈનધર્મ તથા જૈનાગમ વગેરે વિષયો ઉપર એટલું બધું લખાયેલું છે કે, જો તેનો સંગ્રહ કરવામાં આવે તો આપણને એક આશ્ચર્યતાની મૂર્તિજ લાગ્યા વિના ન રહે.

પ્રોફેસર વેબરે ૪૫ જૈનાગમ સંબંધમાં લખેલો નિબંધ એટલો સૂક્ષ્મ રીતે અને એવા અભ્યાસથી લખ્યો છે કે, અમને કહેતાં ખેદ થાય છે કે, આપણા વર્તમાન જૈન-સમુદાયમાં એક પણ વ્યક્તિ, તરતજ તેનું ખંડન (Refutation) કરવા શક્તિ ધરા-વતી હોય તેની અમને તો શંકાજ છે; જો કે અમને એટલું જણાય છે કે, પ્રો. વેબ-રની ગમે તેટલી સૂક્ષ્મ કાળજી છતાં, તેના અવલોકનનું ખંડન થઈ શકે તેવું તત્ત્વ જૈન

દૃષ્ટિને તરત જોવામાં આવે તેમ છે.

દાખલા તરીકે, વેબર સાહેબે જર્મનભાષામાં નીચે પ્રમાણે લખે છે તેનું ખંડન થઈ શકે તેમ છે:—

"આટલું વિસ્તારથી કહ્યા પછી આપણે બીજા સવાલ વિષે જઇ શકીએ. આ સવાલ સંબંધી ટુંક વિવેચન કરીશું. તે સવાલ એ છે કે જૈનોના સિદ્ધાંત સાથે ઉત્તર તેમજ દક્ષિણ તરફના બૌધ્ધોના પવિત્ર ગ્રંથોને શું સંબંધ રહેલો છે? જેમ જેમ આપણી તપાસ વધતી જશે તેમ તેમ આ વિષય પર થોડો થોડો પ્રકાશ પડતો જશે. પ્રસ્તુત સવાલનો નિર્ણય આપણે ફતેહથી ત્યારેજ કરી શકીએ કે જ્યારે આપણે મૂળ ગ્રંથોનેજ સરખાવવાની સ્થિતિમાં આવીએ.

"સિદ્ધાંતમાં રહેલા અર્થની નીચલી તપાસ પહેલાં મૂળ ગ્રંથો કે જે સિદ્ધાંતોના ભાગ તરીકે વર્તમાનકાળમાં ગણવામાં આવે છે તેનું ખરૂં બંધારણ શું છે તે આપણી પાસે રજુ કરે છે. આ તપાસમાં બુહ્લરે રાખેલો ક્રમ સ્વીકારવામાં આવ્યો છે (જુઓ ઉપર-પૃષ્ટ ૨૨૬) બીજુ તેમાં આપેલ તારીખોના નિર્ણયપરથી આ તપાસથી કેટલાક અતિશય અગત્યના સવાલો જેવા કે દરેક અંકકા અંગના લેખનકાલ અને જૈન ધર્મના સ્થાપકના જીવનવૃતાંતપર ઘણું પ્રકાશ પડશે એવી રીતે મેં જૈનોના ધર્મસાહિત્યપર પ્રયાસ કર્યો છે.

"જૈનોનું ધર્મ સાહિત્ય વિસ્તારમાં અપરિમિત છે એટલુંજ નહિ પરંતુ તેની એકસમાનતા અને બુદ્ધિવિષયક શિથિલતા માટે પ્રખ્યાત થયેલ છે.

"આ સંબંધે વધારે ખાત્રીવાળી હકીકતો બર્લિનની રૉયલ લાયબ્રેરીના સંસ્કૃત અને પ્રાકૃત હસ્તલિખિત પ્રતોના મારા કૅટલૉગના બીજા ભાગમાં માલુમ પડશે. આ કૅટલૉગ અત્યારે પ્રેસમાં છપાય છે. ૧૮૭૬ માં પ્રસિદ્ધ થએલ અંગો અને ઉપાંગોની કલકત્તા અને મુબઇની આવૃત્તિઓમાં કમનસીબે ફક્ત ૧૦ મા અંગ અને બીજા ઉપાંગની આવૃત્તિઓનોજ ઉપયોગ કરી શકયો છું.

"આ પ્રસ્તાવનાના અંતે એટલું કહેવાની રજા લઇશ કે મારો અંગત અભિપ્રાય હજુ સુધી એ છે કે **જૈનો બૌધ્ધો શાખાઓમાંની એક જુનામાં જુની શાખા છે.** જૈનધર્મ સ્થાપક સંબંધીની પુરાણ કથા બુદ્ધ શકયુમુનિ પોતાના શિવાય બીજી વ્યક્તિ સંબંધી થોડું વર્ણન આપે છે. તે વ્યક્તિના તેમાં આપેલા નામને બૌદ્ધ દંતકથામાં શાકયમુનિના સમકાલિન પ્રતિસ્પર્ધિઓમાંના એકના નામ તરીકે ગણેલ છે. હું કહુંછું કે આ સત્ય વાત, મારા અભિપ્રાય પ્રમાણે જૈન ધર્મ તે ફક્ત બૌદ્ધ ધર્મની જૂનામાં જૂની શાખાઓમાંની એક શાખા છે એ અનુમાનની સાથે અસંગત થતી નથી. મને એમ સ્પષ્ટ દીસે છે કે જૈન ધર્મના સ્થાપકને બુદ્ધના એક પ્રતિસ્પર્ધિ ગણવાથી સાંપ્રદાયિક તિરસ્કારથી જન્મ પામેલ એક ધર્મસંપ્રદાયને જાણી બુજીને અસંમત ગણીએ છીએ એવું સારી રીતે મનાશે. બૌદ્ધ અને જૈન એ બંને ધર્મના પૌરાણિક ગ્રંથોમાં તે તે ધર્મના સંસ્થાપકોના જીવનવૃત્તાંત અને જીવનક્રમ સંબંધી મળી આવતી સમાનતાઓની સંખ્યા અને ઉપયોગીતા ઉપલા મતથી વિરૂદ્ધ મતની કોઇ પણ દલીલોને તોડી પાડે છે. જો આપણે વિચારીએ—અહિં મેં પાછળ પાને જે કહ્યું છે તે હું ફરીવાર કહું છું—કે જૈનો પોતેજ જેમ કહે છે તે પ્રમાણે જો જૈન

સૂત્રોને જૈનધર્મના સ્થાપકના નિર્વાણ પછી ૧૦૦૦ વર્ષ પછી લેખબદ્ધ કરવામાં આવ્યા હોય તો પછી એતો ખાત્રીપૂર્વક નવાઇ ઉપજાવનારૂં છે કે જેટલું તે સૂત્રોમાં સમાવવામાં આવ્યું છે તેટલું બધું મૂળ (એટલે વીરભાષિત ભા૦ ક) હોય (૨૪૧). આ વચલા સમયમાં જોકે જૈનોની પોતાની પાસેથી (અથવા ખાસ કરીને શ્વેતાંબરો પાસેથી કારણ કે તેના ધર્મસાહિત્ય સાથે આપણે ખાસ કામ લેવાનું છે,) સાત શાખાઓ સંબંધી મળતી હકીકત વજનદાર ખબર હોવાનો ઓછામાં ઓછો થોડોક આભાસમય પ્રકાશ આપે છે. છતાં તે દરમ્યાન જે બનાવો બન્યા તેની કેટલીબધી સંખ્યા હતી, તેની કેટલીબધી ધર્મપર અસર થઇ હતી તે બધું અંધકારથી હાલતો છવાઈ ગયું છે. તેના સંબંધે કંઈ પણ જાણી શકીએ તેમ નથી દાખલા તરીકે નોંધવા લાયક વાત લઇએ. બ્રાહ્મણોના કહેવા પ્રમાણે નગ્નતા (વળી જુઓ વરાહમિહિર ૫૮, ૪૫, ૫૯, ૧૯) કે જે જૈનોની એક મુખ્ય વિશિષ્ટતા છે અને બૌધ્ધોના કહેવા પ્રમાણે જેની વિરૂદ્ધ બુદ્ધ દઢતાથી થયો હતો તે નગ્નતા અંગોમાં તો એક નિરૂપયોગી જગા લે છે. બલ્કે એક આવશ્યક વિધિ તરીકે સ્વીકારવામાં કે ગણવામાં આવી નથી. (જુઓ ભગવતી ૨. ૧૮૭, ૨૩૯, ૩૧૪) પાછલા કાળમાં નગ્ન રહેવાની આવશ્યકતા એક જુદી પડેલી શાખાવાળાએ વિધિતરીકે ઘુસાડી દીધી. પ્રાચીન મતાવલંબી (orthodox) શાખા નામે શ્વેતાંબરોએ ખાસ કરીને દિગંબરો પ્રતિ (જુઓ કુપ૦ ૭૯૭૭) જે તિરસ્કાર એટલી બધી દઢતાથી બતાવ્યો છે તે કે ધ્યાનમાં લઇએ તો આ સંબધી ઘણા લેખો તથા કથાઓ શ્વેતાંબરોના સિદ્ધાંતોમાંથી કાઢી નાંખવામાં આવ્યા હશે એવું ધારવું ઉતાવળા અને વગર વિચાર્યાં અનુમાન તરીકે ગણાશે નહિ. પ્રાચીન મતને અવલંબી રહેનારાઓ પણ જૈનો નગ્ન ફરતા એ વાતની ના પાડતા નથી. તેઓ ફક્ત એટલું સત્ય રીતે દર્શાવે છે કે જે તેવખતે વિધેય હતું તે વર્તમાન વખતમાં વિધેય બની શકે નહિ. ”

ઉપાસકદશાંગમાં પણ જૈન પદ્ધતિથી ઘણું વિરૂદ્ધ છે. અને એજ રીતે ઘણાખરા પશ્ચિમ લેખકોના લેખોમાં છે. અમેરિકામાં પ્રકટ થયેલ “ Religions of India ” માં આગમ સંબંધીનો ઉલ્લેખ જૈન લાગણીને સૌથી વિશેષ દુઃખ આપનારો થઈ પડે તેમ છે. Religions of India અર્થાત્ “ હિંદના ધર્મો ” એ નામનું મોટું પુસ્તક છે અને તે અમેરિકા અને યુરોપની યુનિવર્સિટિઓમાં તુલનાત્મક ધર્મઅભ્યાસ (Comparative study of Religions) માટે ચલાવવામાં આવે છે. અમોને એવો પણ ખ્યાલ રહી ગયો છે કે, હિંદની એકાદ યુનિવર્સિટિમાં પણ આ પુસ્તક ચલાવવાને એકાદ પ્રસંગે ઠરાવ થયો હતો કે ઠરાવ લાવવામાં આવ્યો હતો. આ પુસ્તકમાં આચારાંગ સૂત્રના સંબંધમાં લખતાં કહેવામાં આવ્યું છે કે,

“ Such is the decision in the Acharang Sutra, or book of usages for the Jain monk and nun. From the same work we extract a few rules to illustrate the practices of the Jains. This literature is the most tedious in the world, and to give the gist of the heretic-law-Maker's manual will suffice.”

આ ઉલ્લેખનો સાર આ પ્રમાણે છે:—

" આવો નિર્ણય સાધુ-સાધ્વીના આચારદર્શક આચારાંગ સૂત્રમાં કરવામાં આવ્યો છે. આ પુસ્તકમાંથી અમે થોડાક નિયમો જૈનોના આચાર દર્શાવવા લઇએ છીએ. આ સાહિત્ય સમસ્ત જગત્માં સૌથી અત્યંત કંટાળો આપે તેવું છે; અને તે નાસ્તિક આચાર બાંધનાર (શ્રી તીર્થંકર)ના લઘુગ્રંથનો નિષ્કર્ષ આપીશું તો બસ થશે. "

જૈન અને જૈનાગમ સંબંધમાં પશ્ચિમ ભણીના વિદ્વાનોએ ઘણું લખ્યું છે. એટલું બધું લખ્યું છે કે, નવીન રોશનીના જૈનોએ તેનો $\frac{1}{1000}$ મો ભાગ પણ લખ્યો નથી. અમે પશ્ચિમ ભણીના વિદ્વાનોના જૈનવિરૂદ્ધ લખાએલા લેખો અહીં ઉતારવા બેઠા નથી, કે અમે તે લેખો વિષે વિવેચન કરી આપણી જૈન લાગણીને તેમના તરફ ઉશ્કેરવા માગતા નથી, કેમકે અમે પાશ્ચાત્ય વિદ્વાનોની પરિશ્રમ બુદ્ધિના પ્રશંસક છીએ. અમે તેઓનો ઉલ્લેખ એટલાજ માટે કરીએ છીએ કે, આગમો સાધુ મુનિથીજ વંચાય, ગૃહસ્થવર્ગથી ન વંચાય એવી માનીનતા હજુ પણ કાયમ રાખવામાં જિનેશ્વરોની ભકિત છે કે, તેવી માનીનતા પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવ ફરતાં ફેરવવામાં જિનેશ્વરોની ભકિત છે તેનો જૈન સમાજ વિચાર કરી શકે.

શ્રી જિનાગમ સંબંધી અંગ્રેજી, ફ્રેંચ કે અન્ય પશ્ચિમ ભણીની ભાષાઓમાં લખાએલા લેખો આપણા મુનિ મહાશયોના વાંચવામાં-સમજવામાં વિશેષ આવે કે, કેળવાએલા ગૃહસ્થ વર્ગને વધારે વાંચવામાં આવે એ અમારો પહેલો પ્રશ્ન " ગૃહસ્થથી આગમનું વાંચન એકાંત ઘટેજ નહી એવું માનનાર " ને છે. આ વાતની કોઇથી પણ ના પાડી શકાશેજ નહીં કે, જૈન મુનિરાજોની જે સંખ્યા હાલમાં છે તેમાં લગભગ સર્વ મુનિરાજે પશ્ચિમ ભણિની ભાષાઓના અભ્યાસી નથી. જ્યારે ગૃહસ્થ વર્ગમાંથી સંખ્યાબંધ મનુષ્યો અંગ્રેજી ભાષાના સારા સારા અભ્યાસીઓ છે. ફ્રેંચ ભાષા તથા જર્મન ભાષા પણ યુનિ વર્સિટીમાં શિક્ષણ લેતાં ઘણા વિદ્યાર્થીઓ શીખે છે અને ભવિષ્યમાં શીખવાના.

વસ્તુ સ્થિતિ જો આમજ છે, તો પશ્ચિમભણીના વિદ્વાનોના જૈનાગમ સંબંધી કે જૈન ધર્મ સંબંધી લેખો જ્યારે પણ કેળવાએલા ગૃહસ્થ વર્ગના હાથમાં આવે ત્યારે તેઓના ઉપર તે લેખોની સારી અથવા માઠી અસર થાય કે નહીં ? પશ્ચિમ ભણીના લેખકોના વિચારોની અસર કેટલાક દાખલાઓમાં વિપરીત રીતે વખતે કેળવાએલા જૈન તરૂણો ઉપર ન પડે એ જોકે સંભવિત છે, પરંતુ કેટલાક લેખો તો એવા વિદ્વતા ભરી રીતે ચર્ચેલા હોય છે કે જેની અસર કેળવાએલા તરૂણો તો શું, પરંતુ જુના વિચારોના મનુષ્યો ઉપર પણ પડયા વિના ન રહે. દાખલા તરીકે, પ્રોફેસર વેબરનો જર્મન ભાષામાં જૈનાગમ સંબંધી લખાએલો નિબંધ. એ નિબંધ એટલો વિદ્વતા ભરી રીતે તેમજ ભાષાશાસ્ત્ર (Science of languages) અને ભાષાશાસ્ત્ર (Philology) થી લખાયેલો છે-જો કે તે જૈન માનનીતાઓથી બહુ પ્રતિકૂળ છે-કે તે ખરેખર એક ચમત્કાર જ લાગે. એવો ચમત્કાર લાગે કે, કેળવાએલા તરૂણોના મન ઉપર એવી અસર થયા વિના રહે નહીં કે, આવી સૂક્ષ્મ વિદ્વતા આપણા મુનિરાજો કે ગૃહસ્થ વર્ગમાં હોવાનો સંભવ નથી. આવી અસર થતી કયારે અટકે ? જ્યારે "આગમનું વાંચન ગૃહસ્થ વર્ગને ઘટે નહી એવી માનીનતા દૂર થઇને કેળવાએલા ગૃહસ્થ તરૂણોને માટે જૈનાગમનું વાંચનની છુટ ઘટે ત્યારેજ કે નહીં ?

પશ્ચિમ ભણીની ભાષાઓમાં જૈન કે જૈનાગમ વિરૂદ્ધ જે લેખો લખાય તેના ઉત્તરો વાસ્તવિક રીતે કોણ આપી શકે ? જેઓ પશ્ચિમ ભણીની ભાષાઓના સારા અભ્યાસીએ

છે તે કે નહીં ? પશ્ચિમભણીની ભાષાઓના અભ્યાસીઓ આપણા મુનિરાજો છે કે ગૃહસ્થ વર્ગ ? ભવિષ્યમાં પણ આપણા મુનિરાજો ઇંગ્લીશ, ફ્રેંચ, જર્મન આદિ પશ્ચિમ ભણીની ભાષાઓના અભ્યાસીઓ થવાનો નજીકમાં સંભવ છે કે ગૃહસ્થ વર્ગ થવાનો વિશેષ સંભવ છે ? જો ગૃહસ્થ વર્ગ થવાનો વિશેષ સંભવ હોય તો જૈનાગમનાઅભ્યાસીઓ જો ગૃહસ્થ વર્ગ જાતે પોતેજ ન હોય તો જૈનાગમ વિરૂદ્ધ લખાએલા લેખોનું ખંડન (Refutation) તેઓ કેમ કરી શકે ? જો એવી દલીલ કરવામાં આવે કે, તેવા લેખો બહાર આવે ત્યારે ગૃહસ્થ વર્ગે મુનિરાજોની સહાયતાથી તેના ખંડનો કરવાં. આ વાત એવી છે કે જેમ કોઈ ન્યાયની અદાલતમાં એક મુકરદમો ચાલતો હોય અને બચાવ કરનારે કાયદા કાનુનની સહાદતોનો આધાર બીજા ઉપર રાખવાનો હોય તેના જેવી છે. જે માણુસ પોતે જ કાયદાથી વાકેફ છે તે જેવો બચાવ કરી શકે તેવો બચાવ, જે માણુસ કાયદાની સાહદતોનો આધાર બીજા માણુસ ઉપર રાખીને કરે તેવો થાય ખરો ? વળી હાલના-જે જમાનામાં પોતાના નિર્વાહને માટે માણસોએ જીવતોડ મહેનત કરવાની છે ત્યારે આવા પ્રકારનો લાંબો માર્ગ કામ આવી શકે તેવું પણ નથી.

હાલના પ્રગતિના જમાનામાં નવા નવા અનેક વિચારો—નવી નવી અનેક ચળવળો થાય છે. કોઇ સમયે પણ કલ્પના કે સ્વપ્નમાં આવી ન શકે તેવા પ્રયત્નો—મંથનો થાય છે. આવા જમાનામાં સમાજના બની શકે તેટલા સભ્યોએ જૂદી જૂદી દિશાઓમાં તૈયાર થઇ રહેવાની જરૂર છે. યુરોપ, અમેરિકામાં અનેક ધર્મપરિષદો ભરાય છે. આપણા જૈનિયો પણ હવે પૂર છુટથી તે દેશોમાં પ્રવાસ કરે છે. ધારો કે, બર્લીન કે વિયેનામાં એક સર્વધર્મપરિષદ ભરાયું હોય. ત્યાં આગળ, મરહુમ શ્રી૦ વીરચંદ ગાંધી કે મરહુમ મી૦ ગોવીંદજી મેપાણી જેવા ધર્મઅભ્યાસવાળા જૈન ગૃહસ્થો હાજર હોય અને કોઈ પાશ્ચાત્ય વિદ્વાન જૈન કે જૈનાગમ સંબંધી વિચારો બતાવતા હોય, અને તેમાં જૈન દ્રષ્ટિએ ઘણું પ્રતિકૂળ હોય. આવા પ્રસંગે, હાજર રહેલા જૈન ગૃહસ્થોને આગમ સંબંધીનું જ્ઞાન હોય તો તેના રદીઆઓ આપી શકે કે નહીં ?

વળી, ધારો કે, એક જૈન ગૃહસ્થ ચિકાગો કે લંડનની યુનિવર્સિટીની એકાદ કોલેજમાં જઇ ચઢે, અને ત્યાં મી૦ બર્નના Religions of India નામક પુસ્તકમાંથી આચારાંગદિ સૂત્રોપર વિવેચન ચાલતું હોય; અને આચારાંગને જગતના સૌથી કંટાળા ભરેલા સાહિત્ય તરીકે ઓળખાવાતું હોય, તો જો તે જૈન ગૃહસ્થને આગમનું જ્ઞાન હોય, તો તે વખતે તે ભૂલ ભાગી, આચારાંગાદિનો ચમત્કાર ન બતાવી શકે ?

હમણાં, વિલાયતમાં " Encyclopædia of Religions " એક કંપની તરફથી તૈયાર કરવામાં આવે છે. આ એક જગતના સર્વ ધર્મોના અનેક વિષયો સંબંધીનો કોષ છે. આ કોષ–સંગ્રહમાં જૈન ધર્મ સંબંધમાં વિષય લખવા માટે પ્રો૦ હર્મન જેકોબીને રોકવામાં આવ્યા છે. ધારો કે, તેવું લખવા માટે જૈન ગૃહસ્થ વિદ્વાનને આમંત્રણ આપવામાં આવે, અને " જૈનાગમ સંબંધમાં અત્યાર સુધી પશ્ચિમ ભણીના લેખકોએ કરેલી ભૂલો " સંબંધી વિવેચન લખવાનું તેને કહેવામાં આવે તો શું તે જૈન ગૃહસ્થે એમ કહેવું કે "અમો જૈન ગૃહસ્થોને જૈનાગમ વાંચવાનું બંધ છે એટલે મને આગમનું કાંઈ જ્ઞાન નથી. એટલે મારાથી લખવાની આવડત નથી ?"

અમોએ આ ચિત્ર દોર્યું છે તેને માટે કોઈ એવી દલીલ કરે કે, આવા પ્રસંગો આવી મળશે એવી કોને ખબર છે? અને આવી મળશે ત્યારે જોઈ લેવાશે, તો તેને માટે અમે એટલું જ કહેવા માંગીએ છીએ કે, આવા પ્રસંગો હાલના જમાનામાં હમેશાં ઉભા થવાનાજ. આજથી સો વર્ષ ઉપર કોઇને કલ્પના હશે કે, જૈનના આવશ્યક સૂત્ર ઉપર એક યુરોપીયન વિદ્વાન નૉરવેસ્વીડનના રાજકર્ત્તાના પ્રમુખપણા નીચે એક નિબંધ વાંચશે? આજથી સો વર્ષ પહેલાં કોને ખબર હતી કે, ભગવતીસૂત્રનું ભાષાંતર જર્મન ભાષામાં થશે? આજથી સો વર્ષ પહેલાં કોને કલ્પના હતી કે, જૈનના સૂત્રોના તરજુમાઓ જર્મન ઇટૅલીયન અને ઇગ્લીશ કે રશીન ભાષાશાસ્ત્રીઓ કરશે? આજથી ૫૦ વર્ષ ઉપર કોને સ્વપ્ન હતું કે, માગધીભાષાનો કોષ તૈયાર કરવાનું બીડું એક પાશ્ચાત્ય વિદ્વાન ઝડપશે? આજથી ૨૫ વર્ષ ઉપર કોને ભ્રાંતિ પણ હતી કે, લંડનમાં ઇગ્લીશમેનો જૈનસાહિત્યસભા ઉભી કરી તેના આત્મા અને કર્મના સંબંધોની ચર્ચા કરશે? અરે, આજે પણ કોને ખ્યાલ હશે કે, એક પાશ્ચાત્ય વિદ્વાન જુની ગુજરાતી–અપભ્રંશ–મારવાડી ગુજરાતી ભાષાનો અથંગ અભ્યાસ કરી રહ્યો છે?

આ બધું કેવળ અશક્ય જેવું આજથી ૧૦૦ વર્ષ ઉપર હતું તે આજે સાક્ષાત્ શક્ય થયેલું અનુભવાય છે. આવા સંજોગો બદલાયેલા છે. આવા બદલાયેલા સંજોગોમાં જે ધર્મો પોતાનું અસ્તિત્વ કાયમ રાખવા માગતા હોય તેણે પોતાની જેટલી વ્યક્તિઓને up-to-date અત્ર ક્ષણ પર્યંતના જ્ઞાનથી વિભૂષિત થઈ શકે તેટલી કર્યા વિના છુટકોજ નથી.

બદલાયેલા સંજોગોથી કહો કે, પંચમકાળના પ્રભાવથી કહો, પણ આટલું તો સ્પષ્ટ નજરે દેખાય તેવું છે કે પશ્ચિમ ભણીની ભાષાઓથી મુનિરાજો કરતાં ગૃહસ્થ વિદ્વાનો વિશેષ જ્ઞાત છે એટલે પશ્ચિમ ભણીના વિદ્વાનોના જૈન ધર્મના વિચારો પ્રત્યેના હુમલાઓનુ રક્ષણ ગૃહસ્થ વર્ગદ્વારા કર્યા શિવાય છુટકોજ નથી, અને આમ છે તો આગમનું વાંચન ગૃહસ્થને ઘટે નહીં એવું પરંપરાનું બંધન વિસ્તૃત કર્યા વિના બીજો ઉપાય પણ નથી.

આ સંબંધમાં એટલી બધી દલીલો છે કે, જે કરવા માટે પાનાઓના પાના ભરાય તોય પૂર્ણ થાય તેમ નથી. ટુંકમાં અમે એટલુંજ કહેવા માંગીએ છીએ કે, જેમ માણસોએ પોતાના નિર્વાહ–અસ્તિત્વને માટે જીવતોડ (Struggle for existince) કરવાની છે તેમ પોતાના દરેક વ્યવહાર–પછી તે ધર્મ સંબંધી હો કે અર્થશાસ્ત્ર સંબંધી હો કે ગમે તે હો–ને માટે જીવ તોડ મેહેનત કરવાની છે. આ સમય સ્પર્ધાનો છે. જે સ્પર્ધામાં જયવંત થશે તેનું જીવન ટકી શકશે એટલું સૂત્ર ધ્યાનમાં રાખી પોતાના સમાજમાંથી વધારેમાં વધારે જેટલા સભ્યો તૈયાર થઇ શકે તેને તૈયાર થવા દ્યો–કોઇને પણ બંધનો–જે બંધનો ભલે એકવાર મહા કલ્યાણકારી હોય–થી અટકાવો નહીં. જો આમ થવા પામશે તોજ આપણે–આપણો ધર્મ–જગતના મહાન્ ધર્મોની હરોળમાં રહેવા પામી શું–પામશે.–એટલું સ્મરણમાં રહે કે, આપણે એક નાની વાત બરાબર પચાવીશું, તો આપણા આ ગુંચવણ ભર્યા સવાલનો નિવેડો આવી જશે. આ નાની વાત આ છે: એક નીતિશાસ્ત્રના લખાણથી જો નીતિની છાપ જગત્ ઉપર પડી શકે છે એવું આપણે પ્રત્યક્ષ અનુભવીએ છીએ, તો જે સર્વજ્ઞ ભગવાનના અમૃત વચનોની અસર અમૃત જ ઉપજાવવાની છે. તેના પ્રકાશનથી પ્રતિકૂળ ફળ આવવાનો વિચાર કે કલ્પના કરવી એ પણ શ્રી ભગવાનની

વાણીના અનંત પરાક્રમો નહીં સમજવારૂપ આપણી મૂઢતાજ ગણાય.

અમે આ પ્રકારે અત્યારના જમાનાના બદલાયેલા સંજોગો જોઈ નેજ આગમ પ્રકાશનનું કામ હાથ ધર્યું છે. અમે એમ માનીએ છીએ કે, અમે જે યત્કીંચિત્ મેહેનત કરવા પ્રેરાયા છીએ તેમાં અમારી તે જિનેશ્વરો પ્રત્યેની ભક્તિ છે. અમારી ભક્તિ એવી છે કે, તે કૃપાળુ પુરૂષોના વચનામૃતો, વિપરીત રીતે અમારા તરૂણો પશ્ચિમ ભણીના લેખકોથી ન સમજે, એટલુંજ નહીં; પણ અમારા તરૂણો તે પ્રભુના વચનો યથાયોગ્ય રીતે જગત્ આગળ મૂકી શકે તે માટે અમારાથી બની શકે તેટલો સરળ માર્ગ કરી દેવો. અમારી ભક્તિનો આ પ્રકાર અમને પ્રિય લાગેછે.

આ પ્રસંગપરત્વેની અમારી દલીલોને આટલેથીજ પતાવી છેવટે એટલુંજ વિનવીએ છીએ કે, "ગૃહસ્થથી આગમનું વાંચન થાય નહીં." એવી માનીનતાને દઢપણે વળગી રહેવામાં શ્રી જિનપ્રભુના શાસનને લાભ છે કે, તે માનીનતામાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ ભાવથી બદલાએલા સંજોગો જોઇ, અવકાશ આપવામાં લાભ છે તેનો વિચાર કરી જોશો, અને જો એમ ખાત્રી થાય કે તેવો અવકાશ આપવામાં લાભ છે તો અમારો ઉત્સાહ વધારવાને માટે આપનાથી બને તેટલું કરશો.

આ ચર્ચાપરથી જૈનસમાજ જોઇ શકશે કે, જો શ્રી પ્રભુના મુખ વચનરૂપ આગમોનું પ્રકાશન જૈનશૈલીપૂર્વક હવે આપણે જગત્ સન્મુખ નહીં મૂકીએ, તો પશ્ચિમ ભણીના વિદ્વાનોથી જૈન સંબંધી લખાતા લખાણોથી જૈનશાસનની હેલના થતી નહીં અટકે. આવી હેલના થતી અટકાવવાનો એક ઉપાય આગમ પ્રકાશન કરવાનો છે અને બીજો ઉપાય "આગમનું વાંચન ગૃહસ્થથી પણ થઈ શકે." એવી વિસ્તૃત માનીનતા કરવાનો છે. અને આવી વિસ્તૃત માનીનતા કરવામાં આપણે એટલા માટે વ્યાજબી ગણાશું કે, ચૈત્યવાસીઓના પ્રસંગોથી આગમ વાંચનના સંબંધમાં નિયમો, ઘડાયા હતા અને હવે ચૈત્યવાસીઓનો પ્રસંગ સર્વથા ગયો છે.

આ કાર્ય કરવાનો વિચાર કરવામાં અમારી મુખ્ય લાગણી જૈનશાસનની હેલના થતી અટકાવવા સંબંધીનીજ છે.

જૈનશાસનની થતી હેલના અટકાવવા માટે, તેમજ જૈન પ્રજા પ્રત્યે દીલસોજી ધરાવનાર અસાધારણ પુરૂષોના ઠપકાઓથી જૈન પ્રજાને મુક્ત કરવાના અનેક ઉપાયોમાંનો એક ઉપાય, ગૃહસ્થને આગમના વાંચનનો પ્રતિબંધ હવે બદલાયલો સંજોગોમાં ન જોઇએ તે હોઇ અમે આવા અભિપ્રાય પર આવ્યા છીએ.

શ્રીમંત ગાયકવાડ સરકાર સર સયાજીરાવ મહારાજ જૈન પ્રજા પ્રત્યે પૂર્ણ દીલસોજી ધરાવનાર પુરૂષ છે. તેઓને આપણા ધર્મ અને આપણા સિદ્ધાંતો પ્રત્યે બહુ પ્રેમ છે. છતાં આપણી ઉપેક્ષાઓ માટે તેઓ બહુ ખેદ ધરાવે છે. તે નામદારે જૈન પ્રજા જોગ લખેલા એક સંદેશાનો નીચેનો ભાગ આપણને દિલસોજી પૂર્વક ઠપકો આપનારો છે. નામદાર મહારાજા સાહેબ લખે છે કેઃ—

But I am sorry to miss in your programme any provision for research work in your history and sacred books. The history and tenets of your creed are hardly known to non-Jains beyond the narrow circle of a few oriental scholars. It was believed for centuries by all outsiders that Jainism was an offshoot of Buddhism and its study was neglected on account of this belief. And who dispelled this misunderstanding? Not the members of your community. A German scholar was required to announce to the world that Jainism was independent of Buddhism and was able to prove that your 23rd Tirthankara was not a mythological personage and that he lived as early as 700 B. C. I do not hereby mean to say that there are not learned men among you. I know full well that there are a good many who are well—versed in all the details of your abstruse philosophy and subtle intricacies of logic. But the critical and historical faculty and a wide acquiantance with the progress of science and modern thought is apt to be sadly wanting in all our priests and people. The age of blind belind belief is gone; and the world is not going to believe in anything on mere authority, however old it may be. You shall have have to establish by the concrete evidence of Science and sound reasoning that your religion antedates the Vedas, if it is to be accepted by the world of scholar-ship.

" પરંતુ તમારા કાર્યક્રમમાં તમારા ઇતિહાસ અને તમારા પવિત્ર સૂત્રો (Sacred Books) ની શોધ ખોળ માટે કાંઈ જોગવાઈ નથી રાખવામાં આવી એ જોઈ મને ખેદ થાય છે. થોડાક પાશ્ચાત્ય વિદ્વાનોની એક નાનકડી મંડળી શિવાય, અન્ય જૈનેતરોને તમારી જાતિના ઇતિહાસ અને સિદ્ધાંતો ભાગ્યેજ જાણવામાં છે. ઘણા સૈકાઓ થયાં બહારનાં બધાં લોકો એમ માનતાં હતાં કે, જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મની એક શાખા છે. અને આવી માનીતા શિવાય બીજાં કોઈપણ કારણથી તેના (જૈનધર્મનો) અભ્યાસ તરફ બેદરકારી બતાવવામાં નહોતી આવી. અને આવી ગેરસમજુતી કોણે દૂર કરી? **તમારી કોમના સભ્યો એ નહી!** બૌદ્ધધર્મથી જૈનધર્મ એક જૂદો અને સ્વતંત્રધર્મ છે એવું જગત્ સન્મુખ જાહેર કરવાને એક જર્મન વિદ્વાનની જરૂર પડી. અને તે (જર્મન સ્કૉલર મી. જેકોબી) એમ સાબીત કરવાને શક્તિવાન થયો કે, તમારા ૨૩મા તીર્થંકર એક દંતકથા રૂપ વર્ણવેલા પુરૂષ નહોતા, પરંતુ તેઓ ઇ. સ. ની પૂર્વે ૭૦૦ વર્ષે એક વિદ્યમાનતા ધરાવનાર પુરૂષ હતા. આ ઉપરથી હું એમ કહેવા માંગતો નથી કે, તમારામાં વિદ્વાન પુરૂષો નથી. હું જાણું છું કે તમારા ગૂઢ તત્ત્વજ્ઞાનની અને ન્યાયની ગુંચવણ ભરી બારીકીઓની દરેક હકીકત જાણનારા ઘણા પુરૂષો છે; પણ આપણા બધાં ધર્મ ગુરૂઓમાં

અને લોકોમાં, ટીકાત્મક અને ઐતિહાસિક જ્ઞાનનો અને વિદ્યાની પ્રગતિ અને આધુનિક વિચારનો ખેદ ઉપજાવે તેટલો અપરિચય છે. અંધશ્રદ્ધાનો જમાનો હવે જતો રહ્યો છે. દુનિયા માત્ર શાખ ઉપરજ ગમે તેવું માને તેમ નથી. જો વિદ્યાવાન્ જગતને મનાવવું હોયતો વિદ્યા (Sceince) ના પ્રત્યક્ષ પ્રમાણુથી અને સંગીન દલીલથી તમારે સિદ્ધ કરવું પડશે કે, તમારો ધર્મ વેદ કરતાં પ્રાચીન છે."

નામદાર ગાયકવાડ સરકારના આ હિતરૂપ ઠપકાથી આપણે કેટલું બધું શીખવાનું છે. નામદાર ગાયકવાડ કહે છે તે પ્રમાણે થવા માટે શું એટલું જરૂરનું નથી કે, વિદ્યા (Science) અને આધુનિક વિચાર (Modern thonght)થી સહવાસી એવા ગૃહસ્થ વર્ગને આગમનું વાંચન પ્રતિબંધિત ગણવું ન જોઇએ? અને જો પ્રતિબંધિત ગણીએ તો આપણને હજુ જૈનતર સૃષ્ટિથી ઘણું સહન કરવું પડશે?

આગમનો ભરમ ખુલ્લો થઇ જતાં માહાત્મ્ય ઘટવાનો સંભવ છે કે વધવાનો?– જૈન ઇતિહાસ લખવાનું સૌથી બળવાન સાધન આગમજ છે.

સ્થિતિચુસ્ત જૈનપ્રજાને અને અમારી સાહસ પ્રકૃતિ માટે પ્રશંસાભાવ ધરાવતાં છતાં કેટલાક મિત્રોને એવો ખ્યાલ છે કે, આગમપ્રકાશન થવાથી આગમને માટે જૈન પ્રજામાં જે તેને માટે ભરમ છે, અને ખરી રીતે આગમને લઇને જૈન પ્રજાનું ધર્મજીવન ટકી રહ્યું છે તે ખુલ્લો થઈ જશે, અને તેથી તેનું માહાત્મ્ય ઘટી જશે. માહાત્મ્ય ઘટી જવાનો ભય રાખનારા મનુષ્યો બે પ્રકારનાં છે. એક પ્રકારનાં મનુષ્યો એવા છે કે, જેઓ એમ માને છે કે, આગમનું જ્ઞાન એટલું બધું સૂક્ષ્મ છે કે, તે વાંચવાને ઉત્તમોત્તમ અને બળવાન શ્રાવક હોય છતાં તે પાત્ર હોઈ ન શકે. આથી ઉલટું, બીજા પ્રકારનાં મનુષ્યો એવાં છે કે, જેઓ એમ માને છે કે, આગમની રચના એવા પ્રકારની છે કે, વર્ત્તમાનમાં જો તેનું વાંચન શ્રવણ સંપૂર્ણ છુટથી થાય તો તરૂણ જમાનો તેથી અશ્રદ્ધાળુ બને તેમ છે. ભૂગોળ, ખગોળ, નરકસ્વર્ગના સ્વરૂપો અને બીજી કથાઓનો પ્રકાર આગમને વિષે એવા પ્રકારનો, આ બીજા પ્રકારના વર્ગના સભ્યો માને છે કે, જરૂર તરૂણ જમાનાને જૈન ધર્મ ઉપર ઓઘશ્રદ્ધા છે તે પણ ઓછી કરી નાંખશે. આ રીતે બે સામસામી દિશાવાળા મનુષ્યો છે કે, જે આગમપ્રકાશનથી ભરમ ખુલ્લો થઈ માહાત્મ્ય ઘટી જવાનું માને છે.

આ સંબંધમાં કંઇક ખુલાસાની અપેક્ષા રહે છે. જ્યાં સુધી અમારૂં અવલોકન પહોંચે છે ત્યાં સુધી આગમની વસ્તુસ્થિતિ એવા પ્રકારની છે કે, તેને વિષે દ્રવ્યાનુયોગ (Metaphysics) ગણિતાનુયોગ (Mathemetics), ચરણાનુયોગ (આચાર-વિષયક વિભાગ) અને ધર્મકથાનુયોગ (જેની અંદર ઐતિહાસિક અને સામાજિક વાર્તાઓના બોધ સાથે જ્ઞાન ગોઠવ્યું છે તે) એ ચાર ધર્મશાસ્ત્રના વિભાગો એક બીજા મિશ્ર થઇને કહેવાયાં છે કે, ધર્મના સિદ્ધાંતો (Principles) જેવી રીતે, હમણાની પદ્ધતિના ભૂમિતિ કે તેવાં વિજ્ઞાનવિષયક (Sceintific) શાસ્ત્રોના સિદ્ધાંતો પોતાના સ્વતંત્ર સ્વરૂપમાં બહાર પડે છે તેવા સ્વતંત્ર સ્વરૂપમાં ન દેખાય; એટલે કે માત્ર બોધઅર્થે કરેલી ધર્મકથાનુયોગની વાતો પણ સિદ્ધાંતો (Principles) ની સાથે ભેળવેલી છે કે,

ઉપલક દૃષ્ટિને એમ લાગી આવે કે, તે વાંચીને તરૂણ જમાનો અશ્રધાળુ બની જાય, અને જે ભરમપૂર્વક આગમનું માહાત્મ્ય અત્યાર સુધી જળવાયું છે તે જળવાય નહીં.

જેઓની ઉપલક દૃષ્ટિ નથી, પણ ઐતિહાસકિ અનુભવદૃષ્ટિ અને પૃથક્કરણ દૃષ્ટિ (Analylical eye) છે તેઓને કદાપિ પણ આમ ન લાગતાં, એમજ અનુભવ થાય કે, સિદ્ધાંતો (Principles) અને ધર્મવાર્તાઓના મિશ્રણ પૂર્વક લખાએલા શાસ્ત્રો, ખીલવણી પામેલા મનના વિદ્વાનોની નજર આગળ મૂકવામાં આવતાં, તેઓ એ ચારે અનુયોગને જૂદા પાડી પ્રત્યેકને સ્વતંત્ર આકારમાં મૂકી, પ્રત્યેક અનુયોગનું અદ્દભુત માહાત્મ્ય તેના ખરા સ્વરૂપમાં જગતને બતાવી શકશે.

વેદમાન્ય શ્રીમદ્ભાગવતનો દાખલો લઇએ. શ્રીમદ્ભાગવતની અંદર શ્રીકૃષ્ણ મહારાજની લીલા વગેરેનો પ્રસંગ છે. એ પ્રસંગ એટલીબધી માનસિક કલ્પનાઓ અને વિષયક કલ્પનાઓથી ભરપુર છે કે, ઘણા માણસોને અને તેમાં પણ નવા જમાનાના માણસોને શ્રીકૃષ્ણનો પ્રસંગ કલ્પિત લાગે છે. એટલુંજ નહીં પણ તેઓમાંના કેટલાક એવા પ્રકારે માને છે કે, એ કથારચના નીતિનું ધોરણ હલકું કરનારી છે. આ વાતનો અનુભવ ઘણાઓને હોવાનો સંભવ છે. આવી સ્થિતિ છતાં શ્રીકૃષ્ણનું ખરૂં માહાત્મ્ય-અર્થાત્ તે પુરૂષ થયા હતા અને તે એક ઉત્તમોત્તમ પુરૂષ હતા-કોઈ જૂના વિચારના વિદ્વાનો બતાવી શકયા નહોતા. તેનું ખરૂં માહાત્મ્ય બતાવનાર નવા જમાનાના અગ્રેસર વિદ્વાનોજ છે. બંગાળના મી૦ સિંહ નામના એક સમર્થ વિદ્વાને શ્રીમદ્ ભાગવતને કેવા સ્વરૂપમાં સમજવા યોગ્ય છે અને શ્રીકૃષ્ણ એ કેવા પ્રકારે હતા તેનું જે સ્ફુટન કર્યું છે તે એવું ઉત્તમ છે કે, બંગાળા કે જેની અંદર એક વખત શ્રીકૃષ્ણને એક કલ્પિત પાત્ર માનવામાં આવતું હતું તેને બદલે આજે ઐતિહાસિકપાત્ર તરીકે માની તેનું માહાત્મ્ય ગાવામાં આવે છે. પ્રખ્યાત લેખક **બાબુ બંકિમચંદ્રે** શ્રીકૃષ્ણનું જીવનચરિત્ર એવું ઐતિહાસિક દૃષ્ટિએ લખ્યું છે કે, આજે **બંકિમચંદ્રની** દૃષ્ટિએજ શ્રીકૃષ્ણને એક અનુકરણીય ઉત્તમોત્તમ ઐતિહાસિક પુરૂષ માનવામાં આવે છે.

આ રીતે કેળવાયેલા વિદ્વાનો પાસે વાર્તાના મિશ્રણ સાથે લખાએલ તત્ત્વજ્ઞાન મૂકાતાં તેમની અશ્રદ્ધા થઈ ભરમ ખુલ્લો થતાં માહાત્મ્ય ઘટી જતું નથી. એથી ઉલટું એ વિદ્વાનો પોતાની સમર્થ શક્તિવડે, પૃથક્કરણ કરી વિચારો અને સિદ્ધાંતો (Tenets and Principles) જૂદા પાડી તેને સ્વતંત્ર સ્વરૂપમાં મૂકી, જગતને ખરૂં ભાન કરાવે છે.

બાબુ બંકિમચંદ્ર અને મી૦ **સિંહના** પ્રયત્નો જોઇને, જેઓ એવો ભય રાખે છે કે, આગમપ્રકાશનથી ભરમ ખુલો થશે તેને ખાત્રી થવી જોઇએ કે, જૈનાગમ વિદ્વાનો પાસે મૂકાતાં અત્યારે જે શ્રદ્ધાપૂર્વક માહાત્મ્ય છે તેના કરતાં પરીક્ષાપૂર્વક માહાત્મ્ય વધ્યા વિના નહીં રહે.

પૃથ્વી ગોળ છે એવો અત્યારના ખગોળનો સિદ્ધાંત સાબીત થઇ ચૂકેલો હોઇ, બીજા ધર્મોની ખગોળોની પેઠે, જિનાગમમાં દર્શાવેલ ખગોળાદિના સ્વરૂપો અસંભવિત માની, તરૂણ જમાનો અશ્રદ્ધાળુ બનશે, એવી એવી બીજી કેટલીક દલીલો કરવામાં આવે છે. આના સંબંધમાં જણાવવાનું કે, વર્તમાન ખગોળવિદ્યા કરતાં પ્રાચીન ગ્રીક ખગોળવિદ્યા બહુજ જૂદી પડે છે. છતાં પ્રાચીન ગ્રીક ખગોળવિદ્યાનો જે શાસ્ત્રીય અભ્યાસ વિશ્વવિદ્યાલયો

(યુનિવર્સિટી)માં કરાવવામાં આવે છે તેથી પ્રાચીન ગ્રીક ખગોળવિદ્યાના સંબંધમાં લોકોને નઠારી અસર થતી નથી. પરંતુ એથી ઉલટું, એ અભ્યાસથી તરુણો એવા સુંદર વિચાર ઉપર જતાં શીખ્યા છે કે, ઘણા જુના સમયમાં પણ ગ્રીકો ખગોળજેવા વિષયમાં કેટલા આગળ વધવાને પરિશ્રમિત હતા. બીજા શબ્દોમાં કહીએ તો પ્રાચીન ગ્રીક ખગોળવિદ્યાની પ્રગતિ (Progress) જોઇને તેઓ ચકિત થઈ જાય છે. આ ખુલાસાઓમાં અન્યત્ર જિનાગમ સંબંધમાં પ્રોફેસર **વેબરે** જર્મન ભાષામાં જે નિબંધ લખ્યાનું કહેવામાં આવ્યું છે, અને જે નિબંધમાં કેટલેક સ્થળે જૈનોની વિરૂદ્ધ લખ્યાનું જણાવવામાં આવ્યું છે, છતાં જે નિબંધ બહુ વિદ્વતા ભરેલો ગણી તેનો ઉત્તર આપનાર અત્યારની જૈનસમાજમાં કોઇકજ હોય એમ કહેવામાં આવ્યું છે એ નિબંધમાં **પ્રો. વેબરે જૈન ખગોળ વિદ્યાના** સંબંધમાં કહ્યું છે કે "આવા પ્રકારનો વિશેષ પુરાવો મેળવવા આપણે હવે "ખગોળવિદ્યા અને જ્યોતિષ સંબંધી વિચારીશું. **આ શાસ્ત્ર-જૈનખગોળશાસ્ત્ર-ગ્રીક ખગોળવિદ્યાની પ્રમાણભૂત છાયાથી પ્રાચીન છે બલ્કે ઓછામાં ઓછી રીતે કહીએ તો સર્વ બાબતમાં ગ્રીકવિદ્યાથી સ્વતંત્ર છે."**

જૈનની ખગોળ આદિ વિદ્યાઓ, વર્તમાન વિદ્વાનો પાસે મૂકાતાં તેના પૂર્વના પરિશ્રમનો ચમત્કાર દૃષ્ટિગોચર થવાનો પ્રસંગ આ રીતે, આગમપ્રકાશનથી થશે.

જૈનોનું સૂક્ષ્મ જંતુશાસ્ત્ર (Biology) વગેરે શાસ્ત્રોક્ત વિદ્યાઓ પ્રકાશ પામી વર્તમાન વિદ્વાનો તેનું માહાત્મ્ય ગાતાં શીખશે.

આ સઘળા લાભો ઉપરાંત જે મોટામાં મોટો લાભ થશે તે જૈન ઈતિહાસ લખવાનું મુખ્યમાં મુખ્ય સાધન **જિનાગમ** તે વર્તમાન ઇતિહાસકારોના હાથમાં મૂકાવાથી **જૈનઇતિહાસ** તેના ખરા સ્વરૂપમાં મૂકાઇ શકશે. **જિનાગમ** કે જે અર્ધ માગધી ભાષામાં લખાએલા **છે** તેના ગુજરાતના અદ્વિતીય અભ્યાસી સાક્ષર શિરોમણી શ્રીયુત **કેશવલાલ હર્ષદરાય ધ્રુવ** જિનાગમને જૈન ઇતિહાસ લખવાનું મુખ્ય સાધન માને છે. તેઓના અમારા ઉપરના નીચેના પત્રથી તે વાત જણાશેઃ—

અમદાવાદ,

તા. ૯ મી સપ્ટેમ્બર, ૧૯૧૩.

રા. રા. મનસુખલાલ રવજીભાઈ મહેતા.

શ્રીજિનાગમ પ્રકાશક સભાના માનદ કાર્યભારી,

માણેકચોક.

જૈનસાહિત્યમાં પ્રાધાન્યતા ભોગવતા ૪૫ આગમ સંસ્કૃત ટીકા અને ગુજરાતી અનુવાદ સાથે છપાવવાની તમારી યોજના આદરને પાત્ર છે.

બીજા ધર્મોની પેઠે, જૈન ધર્મમાં પણ અનેક વિભાગ અને પેટા વિભાગ છે તે તરફ ઢળી ન જતાં આગમની મૂળ શુદ્ધિ અપક્ષપાતની દૃષ્ટિથી જળવાવાની કેટલી આવશ્યકતા છે તે આવાં કામ માથે લેનારની જાણબહાર ન હોવું જોઇએ. અનુવાદમાં એવી તટસ્થતા તેથી પણ વધારે અગત્ય ધરાવે છે.

જૈનધર્મનો સર્વમાન્ય ઇતિહાસ રચવાની સામગ્રી જૈનસાહિત્ય છે. માટે તે સમગ્ર વિશ્વાસ પાત્ર રૂપમાં બહાર પડવાની બહુ જરૂર છે. **પિસ્તાળીશ આગમ એ**

ઇતિહાસની ઈમારતનો મૂળ પાયો છે. તે જોતાં તમે જે કામ આરંભવા ધારો છો તે બહુ મહત્વનું છે. તમારા મહારંભમાં હું તમને ધર્મલાભ ઇચ્છું છું.

લી. કેશવલાલ હર્ષદરાય ધ્રુવ.

શ્રીયુત કેશવલાલભાઇ જેવા સમર્થ વિદ્વાન જે આગમને જૈન ઇતિહાસની ઇમારતના મૂળ પાયારૂપ ગણે છે તે તદ્દન સત્ય છે તેના પુરાવા તરીકે એક દાખલો ફરીથી **પ્રોફેસર વેબર** સાહેબના તેજ જર્મન નિબંધમાંથી લઇએ. **આરબ** લોકોના સંબંધમાં જિનાગમ **શું** પ્રકાશ પાડે છે તે બતાવતાં **વેબર** સાહેબ લખે છે કે,

" વળી, આપણે વિદેશીય એટલે અનાર્ય લોકો કે જેનો ઉલ્લેખ વારંવાર અંગો અને ઉપાંગોમાં કરવામાં આવ્યો છે તેના સંબંધમાં બોલવું જોઇએ. આનો ઉલ્લેખ મર્યાદીત ખાત્રી સાથે આપણુને ઇસ્વીસનના બીજા સૈકાથી ચોથા સૈકા સુધીના કાળનું ભાન કરાવે છે. આ કાળ પ્રાચીનતમ હોઇ તેમાંજ અનાર્ય લોકોનો ઉલ્લેખ હોઈ શકે. જ્યારે પ્રચલિત ગ્રંથો પાછલા બખતના વખતે હોય. ઉપરોક્ત લોકોની કરેલી યાદીમાં **આરબ** લોકોનું નામ **આરવ** એ નામથી આપેલું માલમ પડે છે. **આ નામ હિંદમાં બીજે ક્યાંય માલુમ પડતું હોય એવું હજુ સુધી શોધાયું નથી.**"

આ રીતે, જૈન માર્ગ, પોતાનોજ ઇતિહાસ લખવામાં જિનાગમની મદદ મેળવી શકે એટલુંજ નથી, પણ આખા હિંદના પ્રાચિન ઇતિહાસ લખવામાં એક જબરૂં સાધન થઇ પડી, રાષ્ટ્રીય ઇતિહાસકારોને પણ આભાર નીચે મૂકે તેવાં સાધન પુરાંપાડી શકે તેમ છે.

Imperial Gazetteer (શહેનશાહી ગેઝીટીયર) ના ૧૯૦૭ ના પહેલા પુસ્તસ્તકમાં જૈન માર્ગનો ઈતિહાસ લખાવામાટે જૈન સાહિત્યના **ભાષાંતરોની** અને શોધખોળોની બહુ જરૂર છે એમ જણાવતાં નીચે પ્રમાણે ટીકા કરી છે:

" It is only in recent years that the vast and intricate literature of Jainism has been partially explored, and there is still much to be done in the way of *translation* and investigation before the History of the Order can be written. This ignorance of the real nature of its teachings is perpaps one cause of the contempt which the Order has excited among some western scholars. "

" છેલાં થોડાંજ વર્ષોથયાં પુષ્કળ અને સુક્ષ્મ એવું જૈન ધર્મનું સાહિત્ય થોડુંક શોધાયું છે અને તે માર્ગનો ઇતિહાસ લખાવા પૂર્વે હજુ **ભાષાંતરરૂપે** અને શોધ ખોળરૂપે ઘણું કરવાનું છે. તેના (જૈન ધર્મના) શિક્ષણના ખરા રહસ્યની અજ્ઞાનતા કેટલાક પાશ્ચાત્ય વિદ્વાનોથી તે ધર્મનો તિરસ્કાર થયો છે તે કદાચ કારણ છે. "

શહેનશાહી ગેઝીટીયરે જે વિચારો બતાવ્યા છે તે જ પ્રકારના વિચારો અમોએ ગૃહસ્થોને આગમના વાંચનની બદલાયલા સંજોગોમાં જરૂર છે તે માટે કરેલી ચર્ચામાં બતાવેલા જોયામાં આવશે.

જિનાગમનું પ્રકાશન થયા બાદ તેનું પૃથક્કરણ શાસ્ત્ર (Analytical science) અને ટીકાત્મક અભ્યાસ " (Critical study)થી ભવિષ્યમાં લાભ થઈ જૈન માર્ગનું

મહાત્મ્ય વધવાનો સંભવ છે. અહીં જો એમ કહેવામાં આવે કે ભવિષ્યની વાતને આધારે શામાટે અત્યારે બાળ જીવોમાં અશ્રદ્ધા ઉત્પન્ન થવાનો ભય ખેડવો પડે, તો તેને માટે અમે કહેવા રજા લઈએ છીએ કે તેવો ભય ખેડવો પડશે તેવી બીક રાખવાની કાંઇ જરૂર નથી એ નીચેના પ્રમાણોથી જણાશેઃ—

જૈન સૂત્રોની અંદર તો સૂક્ષ્મ તત્ત્વજ્ઞાન અને સૂક્ષ્મ વિજ્ઞાનવિદ્યા ધર્મકથાનુયોગના મિશ્રણ સાથે છે, પરંતુ ક્રીશ્ચીઅન ધર્મનું ધર્મશાસ્ત્ર **બાઈબલ** કે જેની અંદર, તે જે સમયે લખાયું તે વખતના લોકોની નીતિઓની વ્યાખ્યા પ્રમાણે નીતિની કથાઓના પ્રસંગો અને નીતિના કેટલાંક વચનો છે; છતાં તેના માનનારાઓની અશ્રદ્ધા થતી નથી. જો તત્ત્વજ્ઞાનીઓને તેને માટે સમાલોચના કરવાનું કહેવામાં આવે તો તેઓને ભાગ્યેજ તેવિદ્યાવિષયક (Scientific) ગ્રંથ તરીકે ગણે; એટલુંજ નહીં પણ અત્યારની કેળવણી પામેલાઓને તો વખતે એટલે સુધી લાગો આવે કે તેવો ગ્રંથ અત્યારની વિદ્યાર્થી સંસ્કારિત થરેલ કોઈ પણ સાધારણ લેખક પણ લખી શકે. આમ લાગે તેવું છતાં અત્યારે બાઇબલની શ્રદ્ધામાં રહેનારા માણસોની સંખ્યા કેટલી છે ? દુનિયાની વસતીનો લગભગ અર્ધોઅરધ ભાગ એટલે કે ૬૦ કરોડ મનુષ્યો છે. અત્યારના સંસ્કારો વાળા માણસોને ગમે તેમ લાગે છતાં એ બાઇબલની ઓઘ શ્રદ્ધામાં રહેનાર કેવા કેવા પુરૂષો થયા છે ? ઇંગ્લંડનો મરહુમ પ્રધાન મી. ગ્લેડસ્ટન બાઈબલનો ભક્ત હતો; ઇંગ્લંડનો રાજકવિ **લૉર્ડ ટેનીસન** પણ તેજ વર્ગનો માણસ હતો. અને તેવા અસંખ્ય વિદ્વાનો તેને માનનાર હતા અને **છે**.

આનું કારણ શું ? જે ગ્રંથ એક સામાન્ય લેખકની કલમથી લખાઇ શકાવા યોગ્ય છે તેને આવા મોટા વિદ્વાનો કેમ ભક્તિપૂર્વક માનતાં ? અને માને છે ? માત્ર તે વચનોની સાદી અને સરળ ભાષાથી કાંઇ ઓઘ શ્રદ્ધા ઓછી થતી નથી. વારસારૂપે જન્મેલી ઓઘ શ્રદ્ધાથી તેને તે વિદ્વાનો એક પવિત્ર ગ્રંથ તરીકે માનતાં અને માને છે.

આથી પણ આશ્ચર્ય ઉપજાવનારી બીના છે. **રાઈસ ડેવીસ** નામનો બૌધમાર્ગના શાસ્ત્રનો સમર્થ અભ્યાસી બૌધ ધર્મના સિદ્ધાંતના ઉંડા જ્ઞાન છતાં બાઇબલનો ભક્ત હતો. વેદશાસ્ત્રના અભ્યાસી અને આપણા જૈનસૂત્રોના અંગ્રેજીમાં તરજુમો કરવાની શ્રેણી (Sacred Books of the East) નો અધિપતિ પ્રોફેસર મેકસમૂલર અને અત્યારે વિદ્યમાન પ્રોફેસર હર્મન જેકૉબી જૈનશાસ્ત્રોના અભ્યાસી છતાં બાઇબલની ઓઘ શ્રદ્ધા તળે છે.

આ શું બતાવે છે ? પોતે જે પુરૂષને વિષે ઓઘ શ્રદ્ધા જન્મથી કરેલી છે અથવા જે ઓઘશ્રદ્ધા વારસારૂપે ઉતરેલી છે તે ઓઘ શ્રદ્ધા મનુષ્યોમાં એવી ગાઢ થઇ જાય છે કે, મનુષ્યો ભાગ્યેજ તેનાથી સ્વતંત્ર થાય છે. એ ઓઘ શ્રદ્ધાળુ મનુષ્યો પછી તે પુરૂષની ગ્રંથકૃતિ એક સામાન્ય વિદ્વાન લખી શકે તેવી છે કે ગંભીર તત્વજ્ઞાનવાળી છે તેનો વિચાર ન કરતાં, માત્ર પોતાની ઓઘ શ્રદ્ધા ઉપર જીવે છે.

ક્રીશ્ચીઅન ધર્મના પુસ્તક માટેજ આમ છે એમ નથી. બધાં ધર્મોને માટે આમજ છે. બૌદ્ધ ધર્મના પુસ્તકોની રચના અને ધર્મ વાર્તાઓના પ્રસંગો લગભગ જૈનિયોનોને મળતાં છે, છતાં બૌદ્ધધર્મીઓ કાં પોતાના શાસ્ત્રોથી અશ્રદ્ધાળુ નથી થતાં ?

કુરાનને માટે દાખલો લ્યો. તો પણ આવોજ અનુભવ થશે.

શ્રીમદ્ ભાગવત જેવાં માત્ર કલ્પનાની મૂર્તિરૂપ લાગતાં પુસ્તકો વાંચીને લોકો **કેમ** અશ્રદ્ધાળુ થવાને બદલે **બંકિમચંદ્ર અને** બાબુ સિંહ જેવા પુરૂષો ઉત્પન્ન કરે છે કે જેઓ શ્રીમદ્ ભાગવતનું ખરૂં સ્વરૂપ સમજાવી જગતને ચકિત કરી દે છે ?

પોતપોતાના ધર્મોવાળા આવા પુસ્તકોમાં શ્રદ્ધાથી રહે છે એટલુંજ નહીં, **પરંતુ** બીજાં દર્શનો અને ધર્મોવાળાં, પ્રાચીન ગ્રંથોની સાદી અને કલ્પનાઓ ભરેલી રચના લાગે છતાં તેના જે મૂળ પુરૂષો તેના પ્રત્યે મોટાં માન અને શ્રદ્ધાથી જુએ છે. જુઓ. આજે યુરોપ અમેરિકામાં એકલા **બાઇબલના** પ્રણેતા પુરૂષ **જીસસ** ક્રાઇસ્ટનેજ એકલા મહાત્મા તરીકે સ્વીકારતાં નથી. ત્યાંના લોકો, **શ્રીમહાવીર સ્વામી, બુદ્ધ મહારાજ, ક્રાઇસ્ટ, મહમદ પેગમ્બર, જરથોસ્થ, શ્રીકૃષ્ણ** આદિ પુરૂષોને અસાધારણ પુરૂષો તરીકે ઓળખી તેમને માન આપે છે. જો આ પુરૂષોની ગ્રંથકૃતિઓની ઉપલક રચનાજ જોઇ હોત તો કદાપિ તેઓને તેવા અસાધારણ પુરૂષો તરીકે માનત નહીં. તેઓના હૃદયો જોઇ તેમને અસાધારણ પુરૂષો માન્યાં છે, અને માને છે.

આ ઉપરથી, સૂત્રોની બાહ્ય રચનાઓ જેઓને સાદી લાગતી હોય અને તેથી તેનો ભરમ છે તેમ કાયમ રહેવા દેવો જોઇએ એમ જેઓ માનતાં હોય તેઓ જોઇ શકશે કે, તેઓનો ભય માત્ર એક કલ્પનારૂપે છે. એ ભગવાનના વચનોનું આંતર્સ્વરૂપ એવુંજ ઘટે છે કે, જે કોઈ દહાડો અશ્રદ્ધાળુ ન બનાવે, પણ પરમ ભક્ત બનાવે; એમ અમારી તો પાકી પ્રતીતિ છે.

અમે ઉપર બાઇબલ સંબંધી હકીકત દોરી છે તેથી અમને ખોટા સ્વરૂપમાં સમજવામાં નહીં આવે એમ અમે માનીએ છીએ. અમારો અભિપ્રાય બાઇબલને સર્વથી વિશેષ ઉપકારક છે એમ મનાવવાનો નથી. પરંતુ અમારૂં કહેવાનું રહસ્ય એમ છે કે, બાઇબલ એ સામાન્ય નીતિનું અને દંતકથાનું પુસ્તક લાગે તેવું છે છતાં સ્વધર્મની ઓઘ શ્રદ્ધાથી જેઓ તેને માનનારાઓ છે તેઓ તેની સાદી રચના જોઇનેજ અશ્રદ્ધાળુ થઈ જતાં નથી ત્યારે જૈનસૂત્રો તો વિજ્ઞાન વિદ્યા (Science), તત્વજ્ઞાન (Philosophy) અને નીતિ (Morality)થી ભરપુર છે, તેની બાહ્ય પદ્ધતિથી માહાત્મ્ય ઘટવાનો મુદ્દલજ સંભવ નથી.

આ રીતે આગમ પ્રકાશનથી બાળજીવોની દૃષ્ટિમાંથી માહાત્મ્ય ઘટવાનો ભય રાખવો અસ્થાને છે એમ જોવામાં આવશે. જ્યારે આગમો વિદ્વાનો પાસે મૂકાશે ત્યારે ઉપર વર્ણવેલા લાભો થવાનો સારી પેઠે સંભવ છે.

આગમપ્રકાશનનો અધીરજપૂર્વક આગ્રહ શા માટે ?

કેટલાક તરફથી અમને એમ કહેવામાં આવ્યું છે કે, આગમપ્રકાશનને અંગે લોકમત હજુ જોઇએ તેટલો તૈયાર નથી ? છતાં તમને તેનો આગ્રહ શા માટે છે ? અમે કહીએ છીએ કે અમારો તે સંબંધીનો આગ્રહ તો છે, પરંતુ તે ઉપલક દૃષ્ટિએ અવલોકનારને અધીરજવાળો આગ્રહ લાગે તેવો પણ છે. અમારો આગ્રહ શા માટે છે તેનો જોકે અમોએ અમારી તા. ૧-૮-૧૩ ની યાદીમાં ખ્યાલ આપ્યો હતો, પરંતુ તેથી જોઇએ તેટલી સ્પષ્ટતા સમાજના મન ઉપર થઇ હોય એવું અમને દેખાયું નહીં. અમારી ઉક્ત યાદીમાં અમોએ કહ્યું હતું કે " અત્યાર સુધી જિનાગમનું શુદ્ધ પ્રકાશન બે કારણોથી યથાયોગ્ય પ્રગતિ પામ્યું નહોતું. એક તો આપણામાં વિદ્યાવિષયક ખીલવણી બહુ ઓછી હતી, અને બીજું આપણામાં રૂઢિબંદ્ધ એવા સંસ્કારો ઉતરી આવ્યા હતા કે, આગમ પ્રકાશન થાય નહીં. વિદ્યાવિષયક ખીલવણીના કારણે આ રૂઢિબદ્ધ સંસ્કારો આપણામાંથી ઘણા ઓછા થયા છે, પરંતુ સર્વથા તે ગયા નથી. જે ગતિપૂર્વક વિદ્યાવિષયક ખીલવણી દેશમાં થતી ચાલી છે તે ગતિપૂર્વક ચાલુ રહે તો ઓછામાં ઓછા પચીશ વર્ષે આ રૂઢિબદ્ધ સંસ્કારો સર્વથા જવાને જોઇએ. આ પ્રકારે ૨૫ વર્ષ સુધી રાહ જોતાં, આવા કાર્યની સામે એક મોટો ભય આવી ઉભો રહે તેમ છે. ધર્મચુસ્ત વર્ગની એક એવી ફર્યાદ ચાલુ થઈ છે કે, પશ્ચિમ ભણીની કેળવણીથી તરૂણ જમાનો નિવૃત્તિ માર્ગ કરતાં પ્રવૃત્તિ માર્ગે વિશેષ વધ્યો જાય છે. જે ગતિએ તે વધ્યો જતો માનવામાં આવે છે તે ગતિની ગણત્રી ધ્યાનમાં લેતાં, પચીશ વર્ષ પછી હમણાં કરતાં બહુપણે પ્રવૃત્તિ માર્ગે શું ચઢી ન જાય ? અને ચઢી જાય તો રૂઢિબંદ્ધ સંસ્કારો સર્વથા જાય ત્યાં આ નવો ભય આ મહાન્ કામની સામે આવીને ઉભો રહેવા શું સંભવ નથી ? આ દૃષ્ટિ લેતાં, અત્યારનો સમયજ આ કાર્યને અંગે સર્વથી સારો છે, કારણ કે પશ્ચિમ ભણીની કેળવણી પામેલો વર્ગ હજુ નિવૃત્તિ અને પ્રવૃત્તિ માર્ગના સંસ્કારોની મધ્ય સ્થિતિમાં છે. "

જે દેશ, સમાજ કે ધર્મ, પોતાની ભવિષ્યની સ્થિતિનો ઓછામાં ઓછા એક જમાના પહેલાં-અગાઉ, ખ્યાલ-માપ કરી શકે તેવા સંતાનો ઉત્પન્ન કરતાં નથી, તે દેશ, સમાજ કે ધર્મ પોતાના ભવિષ્યનું હિત સાચવવામાં અવશ્ય બેનસીબ રહે છે. દરેક દેશે, દરેક સમાજે અને દરેક ધર્મે પોતાને વિષે એવા સંતાનો ઉત્પન્ન થયેલા ઇચ્છવા જોઇએ કે જે અગાઉથી પોતાના ભવિષ્યના હિતાહિતની સ્થિતિનો ખ્યાલ કરી લઇ તે પ્રકારનાં સાધનો તૈયાર કરાવી શકે.

કોઇ પણ વિચક્ષણ જૈનિને લાગવું જોઇએ કે, આપણી જૈન સમાજ અને ધર્મને વિષે એવાં સંતાનો બહુજ અલ્પ જોવામાં આવે છે કે જે જૈન સમાજ અને ધર્મની ઓછામાં ઓછી એક જમાના પછીની સ્થિતિનો ખ્યાલ-વિચાર-માપ અત્યારે કરી લઈ તે પ્રકારે તૈયારી કરી લેવા માટે સમાજને અગમચેતી આપતા હોય. અમે અમારી ઉક્ત યાદીમાંથી જે ભાગ ઉપર ટાંકયો છે તે સંબંધમાં પુખ્તપણે વિચાર કરનારી થોડીક સંખ્યા આપણામાં હોય તો ભલે એમ આ પ્રસંગ માટે બહાર આવેલા વિચારો પરથી અમને અનુભવ થયો છે. આપણી સમાજમાં જેઓ પોતાને અગ્રેસરો તરીકે ઓળખાવે

છે, અને સમાજ તેમ ઓળખે છે, તેઓમાંના કેટલાકોના વિચારો અમારી પાસે આવ્યા છે, તે જોઇને અમને એમજ થાય છે કે અમારી સમાજને જે અગ્રેસરોથી દોરાવાનું સર્જિત થયું છે તેઓ વીશમી શદીમાં છતાં ચૌદમી સદીના વિચારોવાળા હોઈ અમને તે સમયના વિચારપ્રવાહમાં ચલાવવા મથે છે. આવી સ્થિતિ હોઇ, અમારા ભવિષ્યના હિતાહિતની અગમચેતી કરાવે એવા સંતાનોની અમારી સમાજમાં ક્યાંથી આશા રાખી શકીએ ?

જેઓને સમગ્ર હિંદની પરિસ્થિતિ જોવાની ટેવ હશે તેઓને જોવામાં આવ્યું હશે કે દેશમાં એક છેડાથી બીજા છેડા સુધી કેળવાયલા વર્ગમાં એવો વિચાર બળવાનપણે વર્ત્તી રહ્યો છે કે બીજી બધી બાબતોનો ખ્યાલ બાજુપર મૂકી, દેશના તરૂણોને એવી કેળવણી આપો કે જેથી દેશની આર્થીક આબાદી થાય. વ્યવહારને અંગે આ વિચાર વર્તે છે એટલુંજ નથી પણ પરમાર્થને અંગે પણ આજ પ્રકારનો વિચારપ્રવાહ થઇ રહ્યો છે. પરમાર્થે, ધર્માદા, પરોપકાર આદિ અર્થે જેઓ પોતાનું દ્રવ્ય વાપરવા માંગે છે તેઓ પણ દેશની આબાદી થાય તેવા પ્રકારે યોજનાઓ કરાવે છે. મરહુમ જમશેદજી તાતા, ડૉકટર રાશવિહારી ઘોષ, આદિ પુરૂષોએ જે બાદશાહી સખાવતો કરી છે તે પણ આ દિશામાંજ કરી છે, અને આવીજ દિશામાં, પરમાર્થ અર્થે જેઓ દ્રવ્ય વાપરવા માંગે છે તેઓને વાપરવાની સલાહ આપવામાં આવે છે. ટુંકમાં કહેવાનો હેતુ એવો છે કે અત્યારે સર્વત્ર એવી બુમ (cry) છે કે જેથી માનવ જાતિનું " વ્યવહારૂ ભલું ." (practical good) થાય તે રસ્તે ધર્માદો થવો જોઇએ. આગમ પ્રકાશનને માટે રકમ કાઢી આપનાર ગૃહસ્થ મી૦ પુંજાભાઇ હીરાચંદને પણ આ જાતની અનેક સ્થળોથી ભલામણો થઈ હતી.

" વ્યવહારૂ ભલું " (practical good) કરવાની અત્યારે જે બુમ છે તે બે કારણોથી દિનપ્રતિદિન વધતીજ જવાની. એક તો હીંદની આર્થીક સ્થિતિની નબળાઇ અને બીજું અત્યારની કેળવણીથી ધર્માદાની વિચારાયેલી પદ્ધતિ. અત્યારની ધર્માદાની એ પદ્ધતિ છે કે જેથી માનવ જાતને વ્યવહારમાં લાભ થઇ શકે તે ધર્માદો યોગ્ય છે. આ બે કારણોથી " વ્યવહારૂ ભલું " કરવાના સંસ્કારો એટલી હદ સુધી વધવા પામવાનો અત્યારથીજ એવો સંભવ દેખાય છે કે, જેમાં પ્રત્યક્ષ ' વ્યવહારૂ ભલું ' નહીં દેખાય એવા ધર્મકાર્યોને અંગે થતાં ધર્માદા ખર્ચને ઉગતી પ્રજા માત્ર દ્રવ્યનો ગેરવ્યય (mere waste of money) તરીકેજ ગણશે.

અમે એમ કહ્યું કે જેનાથી પ્રત્યક્ષ હિત નહીં દેખાય એવા ધર્માદા ખર્ચને માત્ર દ્રવ્યનો ગેરવ્યય ગણશે એવી હદ સુધી ' વ્યવહારૂ ભલા ' (practical good) ના સંસ્કારો ભવિષ્યમાં પહોંચશે. શા માટે ભવિષ્યમાં ? અત્યારે પણ તેવા સંસ્કારો કયારનાય ઉત્પન્ન થઇ ચૂક્યા છે. અત્યારે થોડીક સંખ્યા કેળવણી પામેલા માણસોની છે: જ્યારે બીજા પ્રકારની એવી સંખ્યા છે કે આવા કાર્ય પાછળ થતાં ખર્ચને માટે અમને કહે છે કે આવા કાર્ય કરવામાં " થોડુંક ભલું " (little good) છે. એવા કામ પાછળ ખર્ચ કરવું જોઇએ કે જેથી " વ્યવહારૂ હિત " (practical good) એવું જોઈએ કે જેથી " વધારે ભલા " (greater good) નો નિયમ સચવાય. અર્થાત્

અત્યારે એવા કેળવણી પામેલા માણસો મળી આવે છે કે જેઓ સાહિત્યવિષયક આદિ ધર્મ વૃત્તિઓમાં "થોડુંક ભલું" જુએ છે અને જેમાં માનવ જાતને પ્રત્યક્ષ લાભ થાય તેવા કાર્યને વિશેષે ઇચ્છે છે. આ બીજા વર્ગના માણસો કરતાં જેઓ આવા પ્રકારના કાર્યને માત્ર દ્રવ્યનો ગેરવ્યય ગણે છે એવાં માણસોની સંખ્ય થોડી છે.

આ સંખ્યા થોડી છતાં તે હમેશાં વધતી જવાની, કેમકે પશ્ચિમ ભણીના દેશોમાં બુદ્ધિ ગ્રહણ કરે તેજ પ્રકારમાં સમાજનો વ્યવહાર હોય તેને ધર્મતરીકે ઓળખવામાં આવે છે. આવા પ્રકારના વાદને Rationalism કહેવામાં આવે છે. યુરોપ અને અમેરિકાની અંદર એવી અનેક સંસ્થાઓ ઉત્પન્ન થઈ છે કે જે માત્ર ધર્મ તેને કહે છે કે જે બુદ્ધિને ગ્રાહ્ય થઇ શકે. આ વિચારની ત્યાં એટલી બધી અસર થવા પામી છે કે ક્રિશ્ચીઍન આદિ કરોડો મનુષ્યોની સંખ્યા ધરાવતા ધર્મો ભયમાં પડયા છે કે આ નવો વાદ, તેના (ક્રિશ્ચીઅન આદિ ધર્મોના) પાયા હચમચાવી મૂકશે-ડામાડોળ કરી નાંખશે. આ નવા Rationalism વાદની હવા આપણા દેશમાં કયારની આવી પહોંચી છે. આપણા દેશના ઘણા કેળવાયેલા તરૂણો એ વાદને માન આપવા લાગ્યા છે, જ્યારે ધર્મવદોને માત્ર ખ્યાલીવાદો (Sentimentalism) તરીકે ઓળખે છે.

અત્યારે "વ્યવહારૂ ભલા" (practical good) ના સંસ્કારો છે તે જ્યારે Ralionalism વાદના સહવાસો થઈ વર્ધમાન થવા માંડશે ત્યારે આપણા દેશમાં એવા ઘણા કેળવાએલા તરૂણો નીકળશે કે જે ધર્મસાહિત્યવિષયક ધર્માદા ખર્ચોને "માત્ર દ્રવ્યનો ગેરવ્યય" ગણવાના. અત્યારે જે સ્વરૂપ આ વિચારનું જણાય છે તે એક જમાના પછી વધીને કેટલું જશે તે, જેઓ "જગત્ વિચારોના અવલોકન કરનારાઓ" છે તે કહી શકે તેમ છે.

આ અમોએ આલખેલું ચિત્ર નજરમાં રાખવાની ભલામણ કરી હવે એક બીજું ચિત્ર આલેખીએ છીએ. આપણા દેશમાં કેળવણી પામેલો વર્ગ (Educated class) બહુધા એવો વિચાર ધરાવતો થયો છે કે વિચાર શૂન્ય દુરાગ્રહી વિચારો ન જોઇએ. ખુદ નામદાર ગાયકવાડ સરકારે આવા ભાવમાં એક જૈન પરિષદને લખ્યુ હતું. આજ્ઞામૂલક ધર્મ વિચારો ન જોઇએ એવી ભાવના દિન પ્રતિદિન વધતી જાય છે; અને તે વધતી જવાની. આજ્ઞામૂલક વિચારો ન જોઇએ એથી આજ્ઞામૂલક ધર્મપરરૂચી ઓછી થવાની એ વાત બાજુએ મૂકી અત્યારે અમારે તે પ્રસંગ એટલા માટે દોરવવો પડયો છે કે, દુરાગ્રહી (Dogmatic) વિચારોને નહીં સ્વીકારનારો આ કેળવાએલો વર્ગ, "આગમ પ્રકાશન થાય નહી", અથવા "ગૃહસ્થોથી આગમનું માત્ર શ્રવણ થઇ શકે, વાંચન થઇ ન શકે" એવા વિચારો સ્વીકારવાની ના પાડે છે. આવા વિચારો ધરાવનાર વર્ગ એક જમાના (ત્રીશ વર્ષ) પછી ઘણો મોટો વધી જવાનો એ નિઃસંશય વાત છે.

અત્યારના સંજોગો જોતાં એટલું તો તરત અનુભવમાં આવી શકે એવું છે કે આપણે પશ્ચિમ તરફની કેળવણી લીધા વિના હવે છૂટકો રહ્યો નથી. આજે જે પ્રમાણમાં એ કેળવણી છે તે પ્રમાણુ કરતાં એક જમાના પછી તે કેળવણી ઘણી વધવાના દરેક સંભવ છે.

આ વાત પણ સત્ય છે કે આપણા આધેડો અને વૃદ્ધોની જગોએ ત્રીશ વર્ષે (એક જમાનો–Generation) પછી તરૂણો આવશે. એ તરૂણોના હાથમાં સમાજ અને ધર્મ અને બીજી તમામ પ્રવૃત્તિઓનો અધિકાર જશે.

અમને એમ કહેવામાં આવે છે કે, કેળવણીના પ્રતાપે દુરાગ્રહી (Dogmatic) વિચારો ઓછા થતા હોઇ, જયાંસુધી મોટી સંખ્યા દુરાગ્રહી (Dogmatic) વિચારોથી પ્રતિકૂળ વિચારો ધરાવનારી થાય ત્યાં સુધી આગમ પ્રકાશનનો વિચાર કરવાની અધીરજ કરવી નહીં. અમને વળી એમ કહેવામાં આવે છે કે અત્યારે આજ્ઞામૂલક વિચારોના શ્રદ્ધાળુઓ "આગમ પ્રકાશન થાય નહીં, શ્રાવકોથી આગમનું વાંચન ન થઈ શકે–શ્રવણ માત્ર થઈ શકે." એવા વિચારો ધરાવતા હોઈ, આગમપ્રકાશનની તરફેણમાં થતાં નથી; પણ જ્યારે આવા વિચારો ધરાવનારાઓ આધેડો અને વૃદ્ધોની જગોએ તરૂણો આવશે ત્યારે આગમપ્રકાશનની બધાં તરફેણજ કરવાના; અને સરળતાથી આગમ પ્રકાશનનું કામ થઇ શકશે. માટે આવો વખત આવે ત્યાં સુધી ઢીલ કરવી.

આમ કહેનારાઓને અમે એમ એમ જણાવવા માંગીએ છીએ કે એ વાત ખરી છે કે કેળવણીના કારણે "આગમ પ્રકાશન થાય નહીં, ગૃહસ્થોથી આગમનું વાંચન ન હોય–શ્રવણ માત્ર હોય" એવા દુરાગ્રહી (Dogmatic) વિચારો જતાં રહેશે; પણ તેવા વિચારો જતાં રહે ત્યાં સ્થિતિ કેવા પ્રકારની આવીને ઉભી રહેશે? અમે એમ કહીએ છીએ કે સ્થિતિ એવા પ્રકારની આવીને ઉભી રહેશે કે અમારા તરૂણોને આગમ પ્રકાશનને અંગે પ્રયત્ન કરવાનીજ બુદ્ધિ નહીં થાય; કેમકે અમારા તરૂણો એવા સંસ્કારવાળા દિવસે દિવસે વધતા જ જવાના કે જેઓ (૧) દેશની આર્થીક નબળાઇના કારણથી (૨) વ્યવહારૂ ભલું (practical good) કરવાના અભિપ્રાયથી અને (૩) બુદ્ધિગમ્યવાદ (Rationalism)ના વિચારોની અસરથી ધર્મોને માત્ર ખ્યાલી વાદો (Sentimentalism) માની ધર્મ સાહિત્યને પ્રકટ કરવા માટેના ખર્ચને "માત્ર દ્રવ્યનો નિરર્થક વ્યય" ગણવાના અભિપ્રાયવાળા થશે. આવા અભિપ્રાય ધરાવનાર તરૂણો–કે જે તરૂણોના હાથમાં એક જમાના (ત્રીસ વર્ષ) પછી આધેડો અને વૃદ્ધોનો સર્વ વહીવટ અવશ્ય જવાનો–તરફથી એવી આશા કયાંથી રાખી શકાય કે, તેઓ ધર્મસાહિત્ય (આ સ્થળે આગમ સાહિત્યના) પ્રકાશનની દરકાર કરશે?

ભવિષ્યની સ્થિતિ અમને આવા પ્રકારની લાગતી હોઇ, અમે આ દિશામાં પ્રયત્ન કરવાનો સમય અત્યારનો અનુકૂળ છે એમ માન્યું છે, કારણ કે પશ્ચિમ ભણીની કેળવણીથી ઉપજતા સંસ્કારો હજુ પોતાની મર્યાદિત હદમાં છે. અત્યારે પશ્ચિમ ભણીની કેળવણી લીધેલો વર્ગ હજુ ધર્મના વિચારોમાં સારી પેઠે શ્રદ્ધાળુ હોઇ Rationalism ની અસર તળે થોડોજ મૂકાયો છે.

બીજી તરફથી આપણો રૂઢીબદ્ધ સમાજ (Conservative Society) પોતાનું બળ બતાવવા પ્રયત્ન કરે છે, છતાં તેમાં કુદરતી શિથિલતા આવી ગયેલી હોઇ, આવાં પ્રયત્નોને આડે આવી શકે એવા સંજોગો બહુ ઓછા થઈ ગયા છે. આ કારણથી પણ અમને આ સમય અનુકૂળ લાગે છે.

આ સમય અનુકૂળ લાગવાનું ત્રીજું કારણ અમને એ લાગે છે કે, વ્યવહારૂ સ્થિતિ (practical situation) આવા પ્રયત્નની તરફેણમાં છે. રૂઢીબદ્ધ સમાજ પોતાની પ્રતિકૂળતા ગમે તેવી રીતે વાચામાં દાખવે, પણ આટલું તો ખરૂં છું કે, શુદ્ધ, સરળ દેશભાષામાં આગમો તૈયાર થાય તો અમારી સમાજને તે આગમો લીધાં વિના છુટકો નથી; કારણ કે રૂચિવાન્ સાધુઓ અને ગૃહસ્થો શુદ્ધ અને દેશ ભાષામાં તૈયાર થયેલાં ધર્મ સાહિત્યના જિજ્ઞાસુઓ હજુ આપણે વિષે વિદ્યમાન છે. અમે સંપૂર્ણપણે માનીએ છીએ કે આવા ધર્મસાહિત્યના જિજ્ઞાસુઓ અત્યારે જે સંખ્યામાં મળે તેમ છે તે સંખ્યામાં એક જમાના પછી મળવાનો બહુ ઓછો સંભવ છે. આ સ્થિતિને અમે વ્યવહારૂ સ્થિતિ (practical situation) કહીએ છીએ.

ઉપર દોરેલી હકીકત પછી અમારો આગમપ્રકાશનનો આગ્રહ અધીરજ વાળો નહીં લાગતાં વખતસરનો (timely) લાગશે એમ અમે આશા રાખીએ છીએ.

આ ઉપરથી દર્શાવેલાં કારણો ઉપરાંત હજુ અમારી પાસે એક વિશેષ બળવાન કારણ છે. જેઓએ પાશ્ચાત્ય કેલવણીના આરંભથી તે અત્યાર સુધીના સમયનો ઇતિહાસ વિચાર્યો હશે તેઓના અનુભવમાં આવ્યું હશે કે જે સંખ્યામાં પ્રથમ મુનિરાજો ઉત્પન્ન થતા હતા, અથવા ગૃહસ્થો દીક્ષિત થતા હતા, તેટલા હાલમાં થતા નથી. બીજું એ અનુભવમાં આવ્યું હશે કે સંપૂર્ણ પાશ્ચાત્ય કેળવણી લીધેલ મનુષ્યોમાંથી એક પણ મનુષ્ય દીક્ષિત થયા નથી. આ બે વાત ધ્યાનમાં રહે તો જણાવું જોઇએ કે એક જમાના પછી દીક્ષા લેનારાઓની સંખ્યા ઓછી થશે, અને કેલવણી પ્રાપ્ત વર્ગમાંથી દીક્ષા લેનારાની તો આશા જ લગભગ નહીં જેવી છે.

વસ્તુતઃ સ્થિતિ આવી હોવાનો સંભવ હોઇ, અમે એમ માનીએ છીએ કે, આગમને જેવા સમજવાવાળા મુનિરાજો અત્યારે છે તેવા એક જમાના પછી મળવાનો બહુ ઓછો સંભવ છે. આમ હોઈ, આગમ પ્રકાશનને અત્યારે વિદ્યમાન મુનિરાજોના જ્ઞાનની જે સહાયતા મળે તેમ છે, તે ભવિષ્યમાં મળવાનો ઓછો સંભવ છે. ધી ઑનરેબલ ફ્રાનીકલે પણ અત્યારે વિદ્યમાન મુનિરાજોની સંસ્થાનો લાભ લેવાની અમને સલાહ આપી છે તે અમને કેવળ યોગ્ય લાગે છે. વળી જ્યારે વસ્તુ સાધ્ય (practical view) લઇએ છીએ ત્યારે પણ અમને એમ લાગે છે કે, આગમના જાણનાર અને તેના પ્રકાશનને ઉત્તેજન આપનાર તરીકે અત્યારે જેટલા મુનિરાજો નીકળશે તેટલા એક જમાના પછી નહીં નીકળે. કારણ પશ્ચિમની કેળવણી તેવા મુનિરાજો ઉત્પન્ન કરવા દે એજ સંશયાત્મક છે એમ અમે ઉપર બતાવ્યુ છે.

અમારી સન્મુખ આવા સંજોગો ઉભાં રહેતાં અમે આ સાહસ ઉપાડવાના પ્રયત્ન તરફ દોરાયા છીએ; એટલે કે અમે માનીએ છીએ કે આગમનો ઉદ્ધાર કરવા માટે જેવો આ સમય અનુકૂળ છે તેવો અનુકૂળ સમય ભવિષ્યમાં નહીં રહે. એવી વસ્તુ સ્થિતિ (practical situation) અમને લાગતાં અમે આ કાર્યને અંગે આગ્રહ રાખીએ છીએ. અમારા જે મિત્રો અમને "ખ્યાલી ભલું" (Sentimental good) કરવા કરતાં "વ્યવહારૂ ભલું" (practical good) કરવાને પ્રયત્ન શીલ થયેલા જોવા ઇચ્છે છે તેઓને અમે માનપૂર્વક જણાવીએ છીએકે, અમને એવી પ્રતીતિ છે કે મનુષ્યજાતને " વ્યવહારૂ ભલું "

કરવાને માટે ઇંતેજાર રહેવાનું જે તમો અમો ઇચ્છીએ છીએ તે "વ્યવહાર ભલું" શીખડાવનારઆ શાસ્ત્રો હોઇનેજ અમે તેના પ્રત્યે પ્રેરાયા છીએ. આ શાસ્ત્રોએ જે દયાનો સિદ્ધાંન આપણામાં જન્માવ્યો છે તે દયાનો સિદ્ધાંત બરાબર સમજાવનાર શાસ્ત્રો જગત્ માં હૈયાત હશે તોજ "વ્યવહાર ભલું" (practical good) કરવાની બુદ્ધિ આવશે; જડ-વાદાત્મક (Materalistic) કે બુદ્ધિવાદત્માક (Rationalistic) શાસ્ત્રોથી "વ્યવહાર ભલુ" કરવાની બુદ્ધિ આ શાસ્ત્રો જેટલી નહીં ઉત્પન્ન થાય એમ અમે અનુભવ પૂર્વક માનીએ છીએ.

"મુંબઈ સમાચાર" પત્રે અમારી આ યોજનાના સંબંધમાં પોતાના તા. ૧૨ મી સપ્ટેમ્બર ૧૯૧૩ના અંકમાં પોતાના "જૈન" લેખકદ્વારા એક લંબાણ લેખ લખાવ્યો છે. આ સમય આ કાર્યને અંગે સૌથી વિશેષ અનુકૂળ છે એવી અમારી માનીનતાને અંગે આ પ્રખ્યાત પત્ર નીચે પ્રમાણે વિચારો દર્શાવી, અમારા વિચારોને અનુમોદન આપે છે:--

"યોજનાના યોજકોએજ પોતાના વિજ્ઞપ્તિપત્રમાં કબુલ રાખ્યું છે તેમ આ સમય આવી હીલચાલ ઉપાડી લેવાને માટે સૌથી અનુકૂળ છે: અને તેને હવે ઢીલમાં નાંખવાથી નુકશાન થવાનો જે સંભવ તેઓ બતાવે છે તે માત્ર આ સૂત્રના ગ્રાહકોને સમજાવવા માટે-નો નથી; પણ **કોમની ખરી સ્થિતિનું અવલોકન કરનારો છે. તેઓ તદ્દન વાજબી રીતે** જણાવે છે તેમ આગલા જમાનાના જે રૂઢીબદ્ધ સંસ્કારો આ જાતના કાર્યને અને બીજાં અનેક સુધારક કાર્યને નડતરરૂપ છે તે તદ્દન અદશ્ય થવાને માટે હજુ બીજાં પચીશ કે વધુ વરસ જોઈશે; અને તે તદ્દન અદશ્ય થતાં સુધી દરેક સુધારકે ખીલવણીના કાર્યને અભરાઈએ ચડાવી રાખવું પાલવે તેમ નથી. બીજાં પચીશ વર્ષસુધી રાહ જોવાનું પસંદ કરવામાં આવતાં એક નવા ભયની **જે ગણત્રી તેમણે કરી છે તે કલ્પના કરતાં દીર્ઘદૃષ્ટિને વધારે આભારી છે.** તેઓ જણાવે છે કે 'ધર્મચુસ્ત વર્ગની એક એવી ફર્યાદ ચાલુ થઈ કે પશ્ચિમ ભણીની કેળવણીથી તરૂણ જમાનો નિવૃત્તિ કરતાં પ્રવૃત્તિ માર્ગે વિશેષ વધ્યો જાય છે. જે ગતિએ તે વધ્યો જતો માનવામાં આવે છે તે ગતિની ગણત્રી ધ્યાનમાં લેતાં પચીશ વર્ષ પછી હમણાં કરતાં બહુપણે પ્રવૃત્તિ માર્ગે શું તે ચઢી ન જાય ! અને ચઢી જાય તો રૂઢીબદ્ધ સંસ્કારો સર્વથા જાય ત્યાં આ નવો ભય આ મહાન્ કામની સામે આવીને ઉભો રહેવા શું સંભવ નથી ? **આ ગણત્રી આ કાર્યની નજરે જોતાં તદ્દન વાજબી છે.**"

આટલો ભાગ છપાયા બાદ ભવિષ્યની સ્થિતિનું જે ચિત્ર અમેં દોર્યું છે, તે ચિત્ર કલ્પનારૂપ નથી પણ વાસ્તવીક છે તેવું સાબીત કરનારો એક વિશેષ પુરાવો મળ્યો છે. યુનીવર્સિટીની અંદર પંડિતોની પરીક્ષા લઈ તેઓને ડીગ્રીઓ આપવાનું કામ યુનીવર્સિટીઓએ માથે લેવું એવી એક દરખાસ્ત યુનીવર્સિટીની અંદર મુકાઈ છે. તેની વિરૂદ્ધમાં અત્યારના સંસ્કાર પામેલા કેટલાક વિદ્વાનો થયા છે. એવા વિરૂદ્ધ થયા છે કે આજથી સો વર્ષ ઉપર કોઇને કલ્પના પણ ન હોય કે હીંદુ સંતાનોને પંડીતોની સંસ્થા એ નિરૂપયોગીજ નહીં પણ હાનીરૂપ લાગે. પુનાની ફેરગ્યુસન કૅાલેજના પ્રીન્સીપાલ અને સીનીયર રેંગલર ઓન૦ મી. પ્રાંજપે આ દરખાસ્તની વિરૂદ્ધ થતાં નિચે પ્રમાણે બાલ્યા હતા:—

"યુનીવર્સીટીએ જ્યારે જ્યારે જ્ઞાનની નવી નવી શાખાઓ દાખલ કરી ત્યારે ત્યારે તે દાખલ કરવાને માટે ઉદાર શિક્ષણને કારણે દલીલ કરવામાં આવી હતી. મારા અભિપ્રાય પ્રમાણે પંડિતો અને મોલવીઓનું પરંપરાથી ચાલ્યું આવતું શિક્ષણ ઉદાર શિક્ષણ નથી. પંડિતો યુરોપી વિદ્વાનો અને બીજાઓને ઘણા ઉપયોગી હશે, પણ તેમને ઉત્તેજન આપવું તે ઉદાર શિક્ષણને ઉત્તેજન આપવા જેવું નથી. જ્યારે તેઓએ વેપારની ફેકલ્ટી દાખલ કરી ત્યારે તે લોકોપયોગી છે એવી દલીલ કરી ન હતી. પણ વાણિજ્યની ઉચ્ચતર શાખાઓનો અભ્યાસ એ ઉદાર શિક્ષણ છે એવી દલીલ કરી હતી. પરાપૂર્વની શિક્ષણ પદ્ધતિ ભરડવાની શક્તિ ખીલવે છે, અને અસંખ્યવાર યાદદાસ્તીનો અતિશય ઉપયોગ કર્યાની પદ્ધતિ વખોડી કાઢેલી છે. ભરડુદાસો એ કંઇ ખરા કેળવાયલા મનુષ્યો નથી એવું ડા. ભંડારકરેજ કહ્યું છે. હવે જો એમ કહેવામાં આવે કે જીવતાં પંડિતોની યાદદાસ્તીમાં જે જ્ઞાનનો ભંડાર ભરેલો છે તે કીમતી છે, તો નવી પ્રજાને તે ભરડવાની પાછી ફરજ પાડવા કરતાં તે લખી કાઢવાને પંડીતોને ઉત્તેજન આપવું જોઇએ. તેઓને જેટલું ખબર છે તેટલું તેઓ લખી કહાડે તો તેમનું જ્ઞાન ખુટી જશે અને પરાપૂર્વની શિક્ષણપદ્ધતિને ઉત્તેજન આપવાની જરૂર રહેશે નહિ. ઘણા પંડિતો પોતાના છોકરાઓને આધુનિક શિક્ષણ આપે છે માટે તેથી જણાય છે કે પંડિતો પોતાના શિક્ષણની કિમ્મત ઓછી ગણે છે. અને પુરાતન જ્ઞાનના હિમાયતીઓ પણ પોતાનાં બચ્ચાંઓને આધુનિક પદ્ધતિ છોડી જુની પદ્ધતિ ગ્રહણ કરવાનું ઉત્તેજન આપશે નહિ. પુરાતન પરાપૂર્વથી ચાલી આવેલું શિક્ષણ અને હાલનું શિક્ષણ એક બીજાને ગોઠતું આવશે નહિ. હાલના વિચારોની કસોટીમાં જુનું શિક્ષણ ટકી શકશે નહિ."

જે વિચારવાળી કેળવણી મી. પ્રાંજપેએ લીધી છે તેજ વિચારની કેળવણી અત્યારે સામાન્યપણે સર્વત્ર લેવાય છે, અને જૈનોના સંતાનો પણ તેજ કેળવણીમાં ઉછરે છે અને ભવિષ્યમાં ઉછરવાના. જે પદ્ધતિની કેળવણીથી મી. પ્રાંજપે અત્યારે સંસ્કૃત જ્ઞાનના ફેલાવા વિરૂદ્ધ થયા છે તેવીજ પદ્ધતિ ઉપર શીક્ષણ લેતો આપણો હાલનો યુવકવર્ગ ભવિષ્યમાં, આપણા ધર્મ વિચારો સંબંધે તેવી વિરૂદ્ધતા દર્શાવે એ શું સંભવીત નથી? અને તેવો સંભવ ઉભો થવા પામે તો ધર્મસાહીત્યજ્ઞાન તેઓના હાથે ઉદ્ધાર પામે એ શું સંભવીત છે? આ રીતે અમે અત્યારના વિચારવાતાવરણની અસર ભાવીમાં શું થવા યોગ્ય છે તેના વિચારપૂર્વક આ કાર્ય હાથ ધર્યું છે.

સંશોધન અને ભાષાંતરોની શુદ્ધ.

અમને જાણીને સંતોષ થાય છે કે, ગૃહસ્થોને માટે આગમનું વાંચન સર્વથા પ્રતિબંધમાં હોવું એ અત્યારના બદલાયેલા સંજોગોમાં લાભદાયક નથી એવી ઘણા જૈનભાઇઓની માનીનતા હવે થયેલી છે. આમ છતાં તેઓના મનને વિષે એમ રહે છે કે, આગમના સંશોધન અને ભાષાંતરોની શુદ્ધિ બરાબર રહેવી જોઇએ. આ સંબંધમાં અમે જણાવવા આજ્ઞા લઇએ છીએ કે, અમો—અમારામાં—માણુસ જાતમાં જેટલી શક્તિઓ—સાધનો હોય તેટલાં કામે લગાડવામાં પછાત નહીં પડીએ. અમારી જવાબદારી (Responsibility)

નો અમને પૂર્ણ ખ્યાલ છે. અમે સારી પેઠે જાણીએ છીએ કે, શ્રી પ્રભુના એક વચનનુ પણ અમારી બેદરકારી કે સ્વચ્છંદથી અન્યથા પ્રરૂપણ થયું તો અમારે અનેક કર્મો બાંધવાં પડશે અને તેનું ફળ ભોગવ્યા વિના અન્ય કોઈ ઉપાય નથી. આ સ્થળે એક વાત કહેવાની છે. સંપૂર્ણ તો શ્રી સર્વજ્ઞજ છે. માણસ જાત ભૂલને પાત્ર છે; એટલે સંપૂર્ણતાનો અમને ફાંકો નથી. " સર્વોત્કૃષ્ટ સારૂં " (greatest good) કરતાં " વધારે સારૂં " " greater good " ના નિયમને અનુસરી અમારૂં કામ તૈયાર થયેલું જોવાની બુદ્ધિ રાખવા સમાજને વિનંતિ છે. બુદ્ધિની મંદતાથી કોઈ દોષ થવા પામે તો નિંદજો નહીં, પણ સુધારજો. એટલું યાદ રહે કે, બીલકુલ નહીં થાય તેના કરતાં થોડું પણ થશે તો તેટલો લાભ થશે, એક વખત ભૂલ થશે તો બીજીવાર સુધરશે. આ દૃષ્ટિએ જોવાથી આપને નિરાશ નહીં થવું પડે. ભાષાન્તરની શુદ્ધિ માટે અમારી સર્વ શક્તિઓ કામે લગાડવાનું અમે કહ્યું છે છતાં એ દૃષ્ટિ રાખજો કે, જ્ઞાની અને તેમાં પણ સંપૂર્ણ જ્ઞાનીના વચનોનો એવો પ્રભાવ હોય છે કે, તેનો લાભજ મળે છે. એનો એક દાખલો આપીએ. પ્રોફેસર મણીલાલ નભુભાઇએ આચાર્ય ભગવાન્ શ્રીમદ્ હરિભદ્ર સૂરિના ' ષડ્દર્શનસમુચ્ચય ' ગ્રંથનું ભાષાંતર કર્યું છે. એ ભાષાન્તરમાં કેટલીક ભૂલો રહેવા પામી છે એ ખરૂં છે, પરંતુ તે વાંચીને ઘણા કેળવાએલા તરૂણ જૈનોને તે ચમત્કારીક પુસ્તક લાગ્યું. તે પુસ્તક યુનિવર્સિટિમાં તત્વજ્ઞાનના તુલનાત્મક અભ્યાસ (Comparative study of philosophy) ને લાયક લાગ્યું. આ ઉપરથી સ્વ૦ ભાઈ ગોવીંદજી મેપાણીએ તેનું અંગ્રેજીમાં ભાષાન્તર કરવાનું કામ તેઓ ઇંગ્લંડ ગયા, ત્યારે એક પાશ્ચાત્ય વિદ્વાનને એક હજાર રૂપીઆના લવાજમથી સોંપવાની ગોઠવણ કરી હતી. મી૦ મેપાણીના સ્વર્ગવાસ પછી તેનું શું થયું તે હજુ જાણવામાં જો કે આવ્યું નથી. જો પ્રો. મણીલાલનું ભાષાન્તર ગુજરાતી ભાષામાં ન થયું હોત, તો તરૂણ જૈનોને ઉપયુક્ત ચમત્કાર લાગ્યો તે લાગવાનો કદાપિ પણ પ્રસંગ આવતજ નહીં.

ભાષાંતરોમાં નિષ્પક્ષપાતતા–સર્વ ગચ્છોએ–સ્થાનકવાસી સુધાંએ નિશ્ચંત રહેવું.

આગમનાં ભાષાન્તરો કેવળ નિષ્પક્ષપાત અને મધ્યસ્થજ થવાનાં. કોઇ પણ ગચ્છની માનીનતા દૃઢ કરવાની બુદ્ધિએ અથવા કોઈની માનીનતાનું ખંડન કરવાની બુદ્ધિએ ભાષાંતરો નહીંજ થાય. માત્ર સાહિત્યદૃષ્ટિએ ભાષાશાસ્ત્ર (Science of languages) અને ભાષાવિવેકશાસ્ત્ર (Philology) ના નિયમાનુસારજ ભાષાંતરો થવાના. એટલું પણ સ્મરણમાં રહે કે, સર્વ ગચ્છોને રંજન કરવાની બુદ્ધિએ અર્થોને કૃત્રિમ બનાવવામાં નહીં આવે. ભાષાશાસ્ત્ર અને ભાષાવિવેકશાસ્ત્ર જેમ અર્થ કરવાનું ફરમાવતાં હશે તેજ પ્રમાણે ઘટાવવામાં આવશે. કોઈ પ્રસંગો એવાં હોય કે જ્યાં એક શબ્દના જૂદા જૂદા અર્થો થતાં હોય ત્યાં આગળ જૂદા જૂદા વિદ્વાનોના કરેલા અર્થ અભિપ્રાય સાથે તથા સંસ્કૃત, પ્રાકૃત, પાલીઆદિ કોષોની શાખો સાથે આપવામાં આવશે. કહેવાનો મતલબ કે, માત્ર સાહિત્યદૃષ્ટિ (Purely literary point of view)થીજ અર્થો ભરાશે. કોઇ ગચ્છને વિના કારણે રંજન કરવાની બુદ્ધિએ કે, કોઈ ગચ્છના ખંડનમંડનની બુદ્ધિએ અર્થો ભરાશે નહીં.

અમારી યોજનામાં **૪૫** આગમો પ્રકટ કરવાની ખબર અપાઇ છે તેથી **સ્થાન**કવાસીભાઇઓ કે જેઓ **૩૨** સૂત્રો માને છે તેઓને વિષે એવો ખ્યાલ થયેલો **સંભળાયેલો છે** કે, **શ્રી વીત**રાગ મુદ્રાના અવલંબન લેનાર ગચ્છોના પક્ષપાતમાં અને **સ્થાન**કવાસીઓનાં **અ**પક્ષપાતમાં અર્થો થશે. અમારે અહીં આ સંબંધમાં શ્વેતામ્બર સંપ્રદાયના સર્વગચ્છો—**સ્થા**નકવાસી સુધાંને સ્પષ્ટ કહી દેવાનું કે, અમારાં ભાષાંતરો કોઇ પણ ગચ્છના ખંડનમંડન અર્થે નહીં, પણ **ભા**ષાશાસ્ત્ર અને **ભા**ષાવિવેકશાસ્ત્રદ્વારાએ માત્ર સાહિત્ય દષ્ટિએજ થવાના એવી નિશ્ચિંતના રાખવી. અમારા વિચારકોશમાં અમે પક્ષપાતને રાખવાની ઇચ્છાજ સ્વપ્નેય કરી નથી. ટુંકમાં શ્રી વીતરાગમુદ્રાનું અવલંબન લેનાર ગચ્છો કે અવલંબન નહીં લેનાર ગચ્છોને ખોટી રીતે રંજન કરવાની બુદ્ધિએ અર્થો ભરાશે નહીં. સત્યનો પક્ષપાત રહેશે. પક્ષપાતનો પક્ષપાત નહીં થવા પામે.

અમારાં સંશોધન અને ભાષાંતરમાં શુદ્ધિ તથા નિષ્પક્ષપાતતા રહી શકશે કે કેમ તેની એકજ કસોટી (Test) છે. જેઓ એક મોટી રકમ આ કામ પાછળ ખર્ચે છે છતાં યોજના આગળ ચલાવવાને માટે અને મૂળ મુડીને હાનિ ન પહોંચે તેટલા માટે તૈયાર થયેલાં આગમોનો વિક્રય કરી પાછાં નાણા વસુલ કરવા માંગે છે, એટલે ભાષાંતરમાં જો શુદ્ધિ અને નિષ્પક્ષપાતતા ન રહેતો વેચાણ થઇ નાણાં પાછાં વસુલ કેમ થઇ શકે ? વસ્તુ સાધ્યદષ્ટિ (practical point of view)થી આ વાત વિચારવામાં આવે તો ખાત્રી થવી જોઇએ કે, અમારે શુદ્ધિ તથા નિષ્પક્ષપાતતા માટે સંપૂર્ણ કાળજી રાખ્યા વિના છુટકો નથી.

જૈન મુનિરાજો અને આગમનું સંશોધન તથા ભાષાંતરનું કાર્ય.

બહુ ઠેકાણેથી એવી સૂચનાઓ થઇ છે કે, આગમ સંશોધવાનું અને આગમનું ભાષાંતર કરાવવાનું કામ મુનિમહારાજો પાસે કરાવવું જોઇએ. અમારા મુનિમહારાજોને અમારી તા. ૧-૮-૧૯૧૩ ની યાદીમાં અમે આનું કાર્ય તેઓશ્રી માથે લે તેને માટે જાહેર રીતે આમંત્રણ કર્યું છે. આપણા મુનિમહારાજોના જૈનધર્મના તત્વજ્ઞાનના અનુભવનો અને જૈન પરિભાષાના સાંકેતિકપણાનો લાભ જેટલો બની શકે તેટલો મેળવવાની અમને પૂર્ણ જિજ્ઞાસા છે; અને તેટલા માટે અમે તેવો પ્રયાસ કર્યા વિના નહીં રહીએ. એટલુંજ નહીં પણ અમે અત્યાર સુધીમાં તેવી કેટલીક ગોઠવણ કરવા શક્તિમાન પણ થયા છીએ. આમ છતાં અમારે નિડરતાપૂર્વક જૈનસમાજને વિનંતિ કરવી જોઇએ કે જેમ બહારથી ધારવામા આવે છે તેમ જૈન મુનિમહારાજો આગમનું સંશોધન અને ભાષાંતર કરવાનું કામ નિયમિત અને વ્યવસ્થાપૂર્વક કરવાનું માથે લઇને સાંગોપાંગ પાર ઉતારે તેમ છે કે નહીં તે બાબતની સમાજે ખાસ તજવીજ કરવાની જરૂર છે. સંપૂર્ણ સંશોધન અને માગધી સંસ્કૃતનું સંપૂર્ણ શુદ્ધ અનુવાદનું કાર્ય કરી શકે તેવા મુનિરાજોની આપણામાં કેટલી સંખ્યા છે ? જે સંખ્યા હોય તે સંખ્યામાંથી [illegible]નિમહારાજો સ્થિતિચુસ્તપણાથી મુક્ત હોઇ આવાં કાર્યને અનુમોદનપૂર્વક આગમોને સંશોધન અને ભાષાંતર કરી કાર્ય સાંગોપાગ પૂર્ણ કરે તેમ છે ? એ

આદિ બાબતોની તપાસ કરી પછી આવી સૂચના કરવી યોગ્ય છે કે નહીં તેનો વિચાર કરવા અમે સમાજને આગ્રહપૂર્વક વિનવીએ છીએ. આમ છતાં અમે આ સ્થળે જાહેર કરીએ છીએ કે કોઇ પણ મુનિ મહારાજ ભગવતીજી કે બીજા ગમે તેસૂત્રના સંશોધનનું અને અનુવાદનું કાર્ય હાથ ધરવા કૃપા કરશે તો અમે અંતઃકરણપૂર્વક ઉપકાર માની તેમ કરાવવા તૈયાર છીએ. તેઓ તરફથી કોઈ પણ સૂત્રનું સંપૂર્ણ શુદ્ધ સંશોધન અને ભાષાંતર કરવાનું માથે લેવામાં આવશે તો અમે દરેક જાતની તેઓશ્રી કહેશે તે સામગ્રીઓ પૂરી પાડીશું અને તૈયાર થયે છપાવી પ્રકટ કરીશું.

છેવટમાં વિનંતિ.

આ રીતે જુદા જુદા કેટલાક અભિપ્રાયોના સબંધમાં અમે અમારા વિચારો રજુ કર્યા છે. જે પ્રકારના અમારા વિચારો છે તેને અનુસરી આ કાર્ય અમે હાથ કર્યું છે. એ કહેવું આત્મશ્લાઘારૂપ છે કે, આ કાર્ય અમે સમાજના હિતને દ્રષ્ટિમાં રાખીનેજ હાથ ધર્યું છે છતાં કહેવું યોગ્ય છે કે આ મહત્વના કાર્યને અંગે અમારે જે કાંઈ ભોગ આપવો પડશે તે નજરમાં રાખી અમારા પ્રયત્ન તરફ સહાનુભૂતિ રાખવી કે નહીં તે વિચારવાનુ કામ સમાજનું છે.

માણેકચોક,	**મનસુખલાલ રવજીભાઈ મેહતા.**
અમદાવાદ ૧-૧૧-૧૯૧૩.	માનદ કાર્યભારી, શ્રી જિનાગમ પ્રકાશક સભા.

શ્રી સત્યવિજય પ્રીન્ટીંગ પ્રેસમાં શા. સાંકલચંદ હરીલાલે છાપ્યો —અમદાવાદ.

પંડીતો અને શાસ્ત્રીઓની અગત્ય.

૧. જૈન ધર્મના સાહિત્યથી પરિચિત અને સંસ્કૃત તથા અ માગધીના ઉંચા જ્ઞાનવાન્ પંડિતો અને શાસ્ત્રીઓની આ સભાના કાર અંગે જરૂર છે.

૨. આ પંડિતો અને શાસ્ત્રીઓએ, શ્રી જિનાગમો સંશોધવાનું અને તેનું ગુજરાતી અનુવાદનું કાર્ય, સબએડીટરો (ઉપસંપાદકો) તરીકે કરવાનું છે,

૩. જેઓ આવા કાર્યથી સારી રીતે પરિચિત હોય, જેઓને સંસ્કૃત અને અર્ધ માગધી, તથા ગુજરાતી કે હીંદિ ભાષાપર સંપૂર્ણ કાબુ હોય તેઓએ પોતાની લાયકાતના પ્રમાણપત્રો સાથે પગારની માંગણી સાથે પોતાની અરજીઓ નીચેને શીરનામે મોકલવી.

૪. જેઓને આ વિષયનો વિશેષ અભ્યાસ હોય તેઓએજ અરજીઓ કરવી. સામાન્ય જ્ઞાન ધરાવનારાઓની અગત્ય નથી.

અમદાવાદ, માણેકચોક. } મનસુખલાલ રવજીભાઇ મેહતા.

તા. ૧-૧૧-૧૯૧૩. } માનદ કાર્યભારી,-શ્રી જિનાગમ પ્રકાશ,—તંત્રી.

શ્રી જિનાગમપ્રકાશકસભા.

ખબર.

આ સભા તરફથી તા૦ ૧-૮-૧૯૧૩ ને રોજ એક ચાદી બહાર પાડ-ાં આવી હતી. આ ચાદીમાં શ્રી જિનાગમોમાં સુપ્રસિદ્ધ સૂત્ર શ્રી ભગવતી મૂળ માગધી પાઠ, સંસ્કૃત ટીકા તથા તે બન્નેના ગુજરાતી ભાષાન્તર રૂ. :૦-૦-૦ (પોસ્ટેજ જુદું) ની કીમતે સંવત્ ૧૯૬૯ ના ભાદરવા ..ના પુર્ણિમા સુધીમાં યોગ્ય ગ્રાહકસંખ્યા થશે તો તૈયાર કરાવવાનું જણા-વવામાં આવ્યું હતું. અમોને જાહેર કરતાં સંતોષ થાય છે કે, અમોને ભગ-વતી સૂત્રના આ કીમતે યોગ્ય ગ્રાહકો મળવાથી આ સૂત્ર તૈયાર કરાવવાના નિર્ણય ઉપર આવ્યા છીએ. જાહેર વર્તમાન પત્રો અને જાહેર તથા ખાનગી ગૃહસ્થો તરફથી અમને એવી સૂચનાઓ થઇ છે કે, ભાદરવા શુદ પુર્ણિમાની મુદત ઘણી ટુંકી હોઇ તે મુદત લંબાવવી. તેઓની આ સૂચનાને અનુસરી અમોએ રૂ. ૩૦-૦-૦ ની કીમતથી ગ્રાહકો નોંધવાની મુદત સંવત્ ૧૯૭૦ ના મહા વદ અમાસ સુધી લંબાવી છે. માટે જેઓએ આ કીમતનો લાભ લેવો હોય તેઓ-એ હવે તે મુદત દરમ્યાનમાં પોતાના નામો નોંધાવવાની મેહરબાની કરવી.

માણેકચોક, અમદાવાદ. } મનસુખલાલ રવજીભાઇ મેહતા.

તા૦ ૧૬—૧૦—૧૯૧૩ } માન૦ ...નાગમપ્રકાશકસભા.